प्रमुखस्वामी महाराज ग्रंथ श्रेणी : २६

જેવા મેં નિરખ્યા રે

૭

(પ્રમુખસ્વામી મહારાજના સાન્નિધ્યમાં સંતોએ અનુભવેલી
તેઓની દિવ્ય પ્રતિભા, પ્રસંગો દ્વારા)

સંકલિત

પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ -૪

ઘટાડેલી કિંમત
રૂ. ૮/-

ક્રમિકા

સત્યપ્રિય સ્વામી

અમદાવાદ

'ન ગુરોરધિકં તત્ત્વં ।' ગુરુથી અધિક કાંઈ જ નથી. કેમ કે તેઓ જ જીવને ભગવાન સુધી પહોંચાડે છે. આવા પ્રગટ ગુરુહરિનાં સંભારણાંને શબ્દદેહ આપવાનો છે. સ્વામીશ્રીએ મારી જિંદગીમાં મને ખૂબ સ્નેહ આપ્યો છે.

મારી ઉંમર એ સમયે પંદરેક વર્ષની. શાળામાં અભ્યાસ કરું. વડીલો સાથે અટલાદરા જવાનું થયું.

નિર્ગુણદાસ સ્વામી ત્યારે અટલાદરા બિરાજતા હતા. પૂરા પાંચ હાથ ઊંચા. પડછંદ શરીર. પ્રભાવશાળી ચહેરો, બુલંદ અવાજ, આકર્ષક મૂર્તિ ! રૂઆબદાર વ્યક્તિત્વ ! સહેજ પણ ગાફલાઈ ચલાવી ના લે. પણ પ્રેમાળ પણ એટલા જ !

નિર્ગુણ સ્વામીને કાંઈક કામ મિષે વડોદરા જવાનું થયું. મને કહે, 'ચાલ, તારે આવવું છે સાથે ?' ઘોડાગાડીમાં ફરવા મળશે એ હરખમાં હું તૈયાર થઈ ગયો. રસ્તે નિર્ગુણ સ્વામીએ મને 'અનન્તકોટીન્દુ રવિપ્રકાશે...' એ અષ્ટક પ્રેમથી, ધીરજથી શીખવ્યું અને મોઢે પણ કરાવી દીધું. સંતોના અતિ નજીકના સંપર્કમાં આવવાનો આ મારો પ્રથમ અનુભવ હતો.

ખંભાતમાં હનુમાનની પોળમાં સ્વામીશ્રી સંસ્કૃત ભણવા માટે રહેલા. શાસ્ત્રીજી મહારાજે સ્વયં આજ્ઞા કરેલી. આ પોળમાં જ અમારું ઘર, પોળ વચ્ચે મોટો ચોક. સામે જ મકાનમાં સ્વામીશ્રીનો નિવાસ. ચાર સંતો સાથે રહે. એક બ્રહ્મચારી હતા. તે રસોઈ કરે. અમારે પહેલેથી સત્સંગ. ઘરના વડીલોને શાસ્ત્રીજી મહારાજમાં અટલ નિષ્ઠા. એટલે તેઓ સંતોની કાળજી રાખે. ઘેર થેપલાં જેવી વાનગી બનાવી હોય તો સંતોને પહોંચાડવાની કામગીરી મારે શિરે ! આવન-જાવનને કારણે સ્વામીશ્રીનો પરિચય થયો. સ્વામીશ્રીનું સાવ સરળ વ્યક્તિત્વ. એ વખતે એકવડિયો બાંધો. સાવ મિતભાષી. જરૂર પૂરતું ય

માંડ બોલે. પણ બોલે ત્યારે થાય કે સાંભળ્યા જ કરીએ ! રૂપાની ઘંટડી જેવો રણકદાર અવાજ, આજની જેમ ત્યારે પણ અંતરવેધક હતો. પણ સ્વામીશ્રીના અતિ સરળ વ્યક્તિત્વથી અતિ અહોભાવ નહીં થયેલો.

શાસ્ત્રીજી મહારાજ સતત અને સખત વિચરણમાંથી પણ અવારનવાર ખંભાત ખાસ આવતા - માત્ર એમના લાડીલા 'નારણ'દા'ની ખબર કાઢવા ! એ બહાને અમને પણ શાસ્ત્રીજી મહારાજનો લાભ મળતો. શાસ્ત્રીજી મહારાજ ખંભાત આવે ત્યારે ધનેશ્વર મહારાજ સ્વરચિત કીર્તનો સંભળાવી એમનો રાજીપો મેળવે. એક કીર્તન તો મને હજીય યાદ છે.

'ક્યાં સુધી હે ભગવંત મને તડપાવીશ તું ?...'

આવું ખંભાત એ છે જે સ્વામીશ્રીની ચરણરજથી વર્ષો સુધી પાવન થયેલું ! અહીં તસુએ તસુ તીર્થ છે ! હજીય ખંભાતની ગલીઓની હવામાં એ યુવાન સંત નારણ'દાની 'નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભુ !'ની આહ્‌લેક પડઘાય છે !

સને ૧૯૫૦માં હું મુંબઈ સ્થિર થયો. ૧૯૬૧માં ગઢડા મંદિરના કળશ મહોત્સવે ૫૧ જણે દીક્ષા લીધી. તેમાં મારા સદ્‌ભાગ્યે હું પણ દીક્ષાર્થી હતો. એ પછી છેક ૧૯૮૬માં સ્વામીશ્રી સાથે ખંભાત જવાનું થયું. સ્વામીશ્રી સાથે સંકળાયેલ સ્મૃતિસ્થળોનું વિડિયોશૂટીંગ થતું હતું. એ પોળમાં સ્વામીશ્રી સાથે બધા ગયા. સ્વામીશ્રી રહેતા એ મકાનની વિડિયોગ્રાફી થતી હતી. ત્યાં સ્વામીશ્રીએ વિડિયોગ્રાફરનું ધ્યાન દોર્યું : 'જો સામે દેખાય છે તે, પેલી સાઇકલ પડી છે તે સત્યપ્રિયનું મકાન !' પચાસ વર્ષેય આટલી અદ્‌ભુત સ્મૃતિ ! કેવી આત્મીયતા !

* * *

ગુણાતીત પરંપરાનું એક વિશિષ્ટ અંગ છે - સેવા. શાસ્ત્રીજી મહારાજે જે દાખડો કર્યો તેનો તો ઇતિહાસ છે. યોગીબાપાનું તો જીવન જ સેવામય હતું. એમને તો સપનાંય સેવાનાં જ આવતાં !

સ્વામીશ્રી સાથેનો ૧૯૬૫નો આ પ્રસંગ છે. અટલાદરામાં શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી ઉત્સવની તડામાર તૈયારીઓ ચાલતી હતી. પ્રસંગ નજીક ને નજીક આવી રહ્યો હતો. સ્વામીશ્રી પણ સૌની સાથે જ અજબ સ્ફૂર્તિથી કામ કરી રહ્યા હતા. ઉત્સાહનો જાણે ધોધ વહેતો હતો.

રાતના બે વાગ્યા હતા. યુવકો આખા દિવસના શ્રમથી થાકીને સૂઈ ગયા હતા. એવામાં મંદિરમાં ગાદલાં ભરેલી એક ટ્રક પ્રવેશી. સ્વામીશ્રી ટ્રક પાસે પહોંચ્યા. ડ્રાઇવર ઉતાવળમાં હતો. તાત્કાલિક પાછા જવાની વાત કરતો હતો. હું સ્વામીશ્રીની સાથે જ હતો. સ્વામીશ્રી વિચાર કરવા લાગ્યા. મેં યુવકોને જગાડવાનું કહ્યું.

સ્વામીશ્રી કહે : 'બીચારા આખો દિવસ કામ કરીને થાકી ગયા હશે. એમને ક્યાં ઉઠાડવા ?' મંદિરમાં બીજું કોઈ જાગતું નહોતું કે જેમને ગાદલાં ઉતારવા બોલાવી શકાય. ઈશ્વરચરણ સ્વામી, મહંત સ્વામી... વગેરે જાગતા હતા પણ સભામંડપનું સ્ટેજ તૈયાર કરવામાં તેઓ વ્યસ્ત હતા. પણ મૂંઝવણથી હારે તે સ્વામીશ્રી શાના ? મને કહે : 'સત્યપ્રિય ! તમે ટ્રક પર ચડી એક એક કરીને ગાદલાં મને આપો. હું થપ્પી કરી દઈશ.'

'પણ સ્વામી આપ ?' મેં કહ્યું.

'કેમ ? મારાથી ના થાય ? તમે આપો, હું ગોઠવી દઉં !' સ્વામીશ્રી સહજતા અને દૃઢતાથી બોલ્યા... અને સ્વામીશ્રીએ એક ટ્રક ભરીને આવેલાં ગાદલાંની વ્યવસ્થિત થપ્પી કરીને ગોઠવી. હું આપતો જાઉં ને સ્વામીશ્રી ગોઠવતા જાય ! આજે આ બધું અતિઅહોભાવ ઊપજાવે છે... સ્વપ્નતુલ્ય ભાસે છે...

અમે અનેક પ્રસંગે જોયું છે કે સ્વામીશ્રી માત્ર કહેતા નથી, કરીને બતાવે છે ! આચરણ દ્વારા ઉપદેશ કરનાર કેટલા ? સ્વામીશ્રી કહે છે કે 'ઘણીવાર એમ થાય કે આટઆટલી ટીકાઓ થાય તો શું કામ સેવા કરવી ? પણ એવું તો ચાલ્યા કરે. મહાન પુરુષોની સામેય લોકો તો બોલ્યા જ છે. કારણ, લોકોની દૃષ્ટિ જ વાંકું બોલવાની છે. આપણે તો જ્યાં હોઈએ ત્યાં સેવા ને સેવા જિંદગીભર કરવાની જ છે.' ટીકાઓના ધોધમાર વરસાદમાં પણ ઉન્નત મસ્તકે 'સેવાધર્મઃ પરમગહનો' કરી સ્વામીશ્રી સૌને માટે દેહ-મનને ઘસતા જ રહ્યા છે.

* * *

ઘણાં વરસો સુધી વસોના હરિભક્તોને લાભ આપવા સ્વામીશ્રી કાર્તિક સુદ તેરસના વસો પધારતા. બે દિવસ ભક્તોને કથા-દર્શનનું સુખ આપી પૂનમના સમૈયે બોચાસણ પધારે. આ દરવર્ષનો ક્રમ જ હતો.

સ્વામીશ્રી સાથે એકવાર મારે વસો જવાનું થયું. ગામમાં સ્વામીશ્રીની શોભાયાત્રા કાઢેલી. ઠેર ઠેર રંગબેરંગી સાડીઓની કમાનો, અને ક્યાંક વાસણોથી બનાવેલી કલાયુક્ત કમાનો સ્વાગત માટે શોભી રહી હતી.

રાત્રે કથા થાય ત્યારે આંગળીના વેઢે ગણાય એટલા હરિભક્તોની સભા. મંચ પર સ્વામીશ્રી સાથે હું, દેવચરણ સ્વામી, પ્રગટ ભગત બેઠેલા. સ્વામીશ્રી તો હજારોની મેદની સામે કથા કરતા હોય એવા જ પ્રેમથી - એવા જ કેફથી સભા સામે કથા કરતા હતા. બીજા તો મંચ પર ઝોકે ચડેલા !

સભા પછી ઉતારે જઈ 'વાહ ! શું ભવ્ય સભા હતી !' કહી ખૂબ હસ્યા. પછી સ્વામીશ્રી કહે, 'સભા ભલે ભવ્ય નહોતી પણ દિવ્ય હતી. આપણે કથા તો થઈ !'

અહીં સંજોગો જોવાની દિવ્ય દૃષ્ટિ તો છે જ, પણ કથાવાર્તાનો ઇશક તો પરાકાષ્ઠા એ છે... ઓછી મેદની જોઈને એમનું પ્રવચન ટૂંકું નથી થતું, ને વિરાટ સભા જોઈને એમની વાણીને શબ્દોની રમઝટનો રોગ નથી અડતો ! બસ, સહજભાવ અને સહજ-આનંદમાં મસ્ત !!

* * *

૨૩મી જાન્યુઆરી, ૧૯૭૧ના યોગીબાપા ધામમાં પધાર્યા. થોડો સમય તો મન ઉદાસ રહ્યું. પણ સ્વામીશ્રીએ 'મા' બનીને અમને સાચવી લીધા. યોગીબાપાનો જ સ્નેહ અને વાત્સલ્ય ! અંતરમાં પ્રતીતિ થઈ કે ગુણાતીત પરંપરા અક્ષુણ્ણ છે.

સ્વામીશ્રી પહેલેથી જ અધ્યાત્મ સાથે વ્યવહારમાંય દક્ષ. પણ સ્વામીશ્રીના આ પાસાનો મને ખાસ અંગત અનુભવ નહીં. સંસ્થાનાં બીજ શાસ્ત્રીજી મહારાજે રોપ્યાં. તેને અહોનિશ પ્રયત્નોથી સ્વામીશ્રીએ વિશાળ વટવૃક્ષસમી બનાવી એમના પ્રમુખપદની સફળ અને યશસ્વી કામગીરીના અમે સાક્ષી છીએ. આ વિરાટ કાર્યભાર વહન કરતાંય સ્વામીશ્રીના વ્યક્તિત્વમાં ક્યારેય તેનો ભાર જોયો નથી. સાવ સહજ વર્તન ! યોગીબાપાનું નિર્માનીપણું ઠસોઠસ ! નાનાને મોટો બનાવી કામ લેવાની તેમની અનોખી આવડત ! જાન્યુઆરી '૭૧માં મને સ્વામીશ્રીના આ અદ્ભુત વ્યક્તિત્વનો અનુભવ થયો.

સ્વામીશ્રી ગોંડલમાં બિરાજ્યા હતા. એક સવારે મને સભામંડપનાં પગથિયાં ચડતા જ સામે મળ્યા. સભામંડપના પ્રવેશદ્વાર પાસે મને ઊભો રાખી પોતે

પ્રવેશદ્વારના થાંભલે એક પગ રાખીને ઊભા રહ્યા. સ્વામીશ્રીએ 'સ્વામિનારાયણ પ્રકાશ' અંગે મારી સાથે ચર્ચા કરી. આશ્ચર્યની વાત તો એ હતી કે પ્રકાશનો અંગેની ઝીણામાં ઝીણી વિગત પણ એમના ધ્યાન બહાર નહોતી.

સને ૧૯૬૫થી હું સ્વામીશ્રીની આજ્ઞાથી 'પ્રકાશ'ની (સંસ્થાનું માસિક મુખપત્ર) સેવામાં હતો. તંત્રી તરીકે ડૉક્ટર સ્વામી અને સલાહ માર્ગદર્શનમાં તો હર્ષદરાય દવે તથા ઈશ્વરચરણ સ્વામી હોય. એટલે સ્વામીશ્રી સાથે આ કામ અંગે સીધી વાત કરવાનો મારો આ પ્રથમ પ્રસંગ હતો.

સ્વામીશ્રીએ બહુ જ સહજતાથી મને કહ્યું : 'હમણાં ડૉક્ટર સ્વામી અમારી સાથે છે, તેથી તેમની ગેરહાજરીથી તમને મુશ્કેલી તો પડતી જ હશે. ધ્યાન રાખવું. કોઈ ફરિયાદ ન આવે તેમ કરી લેશો...'

કેટલી સાલસતા ! નહીંતર સ્વામીશ્રી તો સંસ્થાના પ્રમુખ હતા. એમને વળી આવી દિલગીરી વ્યક્ત કરવાની શી જરૂર ? એ મને તાકીદ પણ કરી શક્યા હોત, પણ એમણે ખૂબ પ્રેમથી આ વાત સમજાવી.

વાતવાતમાં સ્વામીશ્રી મને કહે : 'પ્રૂફરીડિંગ તદ્દન શાંતિ હોય ત્યારે જ કરવું જેથી કોઈ ભૂલ ના રહે. એક પણ ભૂલ ના હોય તેવું પ્રકાશન હોવું જોઈએ !' એમ એક પછી એક પ્રકાશન અંગેની સાવચેતી લેવાનાં બધાં જ પગલાં સૂચવી દીધાં.

જેમાં ૫૫ મિનિટ સ્વામીશ્રીએ મારી સાથે ઊભા ઊભા ગાળેલી !!

મારી જિંદગીનું એ અનોખું સંભારણું બની રહ્યું.

સ્વામીશ્રીની કાર્યકુશળતાનો અનુભવ તો થયો જ ! પણ નાનાને મોટો બનાવી કામ કેમ લેવું તે પણ શીખવા મળ્યું.

* * *

૧૯૮૧, ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ ભવ્ય રીતે ઊજવાઈ ગયો. તે પછી સ્વામીશ્રી ગોંડલમાં બિરાજ્યા હતા. શરદપૂનમના સમૈયાની તૈયારીઓ ચાલતી હતી. એ દિવસે ઢળતી સાંજે હું પાછળના બગીચામાં ગયો, ત્યાં સ્વામીશ્રીએ મને જોયો. પાસે બોલાવી કહે, 'આવો રૂમમાં...' હું રૂમમાં ગયો ત્યાં ડૉક્ટર સ્વામી બેઠેલા. હું સામે બેઠો. વાતાવરણની ગંભીરતાએ મને ઘેરી લીધો. 'શું હશે ? સ્વામીને મારું શું કામ હશે ? કેમ બોલાવ્યો હશે ?' ત્યાં સ્વામીશ્રીએ કહ્યું : 'સત્યપ્રિય, ખોટું ના

લગાડો તો એક વાત કરવી છે.' શી વાત હશેની આશંકા માત્રથી હૃદય એક થડકારો ચૂકી ગયું. સ્વસ્થ થઈ મેં કહ્યું : 'બાપા ! તમારી વાત પર ખોટું લગાડાય ? કહો !'

'સ્વામિનારાયણ પ્રકાશ'ની કામગીરી હવેથી નવા થયેલા સંતોને સોંપીએ તો ? તમારો શો અભિપ્રાય છે ?'

સ્વામીશ્રીની આ વાતથી બે ઘડી તો હું વિચારમાં પડી ગયો. સને ૧૯૬૫થી સંભાળેલી 'પ્રકાશ'ની કામગીરીમાં મારાથી કંઈ ગંભીર ભૂલ તો નથી થઈ ને !' એ ચિંતા વિશેષ હતી.

'સત્યપ્રિય ! તમારી મરજી હોય તો જ સોંપણી કરવાની છે !' સ્વામીશ્રીએ મને વિચારમાંથી જગાડ્યો.

'પણ બાપા ! મારી કંઈ ભૂલ ?'

'ના. એવું કંઈ નથી. આ તો નવા આવેલા સંતોને જવાબદારી સોંપવાનો અમારો વિચાર છે. પણ તમારો અભિપ્રાય જાણ્યા પછી જ !'

'બાપા ! તમારી આજ્ઞાથી સંભાળું છું. તમારી આજ્ઞાથી એ જવાબદારીમાંથી મુક્ત થાઉં છું. મને શો વાંધો હોય ?'

'બસ ! હવે અમને શાંતિ થઈ !'

સંસ્થાના સર્વોચ્ચ સ્થાને બેઠેલા સ્વામીશ્રી કેવા નમ્રમૂર્તિ ! એમણે અધિકારના ઉપયોગને બદલે અભિપ્રાય માગ્યો ! આદેશને બદલે વિનંતી કરી ! એ આજ્ઞા પળાઈ તેથી ખૂબ શાંતિ વર્તે છે.

મેં સહજભાવે પૂછ્યું, 'બાપા ! હવે મારે શું કરવાનું ?'

'બસ, ભજન અને ભક્તિ. ઘણું કર્યું. આ ઉંમરે હવે કેટલું કામ કરશો ? નિરાંતે પ્રભુ ભજો.' સ્વામીશ્રીની જે જીવનભાવના છે, જે જીવનશૈલી છે, તે જ આપણા જીવનના વિકાસ માટે દર્શાવી દીધું...

સોંપણીનો વિગતવાર પત્ર તૈયાર કરી, ડૉક્ટર સ્વામીની સહી લઈ તે સ્વામીશ્રીને મોકલ્યો, ત્યારે સ્વામીશ્રીએ એનો ખૂબ સુંદર પ્રત્યુત્તર આપ્યો અને ભજન-ભક્તિમાં બળ રહે તેવા રૂડા આશીર્વાદ મોકલી આપ્યા. આ આશીર્વાદપત્ર મારા માટે જિંદગીનું અમૂલ્ય સંભારણું જ નહીં, જીવનનો સંદેશ પણ બની રહ્યો છે...

* * *

ઘનશ્યામપ્રસાદ સ્વામી
મુંબઈ

૧૯૬૮ના શ્રાવણ માસમાં યોગીજી મહારાજના હસ્તે નડિયાદમાં મને પાર્ષદની દીક્ષા મળી. અને એમની આજ્ઞાથી મુંબઈ મંદિરની સેવામાં મુકાયો, ત્યાં સુધી મને સ્વામીશ્રીનો કાંઈ જ પરિચય નહીં. પરંતુ સ્વામીશ્રી ચાતુર્માસ દરમ્યાન દોઢેક માસ મુંબઈ રોકાયા ત્યારે જાણ્યું કે આ તો સંસ્થાના પ્રમુખ છે, સદ્‌ગુરુ છે, બહુ મોટા છે.

જોકે એમની આવી મોટી પદવીનો ભાર અમને - નાના નાના સંતોને ક્યારેય લાગ્યો નહોતો. સૌની સાથે બેસે, ગમ્મત કરે, કરાવે ને ક્યારેક ઉપદેશ વચનોથી માર્ગદર્શન પણ આપે...

એક રાત્રે ચેષ્ટાગાન પછી અમે સૌ સ્વામીશ્રી સાથે બેઠા હતા. એવામાં દેવાભગત એક કાગળિયું લઈને આવી પહોંચ્યા. આ એ જ ભગત કે જેને સૌ 'દેવો ગાંડો' તરીકે ઓળખતા. એના તરંગી તુક્કાઓ અને લઘરવઘર વેશ, એની અકલ્પનીય યોજનાઓ અને વિચિત્ર વાતોથી અમને ઘણું મનોરંજન મળતું. તે આવ્યા ને સ્વામીશ્રીને કહે : 'મેં એક પ્લાન બનાવ્યો છે... આપ સહકાર આપો તો આ પ્લાન પાસ થઈ જાય...'

સ્વામીશ્રી નિરાંતે તેને સાંભળતા રહ્યા. તેણે કાગળિયું ખોલ્યું, ને કહે, 'જુઓ પ્રમુખસ્વામી, દાદરમાં આપણે મોટું મંદિર કરવું છે, ને સ્ટેશનથી સીધો પુલ કરવાનો કે બધા જ સીધા ઠાકોરજી પાસે પહોંચી જાય... ને પછી પવઈમાં આપણી વાડી છે, ત્યાં ઍરપોર્ટ કરવું છે. સવારની આરતી કરીને સીધા ગોંડળ શણગાર આરતી કરીને પ્લેનમાં જ ગઢડા... ત્યાં રાજભોગ આરતી કરવાની...' અમે આ તુક્કાઓ સાંભળીને મશ્કરીમાં હસતા હતા. જ્યારે સ્વામીશ્રી તો તેના પ્લાનમાં ભળીને સામાં સૂચનો કરતા હતા !

જેને સૌ 'હડે હડે' કરતા હોય એવા વ્યક્તિત્વોમાંય સ્વામીશ્રીએ સ્વયં રસ લીધો છે, ભાવના પોપી છે, વહાલ વરસાવ્યું છે. ત્યારે ઉપેક્ષાની તો વાત

જ ક્યાં રહી ?

* * *

૧૯૬૮ની શરદપૂનમે મને ભાગવતી દીક્ષા મળી. પછી મુંબઈમાં સંસ્કૃત અભ્યાસ અને રસોડાની સેવામાં જોડાયો. માર્ચમાં અમારી સંસ્કૃતની પરીક્ષા પૂરી થઈ. પછી મહંત સ્વામીએ મને એક સંતની જોડ લઈ યોગીબાપાનો લાભ લેવા મોકલ્યો હતો. તે સમયે યોગીબાપા તથા સ્વામીશ્રી બંને મૂળીમાં પારાયણ નિમિત્તે બિરાજમાન હતા. અમે અહીં રોકાયા એ દરમ્યાન સ્વામીશ્રીએ એકવાર મને પૂછ્યું, 'મુંબઈમાં શું કરો છો ?'

મેં કહ્યું : 'ત્યાગવલ્લભ સ્વામી સાથે રસોડામાં સેવા કરું છું ને સંસ્કૃત ભણું છું...'

સ્વામીશ્રી હેતથી કહે : 'અત્યારે ભાદરા મંદિરનું કામ ચાલે છે, ત્યાં સેવાની જરૂર છે, તો રોકાશો ?'

'બાપા કહે તો રોકાઈ જઈશ... પણ આ સાધુને જોડમાં લાવ્યો છું...' મેં કહ્યું.

પણ સ્વામીશ્રીએ ફરી આગ્રહ કર્યો. આ મારો તેમની સાથે લાંબો કહી શકાય તેવો પ્રથમ વાર્તાલાપ હતો. પરંતુ એ સમયની એ નમ્રમૂર્તિ આજે પણ સ્મૃતિમાં તરવર્યા કરે છે... અમે ભાદરા પહોંચ્યા ત્યારે મંદિરનું અને પ્રતિષ્ઠોત્સવનું કાર્ય પૂરવેગે ચાલી રહ્યું હતું. ધર્મશાળામાં મોટા ખાડા હતા તે ભરવાના હતા. મારે પણ રસોડાની સેવા સાથે એવી મહેનતની સેવામાં પણ જોડાવાનું થતું. સવારે ચાર વાગે ઊઠી એક મણ લોટની રોટલી તથા નાસ્તા માટેની તૈયારી કરી દેવાની. ૧૦ વાગ્યા બાદ ધર્મશાળામાં અન્ય સંતો સાથે ખાડા પૂરવા જવાનું. સ્વામીશ્રી પણ ત્યાં આવી ગયા હોય. રાત્રે સ્વામીશ્રીની જોડમાં રહેવાનું થાય. સ્વામીશ્રી છેક ઊંડ નદીને સામે કાંઠે આવેલા કૂવામાંથી પાઇપલાઇન નખાવી રહ્યા હતા, જે લાઇન ધર્મશાળામાં પહોંચાડવાની હતી. સ્વામીશ્રીને રાતદિવસ એક કરતા જોયા છે. રાત્રે દોઢ-બે પહેલાં કદી સૂતા નથી ને ચાર-સાડાચારે તો ઊઠીને સૌને સેવામાં પ્રેરતા પણ જોયા છે... હરિભક્તો પાઇપલાઇન ખોદવા માટી ગાળે ત્યાં ભેખડ પડી જાય ને એમની મહેનત બેવડાઈ જાય. ગરમી તો એવી કે તોબા તોબા ! આવી પારાવાર મુશ્કેલીમાં સ્વામીશ્રી સ્થિર, ધીર રહી હિંમત આપે :

'યોગીબાપાની આજ્ઞા છે, એટલે થવાનું જ છે. આપણે બધા એક રુચિથી મંડી પડવું એટલે કાર્ય થઈ જશે...'

રાતના બાર ઉપર થોડી મિનિટો વીતી હોય ને સ્વામીશ્રીનો સાદ સંભળાય, 'ઘનશ્યામ, પટેલિયાઓએ બહુ સેવા કરી છે. કાંઈ સુખડી-ગાંઠિયા છે ? તો જમાડીએ.' એ સમયે તૈયાર તો કશું હોય નહીં, તેથી હું બનાવવાનો પ્રારંભ કરું. હું તે વખતે નવો નવો, તેથી કામમાં અનુભવી જેટલી ઝડપ ન આવે. આ જોઈ સ્વામીશ્રી જાતે મદદમાં આવી જાય... સુખડી શીખવે... 'પહેલાં ઘી નાખવું. લોટ બરાબર શેકાઈ જાય પછી ગોળ નાખવો... બરાબર રંગ આવવો જોઈએ. કાચું ન રહે તે ખાસ જોવું... હવે ચોકીમાં ઠારી દ્યો !' પછી ગાંઠિયાની વિધિ શરૂ થાય... બધાને જાતે આગ્રહ કરીને ઉઠાડે... જમાડે અને પ્રેમથી પીરસતા જાય. આવાં દર્શનમાં એ સમયે બહુ વિશેષતા નહોતી લાગતી... પણ આજે એ દુર્લભ ક્ષણોના સાક્ષી હોવાનું ગૌરવ અંતરને અહોભાવથી ભરી દે છે.

* * *

ઘણીવાર ભાદરાના યુવક વાલજીભાઈ (હાલ, ધર્મતનય સ્વામી) મોડી રાત સુધી સેવામાં હોય.

એકવાર સ્વામીશ્રી રોજના નિયમ પ્રમાણે રાત્રે દોઢેક વાગે ઊંડ નદીએ આવ્યા. રેતીના ઢગલા પર બેઠા. હરિભક્તોને નાસ્તો કરાવ્યો ને એક પટેલને નજીક બોલાવ્યા. તેમનું મકાન મંદિરના વિકાસ-કાર્યમાં અવરોધરૂપ હતું. તે ખરીદી લેવાની યોગીજી મહારાજની ઇચ્છા હતી. સ્વામીશ્રીએ આ પૂર્વે પણ એ પટેલને મકાન વેચાતું આપવા ખૂબ આગ્રહ કરેલો. એ જ દોર આજે ફરી શરૂ થયો. સ્વામીશ્રી વાત કરતા રહ્યા ને હું બાજુમાં રેતીના ઢગલા પર જ સૂઈ ગયો. સ્વામીશ્રીએ મને જગાડ્યો ત્યારે બે વાગ્યા હશે. અમે ત્રણ જ રહેલા. મેં જોયું કે હજુ સુધી પટેલ ટસના મસ થતા ન હતા. સ્વામીશ્રી નદીથી ગામ બાજુ ચાલવા લાગ્યા. રાત્રિનો સૂનકાર, ખેતરો વચ્ચેથી પસાર થતો એકાંત રસ્તો... ત્રણેનાં પગલાંનો પગરવ અને ચાલતાં, હાંફતાં એ પટેલને સમજાવતા સ્વામીશ્રી... અદ્ભુત દૃશ્ય હતું એ.

મંદિર આવી ગયું. પટેલ સ્વામીશ્રીથી છૂટા પડવા તલપાપડ થતા હતા. અઢી-પોણાત્રણનો સમય હતો. સ્વામીશ્રી મંદિરના દ્વાર પાસે તે પટેલનું કાંડું

પકડીને પ્રેમથી, હેતથી કહી રહ્યા હતા. આ એક વાત માની જાવ... બાપા બહુ રાજી થશે. અમારે ક્યાં ઝૂંટવી લેવું છે ? પૂરી કિંમત આપીને લેવાની વાત છે. તમને આ કરતાંય વધારે સારું મળી જશે. બાપાના આશીર્વાદ છે.' છેવટે એ પટેલ પીગળી ગયા અને મકાન આપી દેવા સંમતિ આપી. સ્વામીશ્રીના મુખ પર આનંદની સુરખી ફરી વળી હતી. આરામમાં જતાં મને કહે : 'પટેલિયા ભારે કાઠા. આ તો યોગીબાપાની ઇચ્છા હતી, તે માંડ પાર પડ્યું.'

મંદિરના હૉલની બાજુમાં એક નાનો હૉલ છે, ત્યાં સ્વામીશ્રીનું આસન રહેતું. હું ને પ્રગટ ભગત પણ અહીં જ સૂતા. રાત્રે દોઢ-બે તો રોજ થતા. આજે પોણાત્રણ વાગ્યા હતા. સ્વામીશ્રીના મુખ પર પટેલને સમજાવી યોગીબાપાની આજ્ઞા પાળી લીધાનો સંતોષ ઝળકી રહ્યો હતો... આજે આવી બધી સ્મૃતિઓ હૈયાને ભક્તિ અને ભાવથી તરબતર કરી મૂકે છે...

ભીડો એવો હતો કે કોઈ સગવડ નહીં. નાસ્તામાં આગલી રાતના રોટલા-રોટલી ને ગોળ હોય. છાશ ગામમાંથી માગી લાવતા. સ્વામીશ્રી અમારી સાથે જ આ જ નાસ્તો કરી લેતા. સવારે ઉકાળો હોય તો લે, ન હોય તો કાંઈ નહીં ! રાજકોટથી કોઈ ભક્ત શીંગ-ચણા લાવ્યા હોય તે યોગીબાપા કે સ્વામીશ્રી પાસે આવે ત્યારે બે-બે ચપટી પ્રસાદી મળી જાય એ જ અમારો 'change' રહેતો ! રાત્રે મોટે ભાગે મગની દાળની ખીચડી કરતા.

એક સાંજની વાત છે. મને તુવેરની દાળની ખીચડી બનાવવાનો ઉત્સાહ જાગ્યો. આવડત નહીં, પણ કાર્યનો આરંભ કરી દીધો. તુવેરદાળ ને ચોખા સાથે પલાળ્યાં. ધોયાં ને સાથે જ ચૂલે ચડાવી દીધાં. સમય થયે જોયું તો દાળ કાચી રહેલી ને ચોખા ચડી ગયેલા. મને મૂંઝવણ થવા લાગી. સ્વામીશ્રીને ખબર પડશે તો વઢશે. આટલો બગાડ થાય તે કેમ પોસાય ? આ વિચારોમાં જ હતો ને સ્વામીશ્રી આવી ગયા. મેં ગભરાતાં દિલે વાત કરી : 'ખીચડી ચડી નથી, કાચી રહી ગઈ છે.'

સ્વામીશ્રીએ જાતે દાણો દબાવી જોયો. પછી પ્રેમથી કહેવા લાગ્યા : 'પહેલાં કેવી રીતે દાળ-ચોખા પલાળેલાં ?'

'મગની દાળ ને ચોખાની જેમ જ.' મેં કહ્યું.

સ્વામીશ્રી કહે, 'તુવેરની દાળમાં એમ ન કરાય. પહેલાં દાળ અલગ

પલાળવી. ચોખા જુદા વાસણમાં પલાળવા. અને પાણી ઊકળી જાય પછી તુવેરની દાળ નખાય. દાળનો દાણો પોચો પડી જાય પછી ચોખા નાંખીએ તો સરસ છૂટી ખીચડી થાય. મોટા સ્વામી આવી ખીચડી બનાવતા ને મને જમાડતા.'

એમ વાત કરતાં કહે, 'આ ખીચડી હરિભક્તોને નહીં આપતા. ફરી બનાવો.' પછી જાતે ઊભા રહ્યા. ઉપરની રીત પ્રમાણે જાતે ખીચડી બનાવતાં શીખવ્યું. સ્વામીશ્રી તરફથી આ મારે માટે રસોઈનો અંતિમ પાઠ હતો. ત્યાર પછી ક્યારેય કોઈ રસોઈમાં તકલીફ, વિઘ્ન કે બગાડ થયો નથી ! આજે પણ જ્યારે જ્યારે તુવેરની દાળની ખીચડી બનાવું, ત્યારે આ પ્રસંગ અવશ્ય તાદૃશ્ય થાય છે, ને સ્વામીશ્રીની અલ્પ જીવ પરની કરુણા અને દાસત્વની ભાવનાથી નતમસ્તક બની જવાય છે.

* * *

તા. ૨૨-૧-૧૯૭૧ની રાત્રિ હતી. ૧૧-૦૦ વાગી ગયા હતા. હજુ સ્વામીશ્રી ભાટિયા હૉસ્પિટલથી મંદિરે જમવા પધાર્યા ન હતા. સંતો સૂઈ ગયા હતા. આખા મંદિરમાં અમે બે - ત્યાગવલ્લભ સ્વામી અને હું - બે જાગતા હતા. રોજ હૉસ્પિટલેથી સ્વામીશ્રી આવે, તેમને જમાડીને અમે આરામ કરતા. જમતી વખતે રોજ યોગીજી મહારાજના સ્વાસ્થ્યના સમાચાર આપતાં સ્વામીશ્રી અમને યોગીબાપાની સ્મૃતિમાં ગરકાવ કરી દેતા.

૧૧ ઉપર થોડો સમય થયો ને સ્વામીશ્રી હૉસ્પિટલેથી આવી ગયા. જૂના અક્ષરભુવનનું એ નાનકડું રસોડું... એ ગમગીન એકાંત... એ દિવસે જરા ભારે વાતાવરણ લાગતું હતું. સ્વામીશ્રી ચૂપચાપ જમી રહ્યા હતા. અમારી ઉદાસીને ઠેલતા હોય તેમ સ્વામીશ્રીએ અચાનક મૌન તોડ્યું, ને કહેવા લાગ્યા : 'આજે બાપાની તબિયત સારી છે. બપોરે થોડું જમ્યા અને ડૉક્ટર સામાણી સાહેબે કહ્યું છે કે આઠ દિવસમાં આરામ થઈ જશે... ઈશ્વરચરણ સ્વામી, નારાયણ ભગત, મધુ જસાણી ખડે પગે સેવા કરે છે. કોઈ જમતા ય નથી. હર્ષદભાઈ આખો દિવસ ત્યાં જ બેસી રહે છે.'

મેં કહ્યું, 'સ્વામી ! આપે પણ સવારે નાસ્તો કર્યો તે અત્યારે થોડું જમ્યા છો.'

સ્વામીશ્રી કહે, 'આપણી ક્યાં વાત છે ? આપણને દર્શનનો લાભ મળે

છે. આજે યોગીબાપાના મુખ પર તાજગી દેખાતી હતી. આપણે બધાએ ધૂન કરવી, પ્રાર્થના કરવી. તેમને સારું થઈ જશે. તેમનાં ઘણાં કાર્ય બાકી છે, તે જ પૂરાં કરશે. આપણને બાપાએ રમાડી-જમાડી, સેવા કરાવી ખૂબ સુખ આપ્યું છે, તે સ્મૃતિ કરવી... બધાએ બળ રાખવું. એ સાથે જ છે, ને સાથે જ રહેવાના છે.'

સ્વામીશ્રીએ વાત કરતાં કરતાં ચળુ કરી લીધું હતું, અને એ જ બેઠકે બાર વાગ્યા સુધી બળ-આશ્વાસન અને હેતની વાતો કરી. એ રાત્રે તો બધું સહજ લાગ્યું પણ ભેદ ત્યારે વર્તાયો કે બીજે જ દિવસે 'યોગીજી મહારાજ ધામમાં પધાર્યા છે.' એ સમાચાર આવ્યા ! કોઈનું હૈયું હાથ રહે તેમ નહોતું. એ અવસરને પારખીને આગલી રાતના આશ્વાસનના શબ્દો આજે મન-હૃદયમાં ગુંજતા હતા : 'એ સાથે જ છે ને સાથે જ રહેવાના છે.'

* * *

યોગીજી મહારાજે જ્ઞાનપ્રસાદ સ્વામીને ભાદરા મૂક્યા ત્યારે જ મને કહેલું કે તમારી બંનેની જોડ બાંધી આપું છું. બંને જણે ભાદરા જ રહેવું ને સેવા કરવી. આ પછી તો ૧૯૭૦માં યોગીબાપા સાથે ત્યાગવલ્લભ સ્વામી વિદેશયાત્રાએ ગયેલા, તેથી મુંબઈમાં રસોડાની સેવા મારા ભાગે આવી. મનમાં તો ભાદરાની સેવા કરવી છે તેવી જ દૃઢતા હતી. એવામાં વિદેશયાત્રાએથી આવ્યા બાદ યોગીજી મહારાજે અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો ને ધામમાં પધારી ગયા. થોડા સમય બાદ સ્વામીશ્રી મુંબઈ પધાર્યા ત્યારે મને બોલાવ્યો ને કહે, 'હવે ત્યાગવલ્લભ સ્વામી ગામડે ફરશે ને તમારે મુંબઈનું રસોડું સંભાળવાનું છે.'

મેં મારી અણઆવડત અને ઓછી ક્ષમતા દર્શાવીને આ સેવા કરવા નામરજી બતાવી, ને કહ્યું, 'યોગીબાપાએ મને ભાદરાની સેવા માટે કહ્યું છે. તે આપ તથા મહંત સ્વામી વગેરે જાણો છો, તો મુંબઈની મોટી જવાબદારી બીજા કોઈને આપો તો સારું...' આની આ જ દલીલ છેવટ સુધી ચાલી તેથી સ્વામીશ્રી ભાવમાં આવી ગયા, ને કહે, 'તું કહે છે યોગીબાપાએ ભાદરાનું કહ્યું છે, પણ તે ક્યાં ગયા છે ? એ જ યોગીબાપા કહે છે કે આ કરવાનું છે. યોગીબાપાની ઇચ્છા છે, માટે કહું છું. બધું આવડી જશે. માટે બીજા વિચાર મૂકીને આ સેવા કરવાની છે. ને ભાદરામાં સેવાભાવી સંતો છે, તે કોઠારીને

(જ્ઞાનપ્રસાદ સ્વામીને) મદદ કરશે. ને અહીં પણ બધા સંતો છે એટલે તને વાંધો નહીં આવે.

સ્વામીશ્રીની રુચિ જોઈ એ આજ્ઞા સ્વીકારી લીધી. પછી તો બધી આવડત આવી. સ્વામીશ્રીનાં વધુ ને વધુ નજીક આવ્યો ને ઘણી સેવા ને રાજીપો મળ્યાં...

* * *

૧૯૮૦માં ક્રોસ મેદાન, મુંબઈમાં ભગવાન સ્વામિનારાયણની ૧૯૯મી જન્મ જયંતી ભવ્યતાપૂર્વક ઊજવાઈ. દસ દિવસના એ સમારંભમાં રસોડા વિભાગની સેવા, ત્યાગવલ્લભ સ્વામીના માર્ગદર્શન પ્રમાણે અમે સૌ સંતો બજાવતા. વ્યવસ્થા અને આયોજનથી સ્વામીશ્રીને ખૂબ સંતોષ હતો. પૂર્ણાહુતિના દિવસે જ સ્વામીશ્રી બપોરે ગુજરાત તરફ નીકળી જવાના હતા. પૂર્ણાહુતિને કારણે હરિભક્તોની ભીડ પણ અકલ્પ્ય હતી. અમે જમાડવાની, હિસાબની તથા કેટલું સીધું વધે છે, ને તે ક્યાં ક્યાં મોકલવું તેની મથામણમાં પડ્યા હતા, એવામાં સ્વામીશ્રી આવી પહોંચ્યા. હાથ જોડીને અતિ નમ્ર ભાવે કહે, 'ઘનશ્યામ, આ રસોડાનો ખર્ચ કેટલો થયો, ને કેટલું સીધું વધ્યું. કેટલી વસ્તુ સેવામાં આવી એ બધાનો હિસાબ મારે જોઈએ છે...'

મને કલ્પના પણ નહીં કે આ બધું તૈયાર જ રાખવું જોઈએ, તેથી મુંઝાઈ ગયો. ત્યાં પ્રવીણ ભગત (હાલ, ભગવત્ચરણ સ્વામી) કહે, 'હિસાબની હમણાં શી ઉતાવળ છે ? હમણાં તો જતા રહેવાના છો ?'

સ્વામીશ્રી એકદમ બોલી ઊઠ્યા : 'અમારે જવા-આવવાનું છે જ ક્યાં ? અત્યારે હું હિસાબનું પૂછું છું... એમાં પહેલેથી ચોકસાઈ રાખવી. ગમે ત્યારે માગે તો આપી શકાય તો કામ કર્યું કહેવાય. આ તો 'ગરબડગોટા ને પરભુ મોટા !'

મેં કહ્યું, 'બાપા ! લખ્યું તો છે, પણ નવી યાદી કરવાની બાકી છે. તે ત્રણ-ચાર દિવસમાં અટલાદરા આપને મોકલી આપીશ !'

સ્વામીશ્રીએ ફરી હિસાબમાં કઈ કઈ વિગતો લખવી તે સમજાવ્યું, અને અમે બધો જ રિપોર્ટ તૈયાર કરી સ્વામીશ્રીને મોકલ્યો, ત્યારે વાંચીને ઉત્તર લખતાં મને ૮ પાનાંનો પત્ર લખ્યો. શરૂઆત આ શબ્દો સાથે કરી :

'વિ. મેં તારી પાસે હિસાબ માગ્યો તેથી ખોટું નહીં લગાડતો. માફ

કરજે. હિસાબ બધો મળી ગયો છે... મુંબઈના સમૈયાથી અંતરમાં શાંતિ થઈ ગઈ છે. આ મિની સમૈયો થયો. આવો જ આપણે મોટા પાયા પર અમદાવાદ સમૈયો કરવો છે...'

આમાં 'ગુરુ-શિષ્ય ભાવ'નો ક્યાં મેળ રહ્યો ? કાંઈ પણ કહેવા-માગવાનો જેમને અધિકાર છે તેમણે ક્યારેય અધિકાર વાપર્યો જ નથી. શિષ્યોની લેખિત સ્વરૂપે માફી માગવા સુધીની એમની નમ્રતા કોઈ પણ પ્રસંગે સજ્જ હોય છે, અને આપણા ભીતરને આરપાર વીંધતી હોય છે.

* * *

દેવચરણ સ્વામી

ભાદરા

૧૯૬૩ની સાલમાં ચૈત્રી પૂનમે બોચાસણમાં સમૈયો ઊજવાયો. પછી યોગીજી મહારાજની સાથે પ્રથમ વખત અમદાવાદ જવાનું થયું. યોગીજી મહારાજની સેવામાં તેમને સવાર-સાંજ નવડાવવાનો લાભ રોજ ૧૫ થી ૨૦ યુવકોને મળતો. સ્વામીબાપા નહાતી વખતે પણ સ્વામીની વાતો મોઢે બોલાવતા. કોઈ યુવક નવરો ઊભો હોય અને વાતો ન આવડતી હોય, તેને પણ કેવળ દર્શન નહિ, પણ સ્મૃતિએ સહિત દર્શન કરાવવાની જ ઇચ્છા. સ્નાન કરતાં પાટલા ઉપર ઢળીને નીચે ચોકડીના પાણીને ગટર બાજુ ધકેલાવતા. 'કાઢો, પાણી કાઢો' 'મહારાજ નહાવ' એમ બોલે. અમદાવાદમાં આ લાભ અમને પ્રથમ ૭ દિવસ મળ્યો. જે દિવસે સવારે ૧૦ વાગે અહીંથી નીકળીને રાજકોટ જવાનું હતું, તે જ દિવસે સવારે મને પૂછવા લાગ્યા : 'શેની પરીક્ષા આપી ?' 'મૅટ્રિકની.' 'જાવ, પાસ થઈ જશો !' 'બાપા રિઝલ્ટ જોવા જવું છે.'

'નો જવાય, જાવ પાસ.' પછી કહે, 'અમારી આજ્ઞા પાળશો ? કો' પાળીશ.' પછી નાહીને વસ્ત્ર બદલતાં કહે, 'બહુ હારા, સેવાભાવી છે, નરસીના ભાણા. ઈ શાસ્ત્રીજી મહારાજના વખતમાં સાધુ થયો'તો. આપણા પ્રમુખસ્વામીની જોડ્યમાં હતો. બહુ ગમતો હતો. લ્યો હાલો પૂજામાં.'

પછી ચાલતાં ચાલતાં કહે : 'અમે જવાના, પણ તમારે પ્રમુખસ્વામી ભેળા જોડાવાનું છે. એમની સેવા કરવી. બસમાં - રેલગાડીમાં એમની ટિકિટું લેવી, હિસાબ રાખવો. ગાડીમાં જગ્યા કરી દેવી. બસમાં આગળ દોડીને જગ્યા રાખવી. આ મોટી સેવા નારાયણ સ્વામીની કરવાની છે. બહુ મોટા છે.'

આમ, સૂચના આપી યોગીજી મહારાજે તો સવારે ૯-૩૦ વાગે ત્યાંથી વિદાય લીધી. પ્રમુખસ્વામી અમદાવાદ મંદિરમાં રોકાયા. એ સમયે

અમદાવાદમાં ચાર જ સાધુ. બીજા ચાર વૃદ્ધ ગૃહસ્થો. મને અહીં જરાય ગમતું નહીં ને સ્વામીશ્રી અહીં પાંચ દિવસ રોકાયા ! એક દિવસ વચલા સભામંડપના ઉપલા માળે મોટા હૉલમાં (જ્યાં હાલ વિદ્યાર્થીઓના વર્ગ લેવાય છે) ખૂણામાં હું ઊંધું માથું રાખીને રડ્યા કરતો હતો. સવારના સાડા અગિયાર વાગ્યા હશે. સ્વામીશ્રી મારી પાસે આવી સાવ નીચે બેસી ગયા. ખોળામાં મારું માથું લીધું, ને કહે : 'શું થાય છે ? નથી ગમતું ? ખાધું તેં ? કેમ રડે છે ?' હું કશું જ બોલી શકતો નહતો. સ્વામીશ્રી કહે : 'રડવા માટે ભેગો નથી રાખ્યો, તારે ઘરે જઈ આવશું, તારું ભણવાનું બાપાની આજ્ઞાથી પૂરું થયું.' પછી પૂછ્યું : 'મારી બીક લાગે છે ?'

'હા.' મેં કહ્યું. સ્વામીશ્રી કહે : 'અરે, તને ગમી જશે. જો તો ખરો, આપણે ક્યાં જવાનું છે ? પરમ દિવસે તો સવારે કાઠિયાવાડમાં જવાનું છે. યોગીજી મહારાજ ક્યાં ગયા છે ? અમે તારી ભેગા છીએ ને ? રડવાનું શું ? બંધ થઈ જા.' એમ વાત કરી ત્યાં બ્રાહ્મણ થાળ લઈને આવ્યો. તેથી કહે, 'જો ખાવાનું આવ્યું.' સ્વામીશ્રીએ મને પરાણે અતિ વહાલથી બે હાથ વડે બેઠો કર્યો. સ્વામીશ્રીએ એમના ગાતરિયાથી મારાં આંસુ લૂછ્યાં. મારી ઉંમર તે વખતે હતી ૧૫ વરસની. પણ નાના બાળક કરતાંય જાઉં ! બીક લાગે, એકલા ગમે નહીં, રાત્રે અંધારામાં ક્યાંય જવાય નહીં. આવા ડરપોક જીવનને સ્વામીશ્રીએ પ્રથમવાર ખોળામાં લીધું, 'લે ખાઈ લે.'

'ના સ્વામી, મને નથી ગમતું. મને ઘરે મૂકી આવો ને.' મારી હઠ ચાલુ જ હતી. સ્વામીશ્રી કહે, 'અરે ભલા માણસ, આ જ ઘર, જો તો ખરો, લાડુનો ટુકડો ખાઈ જા.' એમ કહેતાં બાજુમાંથી પતરાળું નજીક ખેંચીને એ તો ત્યાં જ બેઠા ! કહે, 'જો તને ગમી જશે, ફરવાનું ફાવી જશે, અમારી જોડે ને જોડે જ રહેવાનું છે. મુંબઈમાં તારા જેવા નાના સાધુ રહે છે, ને વળી આપણે ક્યાં હમણાં થવું છે ? યોગીબાપા બધું જોઈને નિરાંતે કરશે.'

'ના, મારે સાધુ તો નથી જ થવાનું.' મેં કહ્યું, 'આ બધા ઘરડા-ડોસા સાધુની જોડે નહીં ફાવે.' સ્વામીશ્રીએ ફરી વાત ફેરવી, 'અલ્યા, ભલા, રડે છે શું ? ખાઈ લે ને પહેલાં, જો આ માંખ્યો બેસે છે. લે.' એમ કહેતાં તો સ્વામીશ્રીએ લાડુનો ટુકડો મારા મોઢામાં મૂક્યો, ને કહે, 'યોગીબાપા સાથે ફરવાનું થશે ને એટલે બધું ભૂલી જવાશે. તારો મામો નરસી અતિ આનંદી

અને ગમતી. મારી સાથે જ રહેતો. તેમ તને ફાવી જશે. તને રજા પણ મળી જશે. યોગીબાપાની આજ્ઞાથી મારી જોડે ય ફાવી જશે.' એ પછી થોડા દિવસમાં બધું અનુકૂળ આવતું થયું. સ્વામીશ્રીએ યોગીબાપાના વખતથી જ મારી ઉપર અનંત મા જેવું હેત વર્ષાવ્યું છે.

અમૃત મહોત્સવની ચિરંજીવ સ્મૃતિ

૧૯૬૭માં યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ગોંડલમાં ભવ્યતાથી ઊજવાયો. તેની તમામ સેવા-જવાબદારી સ્વામીશ્રીના શિરે હતી. તે સેવા અને સમૈયાના આયોજનથી સ્વામી યોગીજી મહારાજ ખૂબ રાજી થયા. સમૈયા પછી શમિયાણો સંકેલવામાં સ્વામીશ્રી જ રોકાયા. યોગીબાપા, સંત સ્વામી, મોટા સ્વામી અને આફ્રિકાના ૩૦૦ હરિભક્તો સૌ મોટરો તથા સ્પેશિયલ બસ દ્વારા ગઢપુર જવાના હતા. યોગીબાપા કહેતા ગયા હતા, 'પ્રમુખસ્વામી ભલે રોકાય, સંસ્થાના ધણી કહેવાય, હિસાબ-કિતાબ કરે, દાજી બાપુને રાજી કરે. ચંદ્રકાન્તભાઈ, સ્વામી સાથે રહેજો. બધો હંકેલો કરી લેવો. શું કો'છો પ્રમુખસ્વામી થઈ જાશે ને ? તમો રોકાવ.'

'હા બાપા, આપ જાવ.' સ્વામીશ્રીએ કહ્યું. અને યોગીબાપા ૧૨ મોટરોના સમૂહ સાથે ગઢપુર જવા નીકળ્યા. ગઢપુરમાં આફ્રિકાના હરિભક્તોએ ૭ દિવસની પારાયણ યોજી. પછી સૌ સારંગપુર ગયા. અહીં પણ પારાયણ થઈ. આફ્રિકાના હરિભક્તોએ વિનંતી કરી કે 'બાપા ! પ્રમુખસ્વામીનું અને સંત સ્વામીનું આ સ્થાન કહેવાય. ગોંડલ આપનું સ્થાન કહેવાય. તો અહીં પારાયણની પૂર્ણાહુતિમાં પ્રમુખસ્વામીને બોલાવો તો સારું.' યોગીબાપાએ સંમતિ આપી. ૧૩મી જૂને સ્વામીશ્રીને સમાચાર મોકલ્યા. ૧૯મી જૂનના રોજ પૂર્ણાહુતિ હતી. સમાચાર મળતાં જ સ્વામીશ્રીએ હકાભાઈને વાત કરી, આપણે ૧૮મીના રોજ નીકળીએ. ત્યાં સુધીમાં કામ થઈ રહેશે. એ દિવસોમાં વૈશાખ ઊતરીને જેઠ બેઠો'તો. વાયરો ફૂંકાય ને વાદળાં રોજ રોજ ધુધવાય. ક્યારે મેઘરાજા ત્રાટકશે તે દહેશત સાથે સ્વામીશ્રી આખો દિવસ અને રાત્રિના ૧૨, ૨ કે ૩ વાગ્યા સુધી કામ કરતા અને કરાવતા. થાકને કારણે શરીર બીમાર જેવું થઈ જતું. પણ બીજાને જણાવા ન દીધું. રાત્રે ગમે તેટલું મોડું થયું હોય પણ સવારે ૬ વાગે તો તૈયાર થઈ જાય. સવારના ૬ થી રાત્રે દોઢ-બે સુધી ચાલતું કાર્ય એક બે

દિવસ નહીં - છેલ્લા સાડા ત્રણ મહિનાથી ચાલતું.

એક વાર તો ગામમાં પાણીની તથા ઉતારાની વ્યવસ્થા જોવા નીકળ્યા. તે સીધા સવારના ૬ વાગે ટ્રકમાં બેસીને આવ્યા ! ગુરુભક્તિનું ઋણ ચૂકવવા જ તેમનું નૂર વહેતું. સંકેલણીના (Wind-up) થોડા જ દિવસો બાકી હતા. યોગીજી મહારાજના વચને ૧૮ જૂનની સાંજે ૫ વાગે મણિલાલ નાનાણીની જીપમાં ૮ સંતો-હરિભક્તો સાથે નીકળ્યા. આખા સમૈયાનું વિચરણ પણ આ જ જીપમાં કર્યું હતું. ગોંડલથી નીકળ્યા ત્યારથી વરસાદે વધામણી કરી લીધી. પણ પછી પાછી પાની કરે તો સ્વામીશ્રી શેના ! જીપમાં આગળપાછળ સૌ હલોહલ બેઠા હતા. સાંજના ૬-૩૦ વાગે ઢસા વટી કાળુભારના કિનારે આવ્યા. ઉપરવાસ વરસાદને કારણે નદી બે કાંઠે જતી હતી. ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. જીપમાં પાણી ચારેય બાજુથી પડતું. પણ આગળના ભાગમાં સ્વામીશ્રીના જ ખોળામાં તો નેવાં નીતરતાં ! ગાડી તો થંભી. સ્વામીશ્રી કહે, 'અલ્યા નીચે ઊતરો.' પછી કહે : 'ના'વા જવું છે.'

'અરે, આ વરસાદ, અંધારું, નદીના પૂરમાં ક્યાં જશો ?' બધાએ ના પાડી, પણ એ તો લોટો ભરીને ઊપડ્યા, પાછા વળતાં ખેડૂત મળ્યો. તેને પૂછતાં પૂછતાં આવ્યા, 'ક્યારે પાણી ઊતરશે ?' તેણે કહ્યું, 'ઉપરવાસ વરસાદ છે. તે સવારેય ન ઊતરે.' આ સાંભળી નવા સંતો અને દરબાર અકળાયા. પણ શું કરે ? બધા જ જૂની ખખડધજ જીપમાં બેઠા. પાછી વળાવી વલભીપુરવાળા રસ્તે થઈને ગોકળગાયની ગતિએ ૧૨-૩૦ વાગે બરવાળા પહોંચ્યા. દરબાર પાછળ બેઠા બેઠા બોલ્યા : 'કેમ વગાડ્યાને બાર ! નો'તો કહેતો, વહેલા નીકળો, પણ શેના નીકળાય ? બીચારા નવા સંતો-મુંબઈના સંતો તમારી જોડે લાભ લેવા બેઠા કે ટિપાવા ! આવું હોય ? તમે સંસ્થાના ધણી અને આમ રખડતા જવાનું ?' સ્વામીશ્રી કહે, 'આવી ગયું હવે. ખાંભડા તો આવ્યું...' અહીં પાદરે વહેણ હતું. ચાલકે ગાડી અટકાવી. કહ્યું : 'સ્વામી ! પાણી વધારે છે.' એટલે હું અને સ્વામીશ્રી ઊતર્યા. સાથળ સમું પાણી થયું ને સામે નીકળી ગયા. સ્વામીશ્રીએ સાનમાં કહ્યું : 'આવવા દો જીપ.' પછી જીપ નાખી પાણીમાં, ત્યાં તો બંધ પડી ગઈ ! બરાબર વચ્ચે આવીને અટકી !

સ્વામીશ્રી કહે, 'શું થયું ? જો તો ખરો...'

ડ્રાઈવર બોલ્યો, 'પેટ્રોલ ખલાસ થયું લાગે છે...' સ્વામીશ્રીએ સંતોને સાદ પાડ્યો : 'ચાલો લ્યો, ઊતરો. ચાલતાં ચાલતાં પહોંચી જઈએ.' પૂજાનાં પોટલાં સાથે લેવડાવ્યાં.

સ્વામીશ્રી કહે : 'લાય ઓશીકું અને પત્તરની ઝોળી.' પછી ડ્રાઈવરને ભલામણ કરીને નીકળ્યા. આગળ સ્વામીશ્રી, પાછળ અમે ૭ જણા. મધ્ય રાત્રિનો કાળો-ઘોર સૂનકાર... સીમ કે રસ્તો ન દેખાય. કાદવ-કીચડ ખૂંદતા સૌ ચાલ્યા. પગ તો ઊંડે સુધી ખૂંપી જાય. છેલ્લે લથડિયાં ખાતાં ચાલતા નવા સાધુ બોલ્યા, 'અરે યાર ! આવું હોત તો અહીં આવત જ નહીં !' વળી એક જણ કહે, 'પ્રમુખસ્વામી સાથે ફરવાનો આવો લાભ કે ?' સ્વામીશ્રી હસતાં હસતાં બોલ્યા, 'આ તો અમૃત-મહોત્સવની સ્મૃતિ થાય ને ! યોગીબાપા રાજી થાય.' સૌ સારંગપુર મંદિરે પહોંચ્યા, ત્યાં પ્હો ફાટ્યું. યોગીબાપા વહેલા જાગીને પહેલાં સ્વામીશ્રીને યાદ કર્યા, 'પ્રમુખસ્વામી આવ્યા ?' બરાબર એ જ સમયે સ્વામીશ્રી પણ બારણા પાસેથી પસાર થતાં બોલ્યા : 'હા સ્વામી, આવી ગયો.' પછી દંડવત્ કર્યા. યોગીબાપા બોલ્યા : 'સ્વામી ! આખી રાત તમારી રાહ જોઈ, કેવી સમર્તિ રહી ?' હકાભાઈ બોલ્યા, 'શું ધૂડ્ય સમર્તિ ? ટિપાતા ટિપાતા આવ્યા !' યોગીબાપા કહે, 'ગુરુ, એમ નો કહેવાય. પ્રમુખસ્વામીએ અમૃત મહોત્સવની બહુ હારી સેવા કરી, માટે પૂર્ણાહુતિમાં બોલાવ્યા છે. એમની હાજરીમાં પૂર્ણાહુતિનો કળશ ચઢી જાય ને ! લ્યો જાવ, પરવારી લ્યો...'

* * *

યોગીબાપાના સમયમાં અન્નકૂટનો ઉત્સવ સ્વામીશ્રી સારંગપુરમાં કરતા. તે પછી ૧૯૬૭માં યોગીબાપા સાથે કાર્તિક એકાદશીએ અમદાવાદમાં પધાર્યા. સાંજે સભા પછી બબુકાકાએ યોગીબાપાને ફરિયાદ કરી, 'સ્વામી ! પ્રમુખસ્વામીને કહોને આપણા મંદિરનું ઘુમ્મટનું કામ કરાવે.' યોગીબાપા બોલ્યા, 'હા સ્વામી, કરો પુન્ય, થઈ જાય.' પ્રમુખસ્વામી કહે : 'એક વરસથી આંબલી નીચે બેસી કાયમ વાત કરીએ છીએ. પણ નક્કી નથી થતું કે થાંભલા કયા નાખવા ?'

યોગીબાપા કહે, 'આરસના નાખો... બીજા નો નખાય.'

સ્વામીશ્રી કહે, 'અહીંના મહંતની ઇચ્છા બીજા નાખવાની છે, તે જોવા જવાનું કહે છે.'

બાપા કહે, 'તો ઈ જોઈ આવો.' પછી કાર્તિકી પૂનમનો સમૈયો બોચાસણમાં કરીને સ્વામીશ્રી અટલાદરા આવ્યા. ત્યાં ૨ દિવસ રોકાઈને, નિરન્નમુક્તદાસને બોલાવીને સાતમની સાંજે વડોદરાથી દિલ્હી મેઈલમાં નીકળી પ્રગટ ભગત સહિત અમે ટ્રેનના III Classમાં દેવાસ(મધ્યપ્રદેશ) જવા નીકળ્યા. સ્વામીશ્રી કહે, 'શિયાળો છે, તમે ઓઢવાનું લીધું છે ?' મહંત કહે, 'તમારી ઉતાવળમાં નથી લાવ્યા !' સ્વામીશ્રીએ ગાડીમાં જ પોતાની ધાબળી તેમને આપી. રાત્રે ૧૧-૪૫ વાગે રતલામ ઊતર્યા. સ્ટેશનેથી ઘોડાગાડીમાં એક જૂના જાણીતા સત્સંગીના ઘરે ઉતારો કર્યો. ઘરમાં હતાં તે બધાં ઓઢવાનાં તે ભક્તે કાઢી આપ્યાં. ત્યારે ઠંડી શમી... સ્વામીશ્રી માટે મેં ત્રણ ઓઢવાનાં રાખ્યાં. પેલા સંત બહારના રૂમમાં સૂતા. સ્વામીશ્રી પોઢ્યા ને ૧-૩૦ વાગે જાગી ગયા. કહે, 'અલ્યા દેવ, ઠંડી વધારે છે. સંતોને ઓઢવાનું છે ને ?' હું તો એક રજાઈ પાથરીને ઓઢીને સૂતેલો. મને તો નીચે લાદીની અને ઉપરની બેય ઠંડી લાગતી. પૂરતું ઓઢવાનું નહોતું. ૩ વાગે સ્વામીશ્રી ઊઠ્યા, બહાર ગયા. એક એક આસન પર બીજા સંતો ઠૂંઠવાતા હતા. મને કહે, 'અલ્યા ઊઠ, આ મારું આસન ને ઓઢવાનું લઈ લે.' મેં ના લીધું તો સ્વામીશ્રીએ જાતે ઉપાડી બહાર લીધું. સંતોને ઓઢાડ્યું. પછી અંદર આવીને પોતે માત્ર ધાબળી જ ઓઢીને સૂઈ ગયા ! સવાર પડીને નિરન્નમુક્તદાસ ખુશ ખુશ થઈ ગયા. કહે, 'રાત્રે ઠંડીમાં મરી જાત, પણ તમને સૂઝ્યું તે સારું થયું... અમો બચ્યા.' અહીંથી દેવાસ આવ્યા. ત્યાં ભાદરણવાળા જશભાઈના સગા રહેતા. તેમને ત્યાં ૩-૦૦ વાગે પહોંચ્યા. જમ્યા કે તરત સ્વામીશ્રી કહે, 'અત્યારે જ સ્વર્ગમંદિર જોઈ આવીએ.' તે વખતે પ્રાઈવેટ બસો પણ ખટારા જેવી ચાલતી. અમો ચારે નીકળ્યા. ઢગલાબંધ માણસો આવી બસોમાં ચડે અને ઠલવાય. નિરન્નમુક્ત કહે, 'આમાં ક્યાં જવું ? ટેક્સી કરી લઈએ !' પણ સ્વામીશ્રીએ એ ખર્ચ ન કરવા દીધો. ૫-૪૫ વાગે 'સ્પેશિયલ' કહેવાતી ઠાઠિયા જેવી બસમાં ચઢ્યા. ૭૦ કિ.મી. દૂર સ્વર્ગ મંદિરે ઊતર્યા. સંધ્યા ઢળી ચૂકી હતી. મંદિરમાં કેટલાંય વર્ષોથી કામ ચાલતું, ત્યાં વપરાયેલો પથ્થર અને થાંભલા જોવા જ ગયા'તા, પણ અંધારે શું દેખાય ? તો પણ થાંભલે થાંભલે

ફર્યા. દિવાસળીના અજવાળે કારીગરને સાથે રાખીને જોયું. સ્વામીશ્રી તો પથ્થરમાં નિષ્ણાત. થાંભલો અને બારસાખ જોતાં જ કહી દીધું કે 'આપણા જ દેશનો(ગુજરાત) પથ્થર છે. પણ કામ સારું કર્યું છે.' છેલ્લે ૧૦ વાગે નીકળતાં કારીગરોને પૂછ્યું કે આ પથ્થર ક્યાંનો વપરાય છે ? 'બાપજી યે સૌરાષ્ટ્રમેં ધ્રાંગધ્રા સે આયા હૈ. બહુત બારીક પોગરવાલા પથ્થર છાંટ છાંટ કે શેઠ લોગ લાતે હૈં...' સ્વામીશ્રી કંઈ ન બોલ્યા. પણ નિરન્નમુક્તદાસનો મોહ ઊતરી ગયો. રાત્રે ૧૧ વાગે બસમાં બેસી પાછા દેવાસ પહોંચ્યા. અગિયારસના સવારે વડોદરા ઊતર્યા. સ્વામીશ્રી કહે, 'હવે શું કરવું છે ? યોગીબાપાની આજ્ઞામાં જે થાય તે જ સારું છે કે બીજે જોવા જવું છે ?' નિરન્નમુક્તદાસની ભ્રાંતિ ભાંગી કે સ્વામીશ્રી સ્વયં યોગીજી મહારાજની મરજી કેવી સાચવે છે, અને આજ્ઞા પાળે છે ! અંતે મકરાણા જઈને આરસના થાંભલા નક્કી કરવા પડ્યા. જે થાંભલા હાલ અમદાવાદના ઘુમ્મટ નીચે સ્થિર થયા છે. તેને માટે સ્વામીશ્રીએ દોઢ વરસ સુધી મથામણ કરી છે.

* * *

સવારના ૬ વાગે ગઢડા સ્ટેશને ઊતર્યા હોય, કે ગઢપુરથી ૧૦-૪૫ની ગાડીમાં મંદિરેથી નિંગાળા જવાનું હોય, પણ નારાયણ સ્વામી માટે (સ્વામીશ્રી માટે) સતાર ઘોડાગાડીવાળો આવી જ જાય. સ્વામીશ્રીને પણ અવારનવાર જવાનું થાય કે આવવાનું થાય પણ સતાર ના હોય તો ઊભા રહે, તે આવે ત્યારે જ જાય, ભાડાનું કોઈ દિવસ પૂછવાનું નહિ. ટ્રેનમાં સ્વામીશ્રીને જોઈ જાય એટલે સતાર પોટલાં લઈ જઈ ગોઠવી દે, પણ સ્વામીય કોઈ દિવસ તેને માટેનો પ્રસાદ તો નો'તા જ ભૂલતા, અન્નકૂટની પ્રસાદીના લિસ્ટમાં તેનું નામ હોય જ. આવો જ સંબંધ અને વિશ્વાસ અમદાવાદના ગાંધીગ્રામ રેલવે સ્ટેશનમાં એક છાપા વેચનાર ડોસા સાથે હતો. અમદાવાદ મંદિરેથી સ્વામી સારંગપુર જવા કાયમ મેલ ટ્રેન જ પકડે. સવારના ૭ વાગે ઊપડી જતી ટ્રેનમાં જવા માટે ઘોડાગાડીમાં જવા સ્ટેશને ઊતરે કે તરત જ છાપાં વેચતો હોય, તોય આવી જાય : 'અહો, પ્રમુખસ્વામી જાવ છો ? લ્યો 'ગુજરાત સમાચાર.' સ્વામીશ્રી, હકાભાઈ અને અમે બે સ્ટેશને આંટા મારીએ, સ્વામીશ્રી એ જ ફૂટપાથ પર બિસ્રા પર બેઠા હોય. બાજુમાં પ્રસાદનો ડબ્બો પડ્યો હોય. પ્રસાદની કોથળી ડોસા માટે કાઢે, ત્યાં

ડોસા બાજું દૈનિક લઈને આવે. તેપ રાખે, પ્રસાદ આપે, તે પૂછે, 'સ્વામી ! ક્યારે પાછા વળશો ?' સ્વામીશ્રી કહે : 'અઠવાડિયું થશે.' એ ડોસાની વાટ જોવાની ભક્તિ એવી કે ૮ દિવસ થાય અને બોટાદથી આવતાં સાંજના ૫-૩૦ વાગ્યાની ટ્રેનમાં ડબ્બે ડબ્બે જુએ. જો સ્વામીશ્રી ના ઊતર્યા હોય તો નિરાશ થઈને વળી બીજે દિવસે જુએ; ચોથે દિવસે પણ જુએ ને સ્વામીશ્રી જેવા ઊતરે કે તરત દંડવત્ કરે, કહે, 'સ્વામી ! રોજ રાહ જોતો'તો. કેમ મોડું થયું ? લાવો પોટલું... ઓશીકું... હાલો, પેલી મારી જાણીતી ઘોડાગાડી છે... સ્વામીશ્રીને એ ડોસો એકપણ વખત સ્ટેશને ન મળ્યો હોય એવું નથી બન્યું. પણ સ્વામીય એના શિરતાજ હતા. ઘોડાગાડીમાં બેસીને પ્રસાદ આપે, અરે બીજે જ દિવસે આવવાનું થાય, તોપણ તેને માટે (તાજી સલામની જેમ) પ્રસાદ તો લાવવાનો જ.

મકરાણામાં પણ મુત્સફા નામે મુસ્લિમ ડોસા આરસના વેપારી હતા. તે પણ 'નારાયણ સ્વામી'ના વહાલસોયા નામથી સ્વામીશ્રીને બોલાવે. મકરાણા ઊતરવાનું હોય. એટલે સ્વામીશ્રીના પોસ્ટકાર્ડે એ ઘોડાગાડી ભાડાની લઈને આવ્યા હોય. સાથે જ બેસે બધા વેપારીઓના માલની વિગત અને ભાવતાલ જણાવે. મકરાણા જવા માટે સ્વામીશ્રી અમદાવાદથી દિલ્હી મેઈલ જ પકડતા. સાંજે ૫ વાગે ઊપડે. III Classમાં ઉપલા પાટિયે સૂઈ જાય. સવારે ૬ વાગે અજમેર સ્ટેશને દાતણ કરવા ઊતરે, વળી પાછા નીચે ગિરદીમાં બેસીને ૮-૩૦ કે ૯-૦૦ વાગે ફૂલેરા જંકશન ઊતરે. સામે જ જોધપુર લાઇનમાં ગાડી હોય. તેમાં આખી ટ્રેન ફરી વળીને જે જગ્યા પસંદ કરે ત્યાં પોટલાં મૂકવાનાં. પોટલાં સાચવવા પ્રગટ ભગત બેસે. મારે અને સ્વામીશ્રીને ફૂટપાથ પરના ખુલ્લા નળે નહાવા જવાનું. સ્વામીશ્રી નીચે નાની પણ ચોકડી જેવી પાળી હોય ત્યાં બેસી જાય. મારે લોટે લોટે નવડાવવાના. એ જ ભીનાવાન... વસ્ત્રો ડબ્બા પાસે જઈને બદલે. અને પૂજા કરવા નીચેના પાટિયે બેસી જાય. પૂજા ચાલતી હોય ત્યાં કોઈ સ્ત્રી માગણ આવે, મહિલા પેસેન્જર આવે. સ્વામી કહે : 'બોલને અહીં સાધુ બેઠા છે, ન અવાય.' પૂજા પછી ભાતું લાવ્યા હોઈએ તે જમે. અમને કેવા સાચવ્યા છે તે તો આ લખતાં મારી આંખો કહી રહી છે. માને પોતાના બાળકને પોતાનું દૂધ પાતાં જે હેત ઊભરાય, તેના કરતાં ય ક્યાંય અધિક અસીમ હેતથી બોલાવે : 'અલ્યા દેવ,

લે, ઢેબરાં ને છૂંદો નથી ખાવો ? પ્રગટ, તને શું જોઈશે ?' પૂરી-ભાખરી આખા ટોપલામાંથી અમને બંનેને આપે, પછી પોતે પણ ઢેબરાં લઈને અથાણાના સંભાર સાથે જમી લ્યે. ૧૯૬૯ ની સાલમાં તો સતત ૧ મહિનો મકરાણામાં રહેવાનું થયું, ત્યારેય એ જ નાસ્તાનો ટોપલો દર વખતે અમદાવાદથી મગન જીજી (સારસાવાળા)એ ભરી આપતા તે, એ જ ટોપલામાંથી ૨૯ દિવસ અમો ત્રણેય તથા મુત્સફા અને ઈશ્વરલાલ સોમપુરા જમતા... મુત્સફાને તો સાથે જ રાખતા... સ્વામીને કૂવે નવડાવવામાં પણ તે પાણી ખેંચીને સેવા કરતા. જ્યારે તે અમદાવાદ મંદિરે આવે ત્યારે રોજ સ્વામીને દંડવત્ કરતા. આવો હતો સ્વામીનો નાતો... જેમાં પારકાય પોતાના બની જતા.... પોતાના હોય તે આત્મીય બની જતા ને આત્મીય હોય તે એમની પ્રીતિમાં ખોવાઈ જતા...

* * *

યોગીજી મહારાજના સમયમાં જ્યારે જ્યારે નવરાશના દિવસો સ્વામીશ્રી સારંગપુરમાં વિતાવતા. ત્યાં તે વખતે ૭ સાધુ અને ૧૫ વયોવૃદ્ધ ગૃહસ્થો રહેતા. તે બધા જ જૂના અને ઘણાખરા તો શાસ્ત્રીજી મહારાજ વખતના. તેમાં મોહન ખરીવાળો, ડોસો અનાજ સંભાળતો. બાવો કાઠી સીમ શેઢા સાચવતો, નાનુભાઈ લંગડો કોઠારમાં સેવા કરતો, નાનુભાઈ (ભાવનગર) ઉતારા સાફ કરતો, કાનો બેરો છાશવાળો. જીવો ડોસો પાછળનો ચૉક વાળતો. ભગો કોલસાવાળો કોલસા ભાંગતો. રાહો વાસણવાળો વાસણ જ સાફ કરતો, હીરો ભરવાડ ગૌશાળામાં, ભગુજી રસોઈયો, લાકડાં ફાડે ને રસોઈ પણ બનાવે.... સવારે વહેલા ૪ વાગે રોટલા ઘડે અને કોલસા ભાંગવા પણ ભગા જોડે જતો, નારાયણ પરોળિયો અર્ધ અંધજન ! અરજણ એન્જિનવાળો. જીવો આપો - મદદનીશ એન્જિનચાલક (જે હાલ હયાત છે), વલકુ કાઠી ઘોડાગાડીવાળા. આ બધા સ્વભાવે સંપૂર્ણ સેવાભાવી હતા. પણ કોઠારી સાથે કોઈને ન ફાવે ! સ્વામીશ્રી સારંગપુર પધારે. ત્યાં રહ્યા હોય તે દરમ્યાન જેટલી વખત ઑફિસમાં જાય ત્યારે ત્યાં ફરિયાદનો ઢગલો થયો જ હોય. ઑફિસ કોર્ટ સમાન થઈ જતી. પણ સ્વામીશ્રીએ વ્યવહારુતા અને સાધુતાથી તે બધાને નભાવ્યા અને સાચવ્યા હતા.

ભગા કોલસાવાળાની પાસે જઈને બેસે. તેની બેઠક તે કોલસાની ઓરડી,

જે મંદિરનાં પગથિયાં નીચે હતી, તે ઓરડી સામે રંગમંડપમાં જવાનાં પગથિયાંમાં સ્વામી બેસે. ભગો તેના કામને કારણે કાળો મેંસ, કપડાંય કાળાં, પણ તેને બેસીને સેવાની વાત સમજાવે. જીવા ડોસાને કોઈ નો'તું પૂછતું, પણ સ્વામી રોજ સાંજે પાછળના શૌચાલયમાં બહિર્ભૂમિ જતા ત્યારે સાંજે સાડા પાંચ-છ વાગ્યા હોય તે વખતે પાછા આવીને નાહ્યા વિના તેની સાથે બેસે... ટાઇમ હોય તો તેની સાથે બે લીમડા વચ્ચેનો ચૉક વાળે. પેલો ડોસો રડતો જાય અને વાત કરે. પણ સ્વામીશ્રીએ તેનાં આંસુ લૂછ્યાં છે અને તેને જીવતા સુધી રાખ્યો છે. નાનુભાઈ કોઠારમાં સેવા કરે. પણ કોઈ સાધુ કે ગમે તે હોય તો પણ ૩ દિવસની સુકાયેલી પૂરી કે કશું જ ન આપે. તેની સાથે બધાનો કાયમનો ઝઘડો હોય. પણ તેને વાત કરવા, સમજાવવા, કોઠારમાં બેસીને દર વખતે ટાઇમ કાઢતા. ઘણી વખત તો ૨-૩ કલાક તેની સાથે વાતે વળગ્યા હોય. બપોરનું કે સાંજનું જમવાનું જાય. પણ તેને પાછો બધાની સાથે સારા સંબંધે જોડી દેતા.

શાસ્ત્રીજી મહારાજની દેરીએ મોહન ભગત (ત્યાગી) ખાનદેશી રહેતા. તેમની સાથે કાયમ દેરીની સવાર-સાંજ ૧૨૫ પરકમ્મા ફરીને અડધો-પોણો કલાક બેસતા. તે ન હોય કે ઓરડે હોય તો હાલ પણ તે જ ઓરડો છે ત્યાં જઈને તેને સેવાનું પૂછતા, સંભાળ રાખતા. આમ, મંદિરની એક પણ વ્યક્તિને ન મળ્યા હોય એવું નથી બન્યું.

મોહન ખરીવાળો ધૂની મગજનો. તેને કોઠારી પણ કહી ના શકે 'ભાઈ ઘઉં ખૂટ્યા છે... બાજરી દળાવવાની થઈ છે...' કોઈ તેની પડખે પણ ન જાય. જમવામાં સૌથી છેલ્લો આવે. અને એનો રહેવાસ પણ હવેલીમાં નીચે છેલ્લી રૂમમાં. પણ સ્વામીશ્રી જેવા સારંગપુર આવે કે તરત જ તેમની પાછળ પાછળ ફરે, બોલે નહીં, પણ સ્વામીશ્રી સમજી જાય કે આને કામ છે. પછી બપોરે જમીને અથવા સાંજના ઊઠીને તેની રૂમે જાય. તેની કહાની સાંભળે, તેને સંત સ્વામીની વાત સાંભળવી કે માનવી તે સમજાવે. તે પણ રાજી થઈ જાય.

વલકુ ઘોડાગાડીવાળા સાથે, બોટાદ જતાં આવતાં ખેતીની વાત ચાલે. સીમમાં દેખભાળ રાખવાની, મંદિરમાંય રાત્રે આંટો મારવાનો, અને નવરો હોય ત્યારે દરવાજે બેસી પગીપણું કરવાનું સ્વામીશ્રી તેને અવશ્ય સૂચવતા.

સ્વામીશ્રી સારંગપુરમાં આવે એટલે સૌને એમ જ લાગતું કે 'મા' આવી. એવી સૌની સંભાળ લેતા. વિશાળકાય મંદિરમાં લોટની રૂમમાં જતા, છાશની રૂમ સફાઈ કરાવતા. પાછળ શંખલી કુંડ પાસે લીંબડી હતી. ત્યાં જઈને બેસતા, દરવાજા પાસે ખેતીનું અનાજ-કપાસ-મગફળી ભરવાની નાની ઓરડીઓ હતી (હજી છે) તેમાં રોજ સાંજે જાય. હવેલીમાં તે વખતે એક જણ રહેતો. ઉપરના માળે ધનજી સવજી (પટેલ) કડિયા રહેતા. તેને મળવા જાય જ. હવેલી નીચે એક તરફ હાથીખાનું કહેવાતું. ત્યાં મંદિરના મોટા બળદ બાંધતા. તેને જોવા અને સંભાળ માટે અવશ્ય ટાઈમ કાઢતા. પાછળના ૧૫ ઓરડા કહેવાય છે. ત્યાં તો રોજ સંત સ્વામી સાથે આંટો મારવા જાય જ. જ્યાં રહીને શાસ્ત્રીજી મહારાજે આવું ગગનચુંબી મંદિર બાંધ્યું છે તે ઝૂંપડીની જગ્યાએ હાલ દેરી છે. તેની જ બાજુમાં નાની ક્યારી (કૂઈ) હતી. પણ તેને પથ્થરથી ઢાંકેલી, ત્યાં રોજ રાત્રે ચેષ્ટા બોલીને બેસવાનું જ. દર્શનનું એક પણ સ્થાન સવાર-સાંજ એક પણ વખત ચૂકતા જ નહીં. આંબલીવાડી તો ત્યારથી જ 'કમાઉ દીકરો' હતી, માટે તેની સંભાળ તો જતન કરીને રાખતા. બે દિવસ રહેવાનું હોય તો પણ. રખેવાળ બાવા કાઠી સાથે લઈને વાડીને ચારેય શેઢે ફરીને, આંબળીવાલા ઓટે બે-ત્રણ કલાક કોઠારી સાથે જ કાઢે. સાંજ ઢળે પાછા આવે ત્યારે અવશ્ય હનુમાનજીના મંદિરે દર્શન કરીને જ આવવાનું.

સારંગપુરમાં સ્વામીશ્રીનું રહેવાનું, સૂવાનું, ખાવાનું જાહેરમાં રહેતું. આમ તો કોઈ મંદિરમાં પોતાની રૂમ રાખી જ નો'તી. અહીં બપોરે સૂવાનું શાસ્ત્રીજી મહારાજની રૂમમાં. રાત્રે સૂવાનું સભામંડપની બહાર બારણા પાસે. સારંગપુરમાં મને અત્યંત બીક લાગતી. લાઈટ નો'તી, ફાનસના અજવાળે જ કથા થાય જમવાનું-રહેવાનું બધું જ દીવાના અજવાળે... તે મંદિર અને સભામંડપ સિવાય ભોજનશાળા, રસોડું, કોઠાર ઉપર વાંસ અને નળિયાં જ હતાં. સ્વામી જમવા માટે જનરલ ચૉકમાં જ કોથળો નાખીને બેસતા. બધા જમતા હોય ને નળિયાં ને વાંસની વચમાં સાપ લબડે. તેઓ પણ ઉંદરને ખાવા ધમાચકડી મચાવે. સ્વામીશ્રી રોજના ટેવાઈ ગયેલા.

૧૯૬૬માં શાસ્ત્રીજી મહારાજના શ્રાદ્ધ પહેલાં સ્વામીશ્રી ત્યાં વ્યવસ્થા માટે ગયેલા. તે વખતે મને પ્રેમ જાગ્યો અને નડિયાદવાળા કૃષ્ણલાલ પાસે

એક પાટ (બાકડો) કરાવેલી. તે રાત્રે સંત સ્વામીની મંજૂરી લઈ તેમને બતાવીને પાથરી. પણ પહેલ વહેલું તેમનું આસન પાટ પર જોયું, અને બોલ્યા, 'અલ્યા, આ શું ? કોણ લાવ્યું ? કોણે મંગાવી ? મારે જરૂર નથી... નીચે મારે કાંઈ હાડકાં નથી દુઃખતાં. નીચે પથારીમાં નાનમ આવી જાય છે ? તને ડહાપણ કરવાનું કહ્યું કોણે ? આ નવા બાંકડાનો ખર્ચ ક્યાંથી અપાવ્યો ?'

'નડિયાદથી.' મેં કહ્યું. સ્વામીશ્રી કહે, 'મારે માટે તારે કશું ના વધારવું. આપણે જેમ છીએ તેમ બરાબર છીએ.' આમ લગભગ અડધો કલાક હાથમાં ફાનસ રાખીને બારણા પાસે જ ઊભા ઊભા બોલ્યા. મારી સાથે બોલવામાં તો વચમાં માંખ આવે તો માંખનેય ધક્કો વાગી જાય. તે વખતે મારું અબુધ, અજ્ઞાન બાળક સમાન જીવન, તેથી 'મારું ઘડતર થાય છે.' તેની મને ખબર નો'તી. તેથી હુંય સામે બોલી નાખતો. સંત સ્વામી કહે : 'સ્વામી, રહેવા દો, સૂવોને. આ તો તમારું ઘર છે, કોઈ બોલવાનું નથી. એ બીચારો લાવ્યો છે. તો સૂવોને.' પછી પાટ ઉપર સૂવા માટે બેઠા અને તરત બોલ્યા, 'એવોયે ક્યાં સૂઈ જશે ? એને એકલા બીક લાગે છે. માટે આપણે નીચે જ બરાબર છે...' અને સ્વામીશ્રી નીચે સૂતા ! એમની ઉપેક્ષામાંય હેત છલકાતું હોય તેવા પ્રસંગો અમારે નવા નહોતા... આવા પ્રસંગો જ આજે મારી મોટી મિરાંત છે...

* * *

જ્ઞાનેશ્વર સ્વામી

સારંગપુર

જૂનાગઢમાં ઈગલ સિમેન્ટ પાઈપ્સના પ્રાંગણમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સાંનિધ્યમાં હરિલીલાકલ્પતરુની પારાયણ હતી. સ્વામીશ્રી ત્યાં પધાર્યા હતા. ઉતારો નાની પતરાંની ઓરડીમાં હતો. મહેશ ગઢિયા નામનો યુવક, મારાથી ઉંમરમાં મોટો પણ અમે સેવામાં સાથે હતા. તે મને સ્વામીશ્રીનાં દર્શને લઈ ગયો. તે વખતે સ્વામીશ્રી યુવાન, કાળી ભરાવદાર દાઢી, નાસિકાનું લાલ ચિહ્ન તે વખતે વધુ સ્પષ્ટ હતું, અને ગંભીર મુખમુદ્રા નીરખી તે વખતે હું સ્તબ્ધ થઈ ગયો હતો. સ્વામીશ્રીનાં આ પ્રથમ દર્શન હતાં. મને વિશેષ કોઈ ખ્યાલ નથી પરંતુ ત્યાર પછી ગોંડલ જતો અને સ્વામીશ્રી ત્યાં બિરાજતા હોય તો રસ્તામાં રમતાં રમતાં ચરણસ્પર્શ કરતો... એટલો જ સંબંધ.

૨૩મી જાન્યુઆરી, ૧૯૭૧માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અંતર્ધાન થયા તે સમાચાર હું વડોદરા ભણતો ત્યાં હૉસ્ટેલમાં મળ્યા. રાતોરાત ગોંડલ પહોંચ્યો કે યોગીબાપાનાં અંતિમ દર્શન થાય. પરંતુ સંજોગોવશાત્ અગ્નિસંસ્કાર થઈ ગયા હતા. રાત્રે ૧-૦૦ વાગે અગ્નિસંસ્કારના સ્થળે રડતાં રડતાં દંડવત્ કર્યા. સભામંડપમાં પહોંચ્યો. બધું સૂમસામ હતું. કો'કે મને કહ્યું : 'પ્રમુખસ્વામી, ઉપર ઓરડીમાં છે.' હું ઉપર ગયો અને સ્વામીશ્રીને દંડવત્ કર્યા. સ્વામીશ્રીએ ઓળખાણ પૂછી. આશ્વાસનના બે શબ્દો કહ્યા. ત્યારથી કોણ જાણે કેમ, પણ સ્વામીશ્રી પ્રત્યે અંતરમાં થોડું આકર્ષણ પ્રગટ થયું.

સત્સંગનો બહુ રંગ નહીં, પણ ૧૯૭૨માં ઉનાળાનું વૅકેશન પડ્યું. ઘરે જવાની તૈયારી કરી ત્યાં સમાચાર મળ્યા કે સ્વામીશ્રી સારસા બિરાજમાન છે. એમની જ કૃપાથી વિચાર સ્ફુર્યો કે સ્વામીશ્રીનાં દર્શન કરી પછી ઘરે જઈશું. સાંજે સારસા પહોંચ્યો. સ્વામીશ્રીના ઉતારે આવ્યો. ત્યાં થોડી જ વારમાં સ્વામીશ્રી પધરામણી બાદ ઉતારે આવી સ્નાન કરવા પધાર્યા. હું

બાથરૂમની બહાર ઊભો ઊભો દર્શન કરતો હતો. સ્વામીશ્રી મને ઓળખી ગયા. નજીક બોલાવ્યો. આશીર્વાદ આપ્યા. મને બીજી કશી ગમ નહીં. પ્રગટ ભગતના કહેવાથી સ્વામીશ્રીના ચરણારવિંદ પર હલકો હાથ ફેરવતો રહ્યો. સ્વામીશ્રી રાત્રિ ભોજન લેવા બેઠા. ત્યારે પણ હું બારણે ઊભો ઊભો દર્શન કરતો હતો. સ્વામીશ્રીએ કેરીની બે ચીરીઓ દેવચરણ સ્વામી સાથે મોકલી. પ્રસાદી મળી એવો કોઈ મહિમા નહીં. છતાં મને આનંદ થયો. બીજે દિવસે રજા લેવા ગયો તો પૂર્ણાહુતિ કરીને જવા કહ્યું. આથી રોકાયો. પછી કહે, 'અમારી સાથે વિચરણમાં આવો ને !' મારાથી હા પડાઈ ગઈ. પણ બીજાં થોડાં કપડાં વડોદરાથી લઈ ફરી પાછા બદલપુર પારાયણથી જોડાવાનું નક્કી કર્યું. એ જ દિવસથી સ્વામીશ્રીએ અંતરને નવો મોડ આપ્યો. વિચરણમાં ઘણા યુવકો સાથે હતા. સ્વામીશ્રી સૌ સાથે ગમ્મત વિનોદ કરે. પરંતુ મારી સાથેના વ્યવહારમાં તો ગંભીર ભાવ જ અનુભવાતો, પણ એ ગંભીર ભાવમાં જ હું શી રીતે તણાયો એનો મને ખ્યાલ આવતો નથી. ત્યાર પછી રજાના દિવસો સ્વામીશ્રી સાથે જ ગાળવાનું સહેજે થતું.

* * *

ભાદરણમાં એકાદશીનો દિવસ. ઉનાળાની સખત ગરમીમાં ઉપવાસ અને એમાં વળી પધરામણીઓ કરી સ્વામીશ્રી મંદિરે ઉતારે પધાર્યા. સ્વામીશ્રીને રાહત રહે એ હેતુથી પ્રગટ ભગતે માટલાનું શીતળ પાણી સ્નાન માટે તૈયાર રાખ્યું હતું. સ્વામીશ્રી બહિર્ભૂમિ થઈ સ્નાન માટે બાથરૂમમાં પાટલા પર બેઠા. અમે સૌ યુવકો સ્નાન કરાવવા તૈયાર થઈ ગયા. પ્રગટ ભગતે વિનંતી કરી કે ગરમી છે. સ્નાન કરાવવાનું રહેવા દો. પણ અમારી મૂઢ અવસ્થા, આથી ઉત્સાહ શમ્યો નહીં. સ્વામીશ્રીએ યુવકોને નિરુત્સાહ ન કરતાં કહ્યું, 'સૌને આવવા દો.' પછી પ્રગટ ભગતે તોડ કાઢ્યો એ પ્રમાણે અમે પચાસથી સાઈઠ કિશોરો, યુવકોએ સ્વામીશ્રીનાં ચરણો પર પાણી રેડી એમને સ્નાન કરાવ્યાનો સંતોષ માણ્યો. પચાસ-સાઈઠ હાથોનો ઘસારો. પાણીની શીતળતા એમનાં ચરણોને તો શું સ્પર્શી હશે પણ ગરમીની ઉપેક્ષા કરી એમણે તો અમને સૌને શીતળતા આપી.

* * *

જૂનાગઢના સંત સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામીએ 'ગુણાતીતાનંદ સ્વામીની

વાતો'નાં પાંચ પ્રકરણો છપાવીં પ્રસિદ્ધ કર્યાં હતાં. ત્યાર બાદ જૂના ખરડાઓના આધારે શ્રી કૃષ્ણજી અદાએ સાત પ્રકરણો પ્રસિદ્ધ કરેલ. સમય જતાં એક વ્યક્તિએ ચૌદ પ્રકરણો પ્રસિદ્ધ કર્યાં. પરંતુ એમાં સંપાદકે પોતાના વિચારો પણ ઉમેરી દીધા હતા. આથી સંસ્થાએ મૂળ ખરડાઓ પ્રમાણે 'સ્વામીની વાતો'ની નવી પ્રત છપાવી પ્રસિદ્ધ કરી હતી. ગુરુપરંપરા સંબંધી, ઉપાસના સંબંધી અણસમજણને કારણે અમુક સત્સંગીઓ આનો ખોટો અર્થ લઈ બેઠા કે કોઈને જાગા ભગતનો મહિમા નથી. આ સંબંધી ચર્ચા વડોદરા યુવક મંડળમાં પણ ચાલી. બીજી કંઈ લાંબી ટૂંકી સૂઝ વિના અમે થોડા યુવકોએ નક્કી કર્યું કે આ માટે કંઈ કરવું જ જોઈએ. પરિણામે આ નવી પ્રતનો વિરોધ દર્શાવતી અમારા સૌની સહીવાળી એક પત્રિકા છપાવી ગામોગામ સત્સંગ મંડળો પર પોસ્ટ કરી. થોડા સમય પછી ગુરુપૂર્ણિમાના સમૈયા પર બોચાસણ જવાનું થયું. સૌ સંતો હસતાં હસતાં મને કહેતા : 'લ્યા તું આમાં ક્યાંથી ભળ્યો ?' સંસ્થાવિરુદ્ધ પ્રવૃત્તિથી રાજી કોણ થાય ?

ગુરુપૂર્ણિમાને બીજે દિવસે સવારે સ્વામીશ્રી જાગ્યા ત્યારે અમે બે-ત્રણ યુવકો સ્વામીશ્રીના ઓરડામાં ગયા. સ્વામીશ્રી પથારીમાં જ બેઠા હતા. અમે સૌ પગ દબાવવા બેઠા. સ્વામીશ્રીએ ધ્યાન કરી થોડીવારે આંખો ખોલી અમારી સામે નજર ફેરવી. પ્રગટ ભગતે પત્રિકાની વાતનો મમરો મૂક્યો. સ્વામીશ્રી ખૂબ જ શાંતિથી મને સમજાવતાં કહે : 'જો આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજ. એમાં ભગતજી મહારાજ અને જાગા સ્વામી બંને આવી ગયા. શાસ્ત્રીજી મહારાજને કોનો મહિમા ઓછો હતો ? પણ આ તો અણસમજણ. આપણે પ્રગટમાં બધું આવી ગયું.' ગુરુપૂર્ણિમાને દિવસે ગુરુમંત્ર સવારમાં જ મળી ગયો. બાળકની નાદાનિયત માતા સહજતાથી સહન કરી લે એ જ પ્રમાણે સ્વામીશ્રીએ મારી ભૂલ પ્રતિ ઉપેક્ષા દાખવી સીધી દિશા આપી.

* * *

૩જી ડિસેમ્બર, ૧૯૭૩ના દિવસે સ્વામીશ્રીનો ૫૩મો જન્મજયંતી ઉત્સવ અમદાવાદને આંગણે ઊજવવાનું નક્કી થયું. સાથે સાથે અમદાવાદ મંદિર પર સુવર્ણકળશ સ્થાપવાનું પણ નક્કી થયું હતું. આ ઉત્સવ નિમિત્તે નવયુવાનોને દીક્ષા આપવાનો સ્વામીશ્રીનો સંકલ્પ. સ્વામીશ્રીની ૫૩મી જન્મજયંતી હતી. આથી ૫૩ નવયુવાનોને દીક્ષા આપવી એવો વિચાર સૌ

સંતોએ ઉમેર્યા. સાથે ફરતા સૌ કિશોરોને, યુવકોને સ્વામીશ્રી પણ અવારનવાર આ અંગે પ્રેરણા આપતા અને દૃઢતા કરાવતા. સત્સંગી વાલીઓને પણ પુત્રને આ માર્ગે ચાલવા અનુમતિ આપવા સમજાવતા. એમ છતાં પણ ન સમજે તો ક્યારેક સ્વામીશ્રી એમના અલૌકિક ભાવમાં પણ આવી જતા.

મારે દીક્ષા માટે નીકળવાનું હતું. આ નિમિત્તે રાજકોટ સત્સંગ મંડળે એક વિદાયસભાનું આયોજન રજપૂતપુરાના મંદિરે કરેલું. સભાના અંતે સૌ સ્વામીશ્રીના ચરણસ્પર્શ કરવા આવતા હતા. જૂનાગઢના એક હરિભક્ત આવ્યા. એમના પુત્રની સાધુ થવાની ઇચ્છા, પણ તેઓ સંમતિ આપતા નહોતા. સ્વામીશ્રીએ તેમનો હાથ પકડ્યો અને કહેવા લાગ્યા, 'દીકરાને રજા આપી દ્યો.'

'બાપા ! હજુ નાનો છે. ભણાવીને મોકલીશ.' એમ કહી તેઓ આગળ સરકવા લાગ્યા. મૂળ તો અંતરમાં રજા આપવાનો સંકલ્પ નહીં આથી ભણવાના નિમિત્તે સમય કાઢવાનો જ વિચાર. પરંતુ સ્વામીશ્રી પાસે આ કપટ ક્યાંથી અછતું રહે ? સ્વામીશ્રી સમજાવવા લાગ્યા : 'અહીં ભણશે... આગળ વધશે...' પણ પેલા હરિભક્ત નન્નો જ ભણતા રહ્યા. અંતે સ્વામીશ્રી એકદમ ભાવમાં આવી ગયા. ટટ્ટાર થઈ કેફમાં બોલ્યા : 'પછી આવા પુરુષ માગનારા નહીં મળે. સમજી જાવ.' પણ હરિભક્તનું મન માન્યું નહીં. સ્વામીશ્રીએ પણ અંતે એમની ઉપેક્ષા કર્યા વિના એમને જવા દીધા. જોકે એ કિશોર પછીથી ખોટી સોબતે ચડી જતાં સાવ હાથથી ગયો. એ અંગે એમના પિતાશ્રી હંમેશાં દિલગીરી વ્યક્ત કરતા રહ્યા, 'બાપાએ માગ્યો ત્યારે ન આપ્યો અને આ સાવ હાથથી ગયો.'

* * *

રાજકોટથી સ્વામીશ્રી અમદાવાદ આવવા નીકળ્યા. રસ્તામાં લીંબડીથી પણ એક યુવકને દીક્ષા લેવા સાથે આવવાનું હતું. એને લેવા સ્વામીશ્રી લીંબડી એ હરિભક્તના ઘર આગળ ઊભા રહ્યા. યુવકના પિતા અનુમતિ આપતા હતા પણ એની માતાનો સખત વિરોધ હતો. સ્વામીશ્રીએ એ હરિભક્તને પોતાનાં પત્નીને સમજાવવા વાત કરી. હરિભક્ત કહે : 'બાપા ! એ માને એમ નથી.'

'શું ન માને ? સમજાવો. ક્યાં ખોટે માર્ગે જાય છે ?' સ્વામીશ્રીએ એક પછી એક સમજૂતી રજૂ કરી. રાત્રિના અંધકારમાં સ્ટ્રીટ લાઇટના ઝાંખા અજવાળે આ વાટાઘાટો ચાલી. પણ પેલા હરિભક્ત 'પત્નીને પોતે સમજાવી શકે તેમ નથી' એ જ વાતનું પુનરાવર્તન કરતા રહેતા. સ્વામીશ્રીએ પ્રથમ શાંતિથી પણ પછી ખૂબ આગ્રહપૂર્વક સમજાવ્યા, પરંતુ એ હરિભક્ત ન માન્યા.

અંતે સ્વામીશ્રી જાણે કશું જ બન્યું નથી એ રીતે ફાર્ગોમાં પોતાની બેઠક પર બિરાજ્યા અને ગાડી અમદાવાદ તરફ ચાલી.

'કેટલા યુવાનો સાધુ થશે ? લિસ્ટ બનાવો.' સ્વામીશ્રીના આ આદેશે અમે સાથે ફરતા યુવકો મોટી આશા સાથે લિસ્ટ બનાવવા બેસતા. પણ સંખ્યા વધી વધીને ૩૦ થી ઉપનો આંકડો વટાવતી નહીં. અમને થતું સ્વામીશ્રી ૫૩ને દીક્ષા આપવા ધારે છે પણ આંકડો જરા ઉલટાવી નાંખીએ, ૩૫ થાય તોપણ ભયો ભયો. સ્વામીશ્રીને આ લિસ્ટ વંચાવીએ ત્યારે સ્વામીશ્રી એકદમ સ્થિરતાથી એક જ વાક્ય ઉચ્ચારતા, 'થઈ જશે.' અને ખરેખર તા. ૨જી ડિસેમ્બરે બીજા અજાણ્યા ચહેરાઓ પણ ચમકવા લાગ્યા. ક્યાં ક્યાંથી યુવકો આવતા એ આશ્ચર્ય જ રહેતું. સ્વામીશ્રીએ કેટલા યુવકોને કાનમાં મંત્ર મૂક્યા હશે ?! તા. ૩જી ડિસેમ્બરે સવારે ૫૩ નો આંક વટાવી સ્વામીશ્રીએ ૫૬ યુવકોને દીક્ષા આપી.

દીક્ષા બાદ અમને ૨૬ પાર્ષદોને સંત સ્વામીના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરવા સારંગપુર મંદિરે રાખ્યા. અનુપમ ભગતને (ભગવત્પ્રિય સ્વામીને) અધ્યાપક તથા વ્યવસ્થાપક તરીકે સાથે મોકલ્યા. અભ્યાસ માટે તથા રહેવા-જમવાની વ્યવસ્થા માટે સારંગપુરના કોઠારીને પણ સ્વામીશ્રીએ સૂચનાઓ આપેલી. સારંગપુરની જીવનશૈલી એ વખતે એકદમ ગામઠી. સવારે નાસ્તામાં રાતના વધેલા સૂકા રોટલા અને છાશ જ હોય. સંતો ક્યારેક એ સૂકા રોટલા ગરમ કરી આપે પણ કોઠારી એની પર ઘી ચોપડવા ન દે. ઉપવાસની આગલી રાત્રે ઘણીવાર રસોઈ ખૂટતી. કોઠારીની આવી ભોજનની કરકસર અંગે ફરિયાદ કરવા અમે ત્રણ-ચાર પાર્ષદો સ્વામીશ્રીને મળ્યા. સ્વામીશ્રીએ શાંતિથી અમને સાંભળ્યા. પછી ધીરેથી કહ્યું : 'આપણે ક્યાં ખાવા માટે સાધુ થયા છીએ !' એક જ વાક્યમાં અમને આવા ખાવા-પીવાના ટંટામાં પડી જીવન ગુમાવતાં બચાવ્યા અને સાધુતાના માર્ગે આગળ

ધપવા પ્રેરણા આપી. કોઠારી માટે એક પણ મોળો શબ્દ ન ઉચ્ચાર્યો. જોકે પાછળથી કોઠારીને બોલાવી આ અંગે સૂચના પણ આપી દીધી. ભક્તોએ સેવા કરવામાં, સુવિધાઓ મેળવવામાં લવાંઝવાં ન કરવા અને વ્યવસ્થાપકે ભાવપૂર્વક સારી વ્યવસ્થા કરવી. આમ, બંને પક્ષે એકબીજા માટેનું ઘસાતું કહ્યા વિના બંનેને યોગ્ય માર્ગદર્શન આપ્યું.

મને ભણવાનો ઉમંગ બહુ. સંસ્કૃતમાં વિદ્વાન્ થવું એવી મહત્ત્વાકાંક્ષા. જોકે એવી હોંશિયારી નહીં, છતાં સ્વામીશ્રી મનને સંતોષવા આશીર્વાદ આપતા કે 'પંડિત થશો.' અભ્યાસ દરમ્યાન ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ આવ્યો અને એ નિમિત્તે એક વર્ષનું વૅકેશન પડ્યું. ભગવાન સ્વામિનારાયણનો સંદેશો પ્રસરાવવા સંતોનાં મંડળો ગામોગામ વિચરણ કરવા લાગ્યાં. આ ઉત્સવ પ્રસંગે ત્યાગીની દીક્ષા લેવા ઘણા નવયુવાનો ઊમટતા. ચોતરફથી આવતા આ નવયુવાનોને યોગ્ય માર્ગદર્શન મળી રહે એ હેતુસર સ્વામીશ્રીની આજ્ઞાથી ડૉક્ટર સ્વામી તથા આચાર્ય સ્વામીએ 'સાધક તાલીમ કેન્દ્ર'નો પ્રારંભ કર્યો. અને ડૉક્ટર સ્વામીની આજ્ઞાથી આ તાલીમ કેન્દ્રની સેવા મને મળી. સ્વામીશ્રીએ વિદેશપ્રવાસથી પણ આ અંગે આશીર્વાદ પાઠવ્યા. ત્યારે તો ઉત્સાહથી સેવામાં જોડાયો પણ મનમાં ડર રહેતો કે 'આ કાયમી તો નહીં થાય ને ! મારું ભણવાનું શું ?' અને મારો આ ડર સાચો પડ્યો. ઉત્સવ દરમ્યાન એક દિવસ સ્વામીશ્રીએ મને બોલાવી આ સેવામાં જોડાવા માટે કહ્યું. ભણવાનું બંધ થશે અને આશાના મિનારા ભાંગી પડશે. એ ભય તો ખરો પણ સાથે એ પણ દ્વિધા રહેતી કે યોગ્યતા વિના આવી જવાબદારીની સેવામાં કોઈને સુખ ન આવે. આથી ગુણાતીતાનંદ સ્વામીની વાતનો ઉલ્લેખ કરતાં મેં નનૈયો ભણતાં કહ્યું : 'પલોટ્યા વિનાના ઘોડાને ચડાઉ કરી દેવામાં આવે તો ઘોડાને પણ સુખ ન આવે ને બેસનારને પણ સુખ ન આવે. એવું મારું પણ થાય અને અન્યનું પણ થાય.' સ્વામીશ્રીએ ફરીથી હિંમત આપતાં સેવા સ્વીકારવા કહ્યું, પણ હું દ્વિધાભરી સ્થિતિમાં મૌન જ રહ્યો. ત્યાર પછી તો ચર્ચાવિચારણાને અંતે મારે ભણવું પણ ખરું અને સાથે સાથે તાલીમકેન્દ્રમાં મદદરૂપ થવું એમ નક્કી થયું. જોકે ત્યાર પછી મારે ભણવાનું કંઈ ઠેકાણું પડ્યું નહીં, ભણવામાં મન પણ લાગ્યું નહીં અને અંતે સીધો કાન ન પકડતાં અવળા હાથે કાન પકડી

સેવામાં સંપૂર્ણપણે જોડાવાનું થયું. મોટાપુરુષની આજ્ઞામાં મેં મારું ડહાપણ ડહોળ્યું પરંતુ સ્વામીશ્રીએ જાણ્યે-અજાણ્યે ક્યારેય પણ એ બાબતનો અણસાર પણ આવવા દીધો નથી. છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ન થાય. મારા જેવાના ગડદાપાટુ એમણે હસતે મોઢે સહન કરી માતાનું વહાલ જ વરસાવ્યું છે. આપણી વધુ પડતી અપેક્ષાઓને કારણે, આપણા જ દોષને કારણે સ્વામીશ્રીમાં મનુષ્યભાવ આવે અને આપણે દુઃખાઈએ તેમ છતાં આવા સમયે સ્વામીશ્રીના અંતરમાં દુઃખ થતું અનુભવ્યું છે. કેવી કરુણા !!

ત્યાર પછી તો ઘણા પ્રસંગોમાં સ્વામીશ્રીનું પ્રથમ સૂચન જ યથાર્થ નીવડેલું જોયું છે. સ્વામીશ્રી માર્ગદર્શન આપે : 'આ પ્રમાણે કાર્ય કરશો.' કાર્યકર્તાઓ કહે : 'સ્વામી ! આમ કરીએ તો વધુ સારું.' ત્યારે સ્વામીશ્રી એમાં ભળી જાય અને કહે : 'સારું ત્યારે એમ કરો.' કાર્યકર્તાઓ એ રીતે કાર્ય કરવામાં આગળ ધપે પણ અંતે પાછા જ પડવાનું થાય અને સ્વામીશ્રીના પ્રાસંગિક સૂચન પ્રમાણે જ અંતે કાર્ય સંપન્ન થાય. છતાં સ્વામીશ્રીના મુખેથી ક્યારેય અહંકારભર્યા શબ્દો ઉચ્ચારાયા નથી : 'જોયું ? અંતે મેં કહ્યું હતું તેમ જ કરવું પડ્યું ને ! પહેલેથી માન્યું હોત તો ?'

* * *

૧૯૭૭માં સ્વામીશ્રી ફૂલદોલના ઉત્સવે સારંગપુર પધાર્યા હતા. સ્વામીશ્રીનું રોકાણ ટૂંકું હતું. સારંગપુરથી નીકળવાને એકાદ દિવસ જ બાકી રહ્યો હતો. હરિભક્તો મળનારા ઘણા જ હતા. સમય થોડો ને કામ ઝાઝાં. સ્વામીશ્રીને એની ઉતાવળ હતી. એ ઉતાવળમાં જ એમના ઓરડા ભણી જઈ રહ્યા હતા. ત્યાં યોગી આશ્રમના દાદરા પાસે ગૌતમ ભગતે સ્વામીશ્રીને ઉપરના માળે નવા તૈયાર થયેલા સંસ્કૃત પાઠશાળાના પુસ્તકાલયના ખંડમાં પધારી, સંગીતનાં વિવિધ વાદ્યો સાથે ફોટા પડાવવા વિનંતી કરી. સ્વામીશ્રી એકદમ આકળા થઈ ગયા : 'આટલા દિવસોથી હું અહીં છું. વહેલા કહેવું હતું ને ! અત્યારે છેલ્લા દિવસોમાં મારે બીજું ઘણું કામ હોય... જાવ નહીં આવી શકાય...' એમ કહેતાં એમના ઓરડા તરફ બે ડગલાં પણ નહીં ભર્યાં હોય ત્યાં તરત પાછા ફરી ઉપર દાદરો ચડવા મંડ્યા. નિરાશાથી મ્લાન થયેલા સંતોના મુખ પ્રફુલ્લિત થઈ ગયાં. સ્વામીશ્રી ઉપર પધાર્યા અને એવાં

ગમ્મતો કરતા, કરાવતા, હાસ્ય વેરતા સંગીતનાં વિવિધ વાદ્યો સાથે તેમણે ફોટા પડાવ્યા કે ખંડમાં ઉપસ્થિત સૌનાં હૈયાં આનંદસાગરમાં હિલોળવા લાગ્યાં. એક ક્ષણ પૂર્વનો આક્રોશ - પછી આવા હળવાફૂલ બની, હાસ્યના તરંગે તરતા થઈ શકાય ખરું ? ભક્તોને રાજી કરવામાં સ્વામીશ્રીનું આવું વિશિષ્ટ દર્શન અનેકવાર આશ્ચર્ય ઊપજાવતું રહ્યું છે !

* * *

૧૯૮૨માં સ્વામીશ્રી સાથે વિદેશપ્રવાસમાં સેવાની તક મળી. પત્રલેખનની તથા અહેવાલલેખનની બંને સેવા કરવાની હતી. લંડનમાં એક વખત એવો પ્રસંગ બન્યો કે સ્વામીશ્રીએ રમેશભાઈ હાથીભાઈ પટેલ પર કાંઈ અંગત કામ અંગે પોતે જાતે જ પત્ર લખ્યો, મને આપતાં કહે : 'સરનામું ખબર છે ને !' મેં વિશ્વાસપૂર્વક હા પાડી. મને એમ કે સરનામાની ડાયરીમાં સરનામું હશે જ ને. પણ કોણ જાણે કેમ ડાયરીમાં એમનું સરનામું હતું જ નહીં. હરિભક્ત જાણીતા હતા આથી મેં વિવેકસાગર સ્વામી, નારાયણચરણ સ્વામી તથા અન્ય સાથે ફરતા તમામ સંતોને સરનામું પૂછ્યું પણ કોઈને ખ્યાલ નહીં. આથી અંતે 'પટેલ ટ્રેક્ટર, આણંદ' એમ સરનામું કરી, ટપાલ પોસ્ટ કરવા અરુણકુમારને આપી દીધી. રાત્રે આરામમાં જતી વખતે સ્વામીશ્રીએ મને પૂછ્યું : 'શું સરનામું કર્યું ?' મેં ઉપરોક્ત બધી વાત કરી અને અંતે ઑફિસના સરનામે પત્ર પોસ્ટ કરી દીધો છે એમ વાત કરી, મને ગર્વ હતો કે મેં કામ અટકવા દીધું નથી, ડાયરીમાં સરનામું નથી પણ તોડ કાઢી લીધો છે. પણ ત્યાં તો સ્વામીશ્રીએ મારો ઉધડો જ લીધો : 'ખબર નહોતી તો મને પૂછવું 'તું. એમના ઘરે ટપાલ પોસ્ટ કરવાની હતી.' પછી રમેશભાઈના ઘરનું સરનામું, જે હંમેશાં સાથે ફરતા, એમના ઘરે પધરામણીએ જઈ આવનાર કોઈ સંતોને પણ યાદ નહોતું, તે સ્વામીશ્રીએ તરત જ મને લખાવી દીધું.' રાત્રે જ અરુણકુમારને ફોન કરી ટપાલ પાછી મંગાવી લીધી અને ભૂલ સુધારી લીધી. પણ મને આશ્ચર્ય એ જ રહ્યું કે આવા કેટલા હરિભક્તોનાં સરનામાં એમને યાદ હશે ?!

* * *

ઈ.સ. ૧૯૯૦માં સ્વામીશ્રીની ૭૦મી જન્મજયંતી સારંગપુરમાં ઊજવવાનું નક્કી થયું. સાથે સારંગપુર મંદિરને ૭૫ વર્ષ પૂરાં થતાં હોઈ દસ

દિવસનો ઉત્સવ ઊજવવા સ્વામીશ્રીએ અનુમતિ આપી. આ પ્રસંગે દેશ-પરદેશથી ઘણા હરિભક્તો આવે, એમની ઉતારાવ્યવસ્થા આ નાનકડા ગામમાં શી રીતે શક્ય બને ? મંદિરની ઉતારાની વ્યવસ્થા આ ઉત્સવ પ્રસંગે પૂરતી ન કહેવાય. સ્વામીશ્રીને હરિભક્તોની ચિંતા. આથી મંદિરમાં જ નવા ઓરડા બાંધવા એમ સ્વામીશ્રીએ નક્કી કર્યું. અને આ ઉતારા સ્મૃતિમંદિરના પાછળના ખેતરમાં બાંધવા એમ પણ સ્વામીશ્રીએ જ નક્કી કરી આપ્યું. જોકે મંદિરના માસ્ટર પ્લાનમાં આ વાત બંધબેસતી નહોતી, આથી મેં અને અક્ષયમુનિ સ્વામીએ સ્વામીશ્રી પાસે રજૂઆત કરી. સ્વામીશ્રીને તો ઉતારા બાંધવા એ જ એક તાન હતું. આથી અમે અમારી વાત પડતી મૂકી. ટૂંકા સમયગાળામાં ભક્તવત્સલ સ્વામીએ જહેમત ઉઠાવી ઉતારા તૈયાર પણ કર્યા. સમૈયો અભૂતપૂર્વ ઊજવાયો. પરંતુ સ્વામીશ્રી સારંગપુરથી વિદાય લેવાના હતા ત્યારે એક રાત્રે ઉત્સવની સફળતા અંગે પ્રસન્નતા વ્યક્ત કર્યા બાદ ભક્તવત્સલ સ્વામીને કહે : 'ઉતારા તૈયાર થઈ ગયા અને હરિભક્તો સચવાઈ ગયા. કોઠારી ! તમારા પૈસા વસૂલ.'

સમૈયા પછી સામાન્ય દિવસોમાં તો મંદિરમાં ઓરડાઓ ખાલી પડ્યા રહે, પણ એક વખત પણ હરિભક્તો સચવાઈ જાય એનાથી સ્વામીશ્રીને સંતોષ છે.

સ્વામીશ્રીના જીવનપ્રસંગો તો અગણિત અપાર છે. પરંતુ મહિમાપૂર્વક એનો આસ્વાદ માણી શકીએ એ જ પ્રાર્થના.

* * *

ભગવત્પ્રસાદ સ્વામી

મહેસાણા

ઈ.સ. ૧૯૭૦માં પ્રમુખસ્વામી મહારાજ તથા સંત સ્વામીના સાન્નિધ્યમાં કંથારિયા મુકામે મોડભા દરબારના નિવાસસ્થાને ત્રણ દિવસની પારાયણ યોજાઈ હતી. તે સમયે સ્વામીશ્રીની સેવામાં દેવચરણ સ્વામી હતા. અને સંત સ્વામીની સેવા મને મળી હતી. પૂર્ણાહુતિને દિવસે કથાના અંતે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. કથા ઓસરીમાં થતી અને અંદર રૂમમાં ઠાકોરજી માટે દેવસ્વામી અને હું રસોઈ બનાવતા હતા. કથાની સમાપ્તિ બાદ સ્વામીશ્રીએ રૂમનો દરવાજો ખોલ્યો. ઠાકોરજીના થાળ માટે હું લાકડામાંથી બનેલા કોલસા ઉપર રોટલી ફુલાવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. આ જોઈને સ્વામીશ્રી સહજપણે મારી સામેના પાટલે બેસી ગયા. મારી સામે રોટલી શેકવા મંડી પડ્યા ! રોટલી વણતાં વણતાં તે સમયે તો મને લાંબો વિચાર ન આવ્યો. પરંતુ પછીથી સમજાયું કે સંસ્થાના ધણી અને સદ્ગુરુપદે હોવા છતાં, વળી પારાયણના સુંદર વક્તા હોવા છતાં એમને સેવામાં જે નિર્માનીપણું દર્શાવ્યું ને હસતાં હસતાં સેવામાં લાગી ગયા. તે ખરેખર મહાન આશ્ચર્યસમું હતું. આજ સુધી હજુ મારા સ્મૃતિપટ પરથી અને હૃદયમાંથી એ મૂર્તિ વીસરાતી નથી.

* * *

૧૯૮૧, ગુરુપૂર્ણિમાના ત્રણ દિવસ પહેલાં સારંગપુરમાં સંધ્યા આરતી બાદ એકાએક સ્વામીશ્રીએ મને બોલાવ્યો. જ્યારે મેં રૂમમાં પ્રવેશ કર્યો ત્યારે સ્વામીશ્રી તથા ડૉક્ટર સ્વામી બિરાજમાન હતા. હું પગે લાગીને બેઠો. સ્વામીશ્રી ધીરા અવાજે મને કહે, 'આપણે યોગીબાપાની આજ્ઞાથી અત્યાર સુધી સંત સ્વામીની સેવા, સંસ્કૃત અને સંગીતનો અભ્યાસ કર્યો. અને હવે તમારો અભ્યાસ પૂરો થઈ ગયો. અને આજથી તમે ૬ મહિના ખેડા અને ૬ મહિના મહેસાણા સત્સંગ પ્રવૃત્તિ માટે વિચરણની સેવા કરજો.' આ આદેશ

આપ્યા બાદ છેલ્લે સ્વામીશ્રી કહે : 'હવે શું વિચારો છો ?' આ એક જ શબ્દ ઉપર નિશ્ચિત કરેલા વધુ અભ્યાસના બધા જ કોડ સહેજે ખરી પડ્યા ! મને પણ તેનું આશ્ચર્ય થયું. ને આજેય તેની કંઈ સમજણ પડતી નથી. પરંતુ તે વખતે હા પાડી ને સેવા થઈ ગઈ. સ્વામીશ્રીએ ગુરુ હોવા છતાં સેવકને ક્યારેય કડક શબ્દોમાં ઑર્ડર કર્યો નથી, એમના આદેશમાં પણ વિનંતીનો સૂર સાંભળી શકાય છે ! જેની કોઈ ક્યારેય અવગણના કરી શકતું નથી !

* * *

૧૯૮૪, મહેસાણામાં સ્વામીશ્રીની ૬૪મી જન્મજયંતી દબદબાપૂર્વક ઊજવાઈ. તે દિવસે રાત્રે ભોજન બાદ મહેસાણાથી વિદાય લઈ સ્વામીશ્રી અમદાવાદ પધારવાના હતા. જ્યારે સ્વામીશ્રી ભોજન કરીને પોતાના શયનકક્ષ તરફ જઈ રહ્યા હતા ત્યારે સ્વામીશ્રીએ મારો હાથ પકડી, મને કહ્યું : 'સમૈયો સર્વોપરી થયો. ડંકો વાગ્યો. હવે ઉત્સવનો સંપૂર્ણ હિસાબ પૂરો કરીને મને મુંબઈ મળજે.' પછી બીજી પણ આજ્ઞા કરી, 'આપણે મહેસાણામાં મંદિર કરવું છે. અને તે જમીનના માલિકોને લઈને અનુકૂળતા હોય તો મુંબઈ લાવજે.' આજ્ઞા થઈ એટલે સઘન પ્રયત્ન આરંભ્યો. અને અંતે જમીનના માલિકો મુંબઈ પણ સાથે જ આવ્યા. આ જ સમયે સારંગપુર રહેતા સદ્‌ગુરુ સંત સ્વામીની તબિયત નાદુરસ્ત હતી અને મુંબઈ મંદિરે આરામ માટે પધાર્યા હતા. સ્વામીશ્રી તેમને મળવા દવાખાનામાં રોજ પધારતા હતા.

એક દિવસે સ્વામીશ્રીએ મને જોઈને સંત સ્વામીને કહ્યું : 'મહેસાણામાં ઉત્સવ સારો થયો અને આપણે આવું ધારતા નહતા કે આ આટલી નાની ઉંમરમાં આવું સારું કાર્ય કરી શકશે.' પછી કહે : 'આપની સેવા એણે કરી તેનું ફળ છે. તરત જ સંત સ્વામી બોલ્યા : 'આપની દૃષ્ટિ પડી એટલે થયું બાકી તો તેની સ્વાભાવિક પ્રકૃતિ અને લક્ષણો આપણે જાણીએ છીએ !'

આ સાંભળતાં ને આ સ્મૃતિ કરતાં એ વિચાર થઈ આવે છે કે સંપૂર્ણ આયોજનના કર્તા અને પ્રેરણાદાતા સ્વામીશ્રી જ છે. છતાં યશ તે સેવકને જ સમર્પી દેવાની એમની સ્વાભાવિકતા છે.

આવી જબરજસ્ત મહાનતા વિશ્વની કોઈ પણ મોટી ગણાતી વ્યક્તિના જીવનમાં જોવા નહીં મળે.

* * *

૧૯૮૫નાં દશમી જુલાઈથી માંડીને ઑગસ્ટના અંત સુધી સ્વામીશ્રી લંડનમાં બિરાજતા હતા. સુવર્ણતુલા જેવા દિવ્ય પ્રસંગોના દિવસોમાં ઠાકોરજીના થાળ બનાવવાની સેવા મને પ્રાપ્ત થઈ હતી. સ્વામીશ્રી માટે રસોઈ બનાવતો ત્યારે ભૂલેચૂકે અજાણતામાં મીઠાનું પ્રમાણ ઓછુંવત્તું રહેતું તોપણ સ્વામીશ્રી છેલ્લા દિવસ સુધી ક્યારેય પણ મારી ભૂલને સુધારવાને નાતે પણ, મીઠી ટકોર પણ કરી નથી ! એવો સ્વામીશ્રીના જીવનમાં રહેલો નિઃસ્વાદીપણાનો ગુણ તો આજ દિવસ સુધી એ વિસરાયો નથી !

* * *

૧૯૮૭, સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીભૂત શ્રી પુરુષોત્તમપુરા લાટમાં અમદાવાદના તમામ સંતો તથા દરેક શિખરબદ્ધ મંદિરના કોઠારીઓ સાથે ત્રણ દિવસ માટે પારાયણમાં પધાર્યા હતા. એક વાર જમવાના સમયે સંતો પત્તર લઈને પંગતમાં બેઠા હતા અને પીરસનારા સંતો પીરસી રહ્યા હતા. તેવામાં એકાએક દૂર દેશાવરથી આવેલા એક હરિભક્તનો હાથ પકડીને સ્વામીશ્રી સંતોની પંક્તિમાં પધાર્યા. એક એક સંતનું નામ દઈ તેમનો સંપૂર્ણ પરિચય અને ઓળખાણ કરાવી અને સંતોને પણ હરિભક્તનો મહિમા સમજાવ્યો ! પંક્તિમાં બેઠેલા નાનામોટા તમામ સંતોનો આવો પરિચય કોઈ ધર્મના ધર્મગુરુએ પોતાના આશ્રિત એવા ભક્તજનને કરાવ્યા હોય તેવો ઇતિહાસ મળે ખરો ? આ આત્મીય ભાવે જ સૌનાં હૃદય જીતી લીધાં છે. અને પરસ્પરનો મહિમા સમજવાની સંબંધદૃષ્ટિ આપી છે.

* * *

૧૯૮૯, મધુવન-સેલવાસની સંતશિબિર બાદ નિશ્ચિત કાર્યક્રમ પ્રમાણે સ્વામીશ્રી અમદાવાદથી કડી પધારવાના હતા. તે માટેના આયોજન અંગે મને એક દિવસ વહેલો મોકલ્યો હતો. સવારે સ્વામીશ્રીએ પૂજા અને ઉકાળાપાણી કરીને તરત જ કડી તરફ પ્રયાણ કર્યું. કડીની જી.આઈ.ડી.સી.માં આવેલ એક કંપનીમાં પધરામણી કરવાની હતી. આ અંગેની તૈયારી આયોજન પ્રમાણે સંપૂર્ણ કરી હતી તેનો મને ગર્વ અને આનંદ હતો. થોડી જ વારમાં સ્વામીશ્રી પોતાની ગાડીમાં આ કંપનીમાં પધાર્યા. પધરામણીની સંપૂર્ણ વિધિ કર્યા બાદ કંપનીમાં ઠાકોરજી સાથે પગલાં કરી પુષ્પ છાંટ્યાં. કંપનીના માલિકોને આશીર્વાદ આપ્યા અને

નીકળતાં પહેલાં સ્વામીશ્રીએ મારો હાથ પકડીને મને કહ્યું : 'કંપનીના માલિકોને પ્રસાદ લેવા માટે આમંત્રણ આપું છું. ત્યાં વ્યવસ્થા કરેલી છે ને ?' આયોજનના ગર્વમાં ખોવાઈ ગયેલો હું બે ક્ષણ કંઈ પણ બોલી શક્યો નહીં. પણ તરત હા કહી. અને ઉતારે આવીને તેમને જમાડવા અંગેની તાબડતોબ તૈયારીઓ કરી દીધી. આ નાનકડા પ્રસંગમાં મને અંતરમાં એવું રહ્યા કરતું કે સ્વામીશ્રી માટે તેમની તબિયતની અનુકૂળતા પ્રમાણે ઉતારો અને જમવાની વ્યવસ્થા કરવી એ જ આપણી ભક્તિ છે. પરંતુ સ્વામીશ્રી પોતાના માટે થતી સગવડોથી પોતે પ્રભાવિત થતા નથી. પરંતુ એમની રુચિમાં રહેલા ભક્ત-સમુદાયની તેમની અનુકૂળતા પ્રમાણે જો સેવાસરભરા કરવામાં આવે તો જ તેમને મન તેનો ઘણો આનંદ હોય છે. જમાડવા જેવા પ્રસંગોમાં પણ મારા જેવા નાના સાધુને પૂછીને પછી જ જમાડવા માટે આગ્રહ કરતા હોય એ આશ્ચર્યકારક નથી ? આવા નાના પ્રસંગોમાંથી મને મારા જીવનમાં ઘણું બધું શીખવાનું પ્રાપ્ત થયું છે.

સમય ને સંજોગોને કારણે આપણે નાનામાં નાની વસ્તુ ક્યારે ભૂલી જઈએ તેનું આપણને જાણપણું રહેતું નથી. તેવા સમયે સ્વામીશ્રી મૃદુભાષામાં હસતાં હસતાં હાથ વડે લટકું કરીને ચિરકાળ પર્યંતની સ્મૃતિ આપી આયોજનમાં થતી ક્ષતિઓને દૂર કરવાનું સંપૂર્ણ માર્ગદર્શન આપી દેતા હોય છે. આવી તો એમનામાંથી અપાર કળાઓ સહજ વ્યક્ત થયા કરતી હોય છે...

* * *

તા. ૨૫-૧૧-૧૯૮૯થી મહેસાણા શહેરના આંગણે ૭ દિવસ પારાયણ જ્ઞાનયજ્ઞ યોજાયો હતો. સ્વામીશ્રી એક દિવસ સભામંડપ તરફ જઈ રહ્યા હતા. તે સમયે સ્વયંસેવકો શિખરબદ્ધ મંદિરના પાયાનું ખોદકામ કરતા હતા. સ્વામીશ્રી ત્યાં પહોંચ્યા ને કોઈ કાંઈ સમજે તે પહેલાં તો સ્વયંસેવકોની વચ્ચે લાઇનમાં ઊભા રહી ગયા. યુવકો ઉત્સાહમાં આવી ગયા. સ્વામીશ્રીએ એ દિવસે ૩૫ તગારાં માટી ઉપાડી અને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિ-નારાયણના ચરણોમાં પોતાની ભક્તિભરી સેવા સમર્પિત કરી ! બીજી બાજુ પારાયણના સભામંડપમાં હજારો ભક્તોનો સમુદાય સ્વામીશ્રીની દિવ્ય વાણી અને દિવ્ય દર્શન માટે ઝંખી રહ્યા હતા. તેવા સમયે નિર્માનીપણે આવી સેવા કરવામાં સ્વામીશ્રીએ સહેજપણ સંકોચ અનુભવ્યો નહીં. ઊલટા ઉત્સાહથી

જોડાયા. એમના આવા સહજ વર્તનથી જ સ્વયંસેવકો અને સંતોને સદાય સેવા કરતા રહેવા માટેનો જીવનઘડતરનો સંદેશ મળતો રહે છે...

* * *

મહેસાણા શહેરના મહાનુભાવોને સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદનો લાભ પ્રાપ્ત થાય તે હેતુથી મહાનુભાવોને એક કાર્યક્રમમાં આમંત્રિત કર્યા હતા. તેમને બેસવાની-જમવાની વ્યવસ્થાનું સુંદર આયોજન થઈ ગયું હતું. હું પણ આયોજનમાં કાંઈ જ ખામી નથી એવો આત્મસંતોષ માની બેઠો અને આજે સ્વામીશ્રી રાજી થશે એવું વિચારતો હતો. સ્વામીશ્રીના ચરણસ્પર્શનો લાભ લઈને સૌ ભોજનખંડમાં પ્રસાદ લઈ રહ્યા હતા. તે જ વખતે સ્વામીશ્રી પોતાના ઉતારા તરફ જઈ રહ્યા હતા. એમની નજરે ચડી ગયું કે કેટલાક અતિ વયોવૃદ્ધ મહાનુભાવો બૂફે જમણમાં હાથમાં ડીશ લઈ પ્રસાદ લઈ રહ્યા હતા. સ્વામીશ્રીએ પ્રેમથી સહજ ટકોર કરી, 'વડીલો માટે થોડી ખુરશીઓ ગોઠવી હોય તો સારું. તેમને બેસીને જમતાં ફાવે.' આવી નાની ટકોર પણ આયોજનમાં થતી ભૂલોને સુધારવામાં સામી વ્યક્તિને સંપૂર્ણ સંતોષ પ્રાપ્ત થાય એ માટે અને અંગત જીવન ઘડતરમાં પણ ખૂબ ઉપયોગી બની રહેતી હોય છે.

* * *

સ્વામીશ્રી વિમલ ઓઈલ ઍન્ડ ફૂડ્સ લિ.ના ઉદ્‌ઘાટન પ્રસંગે મહેસાણા પધાર્યા. સમારંભનું સ્થળ વરસાદના કારણે મેદાનમાંથી હૉલમાં ગોઠવવામાં આવ્યું, જેના કારણે આયોજનમાં વિક્ષેપ ન સર્જાય. ખૂબ સાવચેતી સાથે સમારંભ પૂર્ણ થયો. સ્વામીશ્રીએ ગાડીમાં વિદાય લીધી તે વખતે ઠાકોરજી મારા હાથમાં હતા. સ્વામીશ્રી કારમાં આગળ બિરાજ્યા હતા. અને સ્વામીશ્રીએ મને બે ચાર શબ્દો કહ્યા : 'કાર્યક્રમ સારો થયો.' મને આનંદ થયો. પછી કહે : 'ભગવત્, જ્યારે પણ આપણે આયોજન કરીએ, ત્યારે આવા મોટા સમારંભમાં ઘણા બધા ઉદ્યોગપતિ મહાનુભાવો પધાર્યા હોય, તેમાંથી બે-ચાર જણાને આ પ્રસંગે બોલવાનું કહીએ તો તે મહાનુભાવોને સંતોષ થાય. સભા પછી આભારવિધિ પણ કરવી એ જરૂરનું છે. હવે પછી આવા સમારંભમાં ધ્યાન રાખવું.' મને ઘણું બધું શીખવા મળ્યું. આપણા આયોજનનું સૂક્ષ્મ નિરીક્ષણ સ્વામીશ્રી ક્યારે અને કેવી રીતે કરતા હશે, તે

હજુ સમજાતું નથી. જ્યાં ક્ષતિ હોય ત્યાં જ એમની આંગળી ચીંધાય, એ એમની દરેક કાર્ય પરની પ્રવીણતા સૂચવે છે.

લાંબા સમયના બહોળા પ્રસંગ અને સંસર્ગ પછી સ્વામીશ્રી આટલી મોટી વિરાટ સંસ્થાના નાનામોટા આયોજનમાં મગ્ન હોવા છતાં ક્યારે પણ એમના મુખ પર તેનો ભાર જોયો નથી.

* * *

તા. ૪-૩-૧૯૯૪, સ્વામીશ્રી અમદાવાદથી રાજસ્થાન તરફ પ્રયાણ કરી રહ્યા હતા. વચ્ચે મહેસાણા મંદિરે ભક્તોને દર્શનદાન દેવા માટે પધારે તેવી વિનંતી કરી તે સ્વામીશ્રીએ સહજ સ્વીકારી. સ્વામીશ્રી સવારે અમદાવાદથી નીકળ્યા ને અમદાવાદથી ફોન આવ્યો કે સ્વામીશ્રીએ અત્રેથી વિદાય લઈ લીધી છે અને ત્યાં ટૂંક સમયમાં પધારશે. અમે સ્વામીશ્રી માટે લીલા ચણા શેકી તૈયાર કરવા લાગ્યા. સ્વામીશ્રી પધાર્યા. ખૂબ લાભ આપ્યો ને ધ્યાનપ્રિય સ્વામીએ લીલા ચણાનો ઓળો ગરમ રહે તેવી રીતે પેક કરીને સેવક સંતને આપ્યો. બાકી બીજા લીલા ચણા સાથે આપી દીધા. આબુ પર્વત ઉપર સાંજે ચાર વાગે સ્વામીશ્રીના પ્રસાદના થાળમાં લીલા ચણાનો ઓળો મૂકવામાં આવ્યો હતો. તે સમયે મારું મન સંકલ્પ કરવા લાગ્યું કે સ્વામીશ્રીને લીલા ચણા પર સહજ રુચિ છે, પરંતુ અંગીકાર તો કરતા નથી. જ્યાં આમ, સંકલ્પ કર્યો, તરત જ સ્વામીશ્રીએ તેમાંથી બે-ચાર દાણા આરોગી અને સામે બેઠેલા દર્શનાર્થીઓને પ્રસાદ આપ્યો. બીજી તરફ મારું મન એવું થયું કે જે રુચિપ્રધાન વસ્તુ હોય તેના ઉપર દરેક માણસનું મન આકર્ષિત હોય છે. પરંતુ જગતના કોઈ પણ પદાર્થમાં સ્વામીશ્રીને સહેજ પણ આસક્તિ નથી. કેવળ ભક્તોના મનોરથ પૂરા કરવા માટે જ કાંઈ પદાર્થ અંગીકાર કરતા હોય છે. આ પ્રસંગ પણ આજ દિવસ સુધી સ્મૃતિપટ પરથી વિસરાતો નથી.

આવા તો અનેક પ્રસંગો મારા ૨૯ વર્ષના ત્યાગી જીવન દરમ્યાન બન્યા છે. સ્વામીશ્રીએ પોતાનો જાણીને સ્નેહ પાયો છે. બધું તો સ્મૃતિમાં પણ સંઘરી શકાયું નથી. પરંતુ યત્કિંચિત્ સ્મૃતિઓ લખી છે. સ્વામીશ્રીના આવા દિવ્યગુણો મને સદાય માટે પ્રાપ્ત થાય એ જ એમના ચરણોમાં પ્રાર્થના.

* * *

આનંદજીવન સ્વામી

મુંબઈ

૧૯૭૧, સ્વામીશ્રી ભાવનગર પધાર્યા હતા ત્યારે હું તેમને મળ્યો ને કહ્યું : 'ઘરે પધરામણીએ પધારશો ?'

'ઘરે કહ્યું છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

મેં કહ્યું : 'હા.'

સ્વામીશ્રી કહે : 'તો મારી સાથે રોકાઈ જા. થોડી પધરામણી કરતાં કરતાં તારે ઘરે જઈશું.' એમ કહી થોડી વારે નીકળ્યા ને ઘોડાગાડીમાં ભેગો લીધો. દરેક ઘરે મને યાદ કરીને અચૂક પ્રસાદ આપે. દૂધ હોય તો તરત મને ધરે !

૧૯૭૧-૭૨માં અમે ૮-૧૦ બાળકો વૅકેશનમાં ગોંડલ ગયેલા. અમારી બાળસભાનો દિવસ આવ્યો. તેથી અમે શાસ્ત્રીજી મહારાજની રૂમમાં સભા કરી. સ્વામીશ્રી એટલા સરળ કે તેઓને અમે આ સભામાં આવવાનું આમંત્રણ આપ્યું અને તેમણે પ્રેમથી એ સ્વીકાર્યું ! સભા લગભગ પોણો કલાક ચાલી. એ સાવ નાનકડી બાળસભામાં સ્વામીશ્રી બિરાજ્યા ને ખૂબ લાભ આપ્યો.

સભામંડપમાં રાત્રિસભામાં ચેષ્ટા બાદ અમે સ્વામીશ્રીને વીંટળાઈ વળીએ. પ્રશ્નો પૂછીએ. અમે બાળકો, તેથી અમારા પ્રશ્નો પણ બાલિશ જ હોય, પણ સ્વામીશ્રી નિરાંતે પ્રેમથી જવાબ આપતા. ઘણીવાર તો સ્વામીશ્રી વાતો કરતાં કરતાં આરામ માટે રૂમમાં પધારે ત્યારે તેમની સાથે ચાલતાં ચાલતાં પણ પૂછીએ. સ્વામીશ્રી સભામંડપમાં આવેલા લાકડાના દાદરા પર ઊભા ઊભા પણ અમને સંતોષ આપે...

* * *

વલાસણમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે રાત્રે સભામંડપમાં યોગીજી મહારાજનો ફિલ્મ શૉ હતો. સ્વામીશ્રી પણ તે નિહાળવા નીચે સોફા પર બિરાજેલા. અમે

સૌ નવા સંતો આસપાસ બેસી ગયેલા. મને એકદમ નજીક ચરણારવિંદ પાસે જ બેસવા મળેલું. લાઇટ બંધ થઈ, ફિલ્મ શૉ શરૂ થયો. પડદા પર યોગીજી મહારાજ હાથ જોડેલા જેવા દેખાયા કે તુરત સ્વામીશ્રીએ હાથ જોડી જય સ્વામિનારાયણ પણ કહ્યા. આ સાંભળી અમે પણ કહ્યા. સ્વામીશ્રી કહે : 'તમે બધા મોડા પડ્યા !'

સ્વામીશ્રી સામેથી આપણી પર કૃપા કરે છે, હેત કરે છે. આ આખાય શૉ દરમિયાન સ્વામીશ્રી મારા માથા પર હળવો હાથ ફેરવતા રહ્યા ને એક અદ્‌ભુત મમતાભરી સ્મૃતિ આપી.

* * *

તા. ૪-૫-૭૬, મંગળવાર, મુંબઈ, જુહુમાં ભાનુભાઈ પટેલને ત્યાં જમવા પધાર્યા. સેવકે ચાંદીની થાળીમાં સ્વામીશ્રીને પીરસ્યું. સ્વામીશ્રીએ હાથથી થાળી દૂર કરી સેવક સંતને કહ્યું : 'આમાં મારી કે તારી શોભા વધવાની છે ? બધાને પત્તર-પતરાળામાં આપો છો એમ મને પણ આપવું. આ (થાળી) કરતાં પતરાળું પાનનું બનેલું એટલે પવિત્ર કહેવાય.' એમ બે-ત્રણ મિનિટ ઠપકો આપ્યો ને પતરાળામાં પત્તર મૂકીને તેમાં જ જમ્યા !

* * *

આખા દિવસની પધરામણી બાદ રાત્રે દાદર મંદિરે સભા ચાલતી હતી તેમાં પધાર્યા. સ્વામીશ્રી આવતાં જ વક્તાએ જય બોલાવી કથા પૂરી કરી. તેથી આશીર્વાદ માટે એક સંતે સ્વામીશ્રીને માઇક આપ્યું. સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'ગાડેથી ડમણિયે, ડમણિયેથી કોસે, કોસેથી સાંતીડે...' ખરેખર સ્વામીશ્રીને તો ૨૦ વર્ષ આમ જ હતું !

સવારે દાતણ વખતે ડૉક્ટર સ્વામી પત્રોની થપ્પી લઈને આવી ગયા હોય. એ જેવા જાય કે ખાનગી વાત કરનાર પ્રશ્નો લઈને ઊભા જ હોય. સ્નાન વખતે બાળકો-કિશોરો-યુવકો સાથે પ્રશ્નોત્તરી, મુખપાઠ લે. ધોતિયું પહેરે ત્યાંય મળનારા તો હોય જ. પૂજા બાદ સમૂહમાં જ નાસ્તાપાણી થાય, તેમાં દરેકનું ધ્યાન રાખે. વડીલોને પાસે ને સામે બેસાડે. એમને અનુકૂળ ભોજન પીરસાવે. કથા, થાળ ને તરત પધરામણી, તે છેક ૧-૩૦ વાગ્યા સુધી ચાલે. મહાપ્રસાદ વખતે પીરસે-પીરસાવે. કથા કરીને આરામ તો વિકલ્પે. સ્નાન બાદ પધરામણી. રાત્રે કથામાં આશીર્વાદ. જેટલા હાજર હોય

તેટલાને વ્યક્તિગત ત્રણ વાર તો અચૂક મળવાનું. સવારે પૂજા બાદ, સવારે કથા બાદ, રાત્રે કથા બાદ લાંબી મુલાકાતવાળા હોય જ. તેમાં મુંબઈ જેવા શહેરમાં વિદેશના ઘણા ફોન આવે તે બધા રાત્રે જ હોય. સવારના ૬ થી રાતના ૧૨-૩૦ સુધી અતિ વ્યસ્ત કાર્યક્રમ સહેજે રોજ હોય. શાસ્ત્રીજી મહારાજના એ શબ્દો 'અમે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.' એ સ્વામીશ્રીના જીવનમાં ચરિતાર્થ થતા આપણને જોવા મળ્યા છે...

* * *

તા. ૧-૨-૭૭, મુંબઈ. સવારે સ્વામીશ્રી સ્નાન બાદ શરીર લૂછતા હતા. પ્રગટ ભગતે જમણા હાથથી સ્વામીશ્રીના કંઠમાંથી કંઠી કાઢી ને ડાબા હાથથી નવી કંઠી સ્વામીશ્રીને પહેરાવી. ફક્ત ૫-૬ સેકન્ડની વાર લાગી છતાં સ્વામીશ્રી કહે : 'પહેલાં નવી પહેરાવવી ને પછી જૂની કાઢવી, જેથી કંઠી વગર રહ્યા ન કહેવાય.'

* * *

૧૯૮૧માં સારંગપુરમાં મને મુંબઈ બાળમંડળ ચલાવવાની જવાબદારી સોંપી. મને બાળમંડળ એટલે શું ? એનો પૂરો પરિચય મુંબઈમાં બાળસભામાં નિયમિત જવાથી થઈ ચૂક્યો હતો. તેથી એ જવાબદારી મારા માટે ખૂબ ભારે છે.' તેમ કહી મેં ના પાડી. સ્વામીશ્રી કહે : 'ના, તમારે જ ચલાવવાનું છે.' આમાં હું મૂંઝાયેલો તો હતો જ, તેથી એ ભયથી મને આંસુ આવી ગયાં. પણ સ્વામીશ્રીએ મને રડતો રાખીને પણ એ જવાબદારી સોંપી. મેં મન મનાવ્યું : 'અત્યારે તો આપણે સાથે છીએ ને ! છૂટા પડીશું ત્યારે કહેશે તો ના પાડીશું.' આવી કંઈક છટકબારી શોધતો હતો ને સાંકરી વિસ્તારનાં ગામોમાં સ્વામીશ્રી સાથે વિચરણ પૂરું થયું. પંદર દિવસ બાદ છૂટા પડતાં સ્વામીશ્રી કહે : 'હવે આપણે આટલા દિવસ સાથે ફર્યા. કથાવાર્તા-દર્શનનો લાભ મળ્યો. હવે તમે મુંબઈ પાછા જવાના છો. તો બાળમંડળ બરાબર ચલાવજો. બાળકોને સત્સંગના સંસ્કાર મળે તેમ કરવું.'

એમણે મને જવાબદારી પ્રેમપૂર્વક પરાણે વળગાડી ન હોત તો કોઈ જ પ્રકારની જવાબદારી લેવા તૈયાર ન થાત. હિંમત જ ન આવત. અને જીવન જ સાવ બેજવાબદાર બની રહેત. પરંતુ સ્વામીશ્રીએ જવાબદારી તો આપી જ, પણ સમયે સમયે બળ, શ્રદ્ધા ને ઉત્સાહ પણ આપ્યો છે !

તા. ૨૦-૨-૮૪, ધરમપુર પાસે આંબા ગામમાં એક આદિવાસીના છાપરે (આવાસમાં) સ્વામીશ્રી પધાર્યા. છાપરા બહાર ઓસરી જેવું હતું. ત્યાં પાણિયારા આગળ આવ્યા. હું બહાર ઊભો હતો. સ્વામીશ્રીએ મને કહ્યું : 'અલ્યા ! જો તો ખરો ! કેટલું ચોખ્ખું પાણિયારું છે ! પાણી જવાની નીક પણ કેટલી વ્યવસ્થિત છે ! આને કોણ આદિવાસી કહે ?' સ્વામીશ્રી આદિવાસીના ઘરને મંદિરની જેમ નિહાળી રહ્યા હતા !

* * *

૧૯૮૫, ગુણાતીત દ્વિશતાબ્દીમાં બાળદિન નિમિત્તે બાળકોનો કાર્યક્રમ પૂરો થયો. બાળકોને સ્વામીશ્રીના વરદ હસ્તે ઇનામવિતરણ થવાનું હતું. ઇનામ લઈ સ્વામીશ્રી પાસે પહોંચ્યો. એટલે સ્વામીશ્રીએ મને પૂછ્યું : 'બાળકો કેટલા છે ? ઇનામ કેટલાં છે ? મારી પાસે અપાવવું હોય તો જોઈએ તે કરતાં ઇનામ વધુ રાખવાં. કોઈ બાળક નવો આવી ચડે. તેની પણ યોગ્યતા હોય તેને હું ના પાડું તો મને દુઃખ થાય. તેને ન આપું તો તેને દુઃખ થાય. ને એને આપી દઉં તો તારે ઇનામ ખૂટે. તેથી જે રહી જાય તેને દુઃખ થાય. માટે બરાબર ગણીને ન લાવવાં. પણ પાંચ વધારે લાવવાં.'

વ્યવસ્થાની સાથે બાળપ્રોત્સાહન અને કદરની સ્વામીશ્રીની ઉદારતા આવા ઘણા પ્રસંગે નિહાળી છે !

* * *

સ્વામીશ્રી મુંબઈમાં બિરાજતા હતા. પધરામણીઓ અખૂટ હતી. મુલાકાતીઓ અનહદ. આ બધું સ્વાભાવિકપણે સ્વામીશ્રીને ચાલતું જ હોય. એ સમયમાં મારે સ્વામીશ્રીને એક અંગત વાત કરવી હતી. મેળ પડતો ન હતો. તેથી મૂંઝવણ થઈ. દિવસો વીતતા ગયા તેમ તેમ મૂંઝવણ વધતી ગઈ. ઘણા દિવસ બાદ એકવાર હું સ્વામીશ્રીને રૂમમાં મળી શક્યો. જેવો મળ્યો કે તુરત ખૂબ રડ્યો. રડતો જાઉં ને કહેતો જાઉં : 'તમોને મારે મળવું'તું પણ મેળ જ ખાતો નથી. તમે મળી જ શકતા ન હતા.' હજી તો હું આટલું બોલું તેમાં સ્વામીશ્રી ગળગળા થઈ ગયા. ગળગળા સ્વરે એ પણ બોલતા જાય કે 'તમારે મને જ્યારે મળવું હોય ત્યારે મળી શકો છો. આખા ગામને હું ટાઇમ આપું છું. આખી દુનિયાને ટાઇમ આપું છું ને તમને નથી મળી શકતો ! અડધી રાત્રે પણ આવી શકો છો. સૂતેલો ઉઠાડીને પણ મળી શકો છો.'

સ્વામીશ્રી ઘણું બોલ્યા પણ ભાવપ્રવાહમાં શબ્દો ક્યાંય વહી ગયા...

એમના નિર્વ્યાજ અપાર હેતને લઈને જ મારી એ મૂંઝવણ તત્કાળ અને કાયમને માટે શમી ગઈ. સ્વામીશ્રી હંમેશાં આપણા જ છે એ સત્યતાએ જીવનમાં ધન્યતા ભરી દીધી.

* * *

સ્વામીશ્રી લંડનથી મુંબઈ પધાર્યા. સાથે સી.એમ. પટેલ પણ હતા. રાત્રે ત્રણ વાગે આરામમાં જવા રૂમમાં પધાર્યા. લાઈટ બંધ થઈ. સ્વામીશ્રીએ ઓઢી પણ લીધું. પણ એકાએક સી.એમ. પટેલ યાદ આવ્યા તેથી મને બોલાવ્યો, ને કહે : 'સી.એમ. કાકાને ઉતારો ક્યાં આપ્યો છે ? રૂમમાં પલંગ છે ? યુવક મૂક્યો છે ? યુવકનું નામ શું ? સવારે ગરમ પાણીની સુવિધા કરજે. સવારમાં ૬-૩૦ વાગે ચા રૂમમાં પહોંચાડજે. યુવકને કપડાં ધોવાનું કહી દેજે.'

આ સંતને મધરાતે પણ ભક્તોની ચિંતા થતી હતી... જેમાં મહિમાની દૃષ્ટિ અને વાત્સલ્યનો ભાવ બંને ઝળકી રહ્યા હતા...

સ્વામીશ્રીનો આવો ઘણો લાભ અનાયાસે મળતો રહ્યો છે. જ્યારે જ્યારે સંભારીએ ત્યારે ત્યારે નવીન ઉત્સાહ અને નવીન બળનો સંચાર થાય છે. એમની સાથે ગાળેલી ક્ષણોને મન હૃદયમાં પુનઃ પુનઃ માણવી એ જ આપણા જીવનની સંજીવની બની રહે છે.

* * *

ઘનશ્યામવલ્લભ સ્વામી

બોચાસણ

૧૯૭૦ના દિવાળી વેકેશનમાં કૃષ્ણાભાઈ સાથે અમે ગોંડલ ગયેલા. યોગીજી મહારાજ પાસે 'નવા સત્સંગી બાળક' તરીકે ઓળખાણ અપાઈ ત્યારે યોગીબાપાએ આશીર્વાદ આપતાં કહ્યું : 'તમને સાધુ કરવા છે !'

પણ મારા મનમાં હતું કે બાપા તો કહે : 'આપણે ક્યાં સાધુ થવું છે ?'

એ પછી ૧૯૭૧માં સ્વામીશ્રીના ગુરુપદે પ્રથમવાર બોચાસણમાં દર્શન થયાં. ગામના મંડળ સાથે મારી ઓળખાણ અપાઈ ત્યારે સ્વામીશ્રી એકદમ ઉમળકાથી મને સોડમાં ખેંચીને બોલ્યા : 'આ તો અમારા જ છે !' બસ, એ પછી વિચારોમાં ને સંકલ્પોમાં તદન વળાંક આવી ગયો અને આજીવન સાધુ થઈને રહેવાનો નિર્ણય લઈ લીધો.

૧૯૭૨માં ગોંડળમાં જ સ્વામીશ્રીએ દીક્ષા આપી. પછી સંસ્કૃત અભ્યાસ માટે મુંબઈ રહેવાનું થયું. પરીક્ષા પાસ કરું કે તરત સ્વામીશ્રીને પત્ર લખી દઉં. સ્વામીશ્રી તરત તેનો વળતો ઉત્તર આપી પ્રોત્સાહન ને બળ પ્રેરે... સ્વામીશ્રી અને ઈશ્વરચરણ સ્વામીની આજ્ઞાથી મને એક સંતને સંસ્કૃત શીખવવાની સેવા મળેલી. ૧૯૭૪માં સ્વામીશ્રી પ્રથમ વિદેશયાત્રાએ જવાના હતા ત્યારે અમારા બે વ્યક્તિના વર્ગમાં સ્વામીશ્રી સ્વયં પધાર્યા હતા અને આશીર્વાદ આપ્યા હતા. પછી તો નૈરોબીથી તાત્કાલિક પાછું ફરવાનું થયું ને સ્વામીશ્રી ૪૨ દિવસ જેટલું મુંબઈમાં રોકાયેલા ત્યારે રોજ અઠવાડિયા સુધી સ્વામીશ્રી અમારા કલાસમાં બેસે. અભ્યાસ કેવો ચાલે છે તે નિહાળે ! મારી ભૂલ થાય તો માર્ગદર્શન આપે. આ અઠવાડિયું મારા ઘડતરનું જ સપ્તાહ બની રહ્યું. એ દરમ્યાન સ્વામીશ્રીએ મારી સાથે 'ગુરુજી'નું ઉપનામ જોડી દીધું ! આજે પણ ક્યારેક 'એ ગુરુજી !' એમ બોલાવીને સ્મૃતિ આપે છે.

૧૯૮૫માં સ્વામીશ્રીનું ખેડા જિલ્લામાં વિચરણ હતું. સ્વામીશ્રી અને સેવકોની સાથે સર્વમંગલ સ્વામી, જનમંગલ સ્વામી તથા હું - આટલા જ

સંતો હતા. રોજનાં ત્રણ-ચાર ગામો કરવાનાં. પધરામણી-નગરયાત્રા ને સભા - આ ત્રણ કાર્યક્રમો તો હોય જ. એ વિચરણમાં અમે જુવાન સંતો પણ થાકી જતા. પરંતુ સ્વામીશ્રી સુવિધાઓના અભાવમાં, ગમે ત્યારે શૌચ જવું પડે તેવી તબિયતમાં ઋતુને અવગણીને આ વિચરણ કરી રહ્યા હતા.

તા. ૧૮-૬-૮૫, અમે નરસંડા પહોંચ્યા. પધરામણીઓ શરૂ થઈ. એક હરિભક્તના ઘરે સ્વામીશ્રીએ અચાનક કહ્યું : 'મારે નહાવું છે !' ગોલબ્લેડરના ઑપરેશન પછી દવા ચાલુ હતી. તેથી ગમે ત્યારે શૌચ માટે જવું પડતું. અમે ઇન્દ્રવદનભાઈને સ્વામીશ્રીનાં વસ્ત્રો લેવા ઉતારે મોકલ્યા. પણ ઉતાવળ હતી તેથી સ્વામીશ્રી મને કહે : 'તારું ગાતરિયું આપ...' પછી એ પહેરીને શૌચ માટે ગયા ને અમે ગરમ પાણીની વ્યવસ્થા કરવા લાગ્યા. સ્ટવ મંગાવ્યો તો તેમાં વાયસર જ ન મળે. વળી બીજો મંગાવ્યો તો તેમાં કેરોસીન નહોતું. ત્રીજો શરૂ કર્યો તો એક જ બાજુ ધીમો તાપ આપે... તેના પર પાણી ચડાવ્યું ત્યાં તો સ્વામીશ્રી આવી ગયા. મેં વિનંતી કરી : 'બાપા ! થોડીવાર બેસો. ઠંડી ઘણી છે. પાણી ગરમ થાય છે.' પણ સ્વામીશ્રી કહે : 'ઠંડું ચાલશે. હજુ ઘણી પધરામણી બાકી છે. આપણને વાર લાગે તો લોકોને રાહ જોતાં બેસી રહેવું પડે...'

એમ કહીને ઠંડા પાણીએ જ સ્નાન કર્યું. ત્યાં વસ્ત્રો પણ આવી ગયાં. સ્વામીશ્રી તૈયાર થઈ ફરી એ જ ગામડા ગામની ધૂળ ખૂંદતા હરિભક્તોને રાજી કરવા પધરામણી કરવા નીકળી ગયા... દેહનાં કષ્ટ તો એમણે તણખલાની તોલે માન્યાં છે. એમની આત્મનિષ્ઠાના સૂસવાટામાં એ ક્યાંય ઊડી જાય છે...

* * *

ગુરુપૂર્ણિમાનો સમૈયો સ્વામીશ્રી મોટે ભાગે બોચાસણ ઊજવે છે. સ્વામીશ્રી સારંગપુર તરફથી ફરતાં ફરતાં સમૈયામાં પધારવાના હતા, તે સમાચાર આપવા ધર્મચરણ સ્વામીએ મને બોચાસણ ફોન કર્યો. સ્વામીશ્રી તેમની બાજુમાં જ હશે, તેથી સામેથી ફોન માગી મારી સાથે વાત કરવા લાગ્યા : 'જો ગુરુપૂનમે ટ્રસ્ટીઓની મિટિંગ છે, તેમાં ભાનુભાઈ, આશાકાકા, ભટ્ટસાહેબ, ઠાકોરકાકા બધા માટે નીચેની ત્રણ રૂમોમાં વ્યવસ્થા કરજે. બીજા પરદેશના હરિભક્તો આવશે, તેમને ઇંગ્લિશ ટોયલેટવાળી જે રૂમો છે તેમાં

ઉતારો આપજે. બાકી વધે તેમને માટે ગામમાં ઉતારો રાખજે...' સ્વામીશ્રીએ ઘણી સૂચનાઓ આપી. મને નવાઈ લાગી કે કોઈવારે ઉતારાનાં મકાનમાં ગયા વગર પણ એમને કઈ રીતે ખબર પડી કે ક્યાં, કઈ, કેટલી રૂમો છે ?' સમય થયે સ્વામીશ્રી બોચાસણ પધાર્યા. સમૈયો પૂરો થયો પછી ફરી મને બોલાવ્યો. ઉતારા અંગે પૂછપરછ કરી. મેં ગામમાં જેમના ઉતારા રાખ્યા હતા તે ઘરોનું લિસ્ટ બતાવ્યું. તે જોઈને કહે : 'અંબાલાલ ખુશાલભાઈનું ઘર તો ડાહ્યાભાઈની બાજુમાં છે. તેમનું નામ કેમ નથી ?'

મેં કહ્યું : 'બાપા ! તે ઘરમાં તમાકુ ભરી છે. એટલે આ વખતે ઉતારો થઈ શકે તેમ નથી.' મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. માત્ર મંદિરની રૂમોની જ નહીં, સ્વામીશ્રીને ગામનાં ઘરો ને ઘરોના માલિકો - તમામની જાણકારી છે. ગુરુપદની અનેક વિરાટ જવાબદારીઓ વચ્ચે પણ આટલી જાગરૂકતા - આટલી ત્વરિત પૂછપરછ અને આટલી ચોકસાઈ આવી બાબતોમાં પણ એમનામાં દેખાય ત્યારે સમર્થ નેતા તરીકેની છાપ પણ આપણા હૃદય પર અંકિત થઈ જાય છે.

* * *

૧૯૮૩, સ્વામીશ્રી ખડોધી ગામે પ્રતિષ્ઠા કરી બોચાસણ પધાર્યા હતા. હરિભક્તોની સંખ્યા વધી જવાથી ગાદલાં ખૂટી જતાં. તે દરેક સમૈયાની સમસ્યા હતી. તેથી સ્વામીશ્રીએ તાત્કાલિક નિર્ણય લીધો. લીંબડીથી રૂ મંગાવ્યું. અમદાવાદથી કાપડ મંગાવ્યું ને ગાદલાં બનાવડાવવા આજ્ઞા કરી. સ્વામીશ્રી વિચરણમાં નીકળ્યા ને સુંદલપુરા ગામે સ્વામીશ્રીને હૃદયરોગનો ગંભીર હુમલો થયો. એ પછી વડોદરામાં આરામમાં હતા ત્યાંથી બે-ત્રણ વખત સંતો સાથે સ્વામીશ્રીએ માંદગીને બિછાનેથી સમાચાર પુછાવ્યા કે બોચાસણમાં ગાદલાંના કામનું શું થયું, તે જણાવવાનું કહેજો... મને બે-ત્રણ સંતોએ આ વાત કરી એટલે મેં પણ નક્કી કર્યું કે બરાબર ચોકસાઈ રાખી ઝીણવટપૂર્વક હિસાબ ને ગણતરી કરવી જેથી સ્વામીશ્રી કાંઈ પણ પૂછે, તો પાછા પડવાનું ન થાય. આથી કેટલું રૂ, કેટલું કાપડ, કેટલાં ગાદલાં થયાં, કેટલાં બાકી એમ તૈયારી કરી લીધી. મનમાં ગર્વ હતો કે હવે ભલેને સ્વામીશ્રી ગમે ત્યાંથી પૂછે, પણ કાંઈ જ વાંધો નહીં આવે...

હું અટલાદરા ગયો. સ્વામીશ્રીએ પહેલાં જ ગાદલાંના સમાચાર પૂછ્યા.

મેં બધી વિગત જણાવી. સ્વામીશ્રી કાગળિયું હાથમાં લઈને મારી સામે નજર મેળવી. એક જ પ્રશ્ન પૂછ્યો : 'જૂનાં ગાદલાં કેટલાં હતાં ?'

મારી બધી જ હવા નીકળી ગઈ. નવાનો સંપૂર્ણ હિસાબ હતો પણ જૂનાં ગાદલાંની એક નાની વિગત પણ ન હતી. મારો અહં ક્યાંય ઓગળી ગયેલ ને પ્રાર્થના કરી કે જઈને તે હિસાબ જણાવી દઈશ...

ભગવાન ને સત્પુરુષ પાસે તો દીન આધીન થઈને શીશ નમાવીને જ ચાલવાનું હોય તેવો એ દિવસનો અમૂલ્ય પાઠ મળી ગયો...

* * *

૧૯૮૮માં મને બોચાસણમાં ખૂબ જ બીમારી આવી. કશું જ પેટમાં ટકે નહીં ને ઊલટી થઈ જાય. ૧૫ દિવસમાં તો શરીર સાવ ગળી ગયું. ત્યાગવલ્લભ સ્વામીએ સ્વામીશ્રીને લંડન પત્ર લખ્યો. સ્વામીશ્રીએ તરત ઉત્તર લખી આશીર્વાદ આપ્યા ને રોગનાં વળતાં પાણી થયાં.

આ પછી ચાર મહિને સ્વામીશ્રીની જન્મજયંતીના ઉત્સવમાં અમારે આફ્રિકા જવાનું થયું. અમે નૈરોબીથી સ્વામીશ્રીને મળવા નકુરુ પહોંચ્યા. રોડ ઉપર જ નગરયાત્રા નીકળી હતી અને એ જ સમયે પહોંચ્યા. સ્વામીશ્રી અમને સૌને જોઈને ખૂબ રાજી થયા. ભેટતા જાય, સમાચાર પૂછતા જાય, ગમ્મત કરતા જાય. દરેકને સ્મૃતિ આપે. મારો વારો આવ્યો. મને જોયો ને સ્વામીશ્રી પ્રેમથી ભેટી પડ્યા. વાંસામાં હાથ ફેરવતાં અત્યંત વહાલથી પૂછ્યું : 'હવે કેમ છે ? ઊલટી બંધ થઈ ગઈ ?!'

મારી આંખમાં આંસુ આવી ગયાં. ચાર ચાર મહિનાઓ વિદેશ પ્રવાસના વીતી ગયા હતા. પણ સ્વામીશ્રીએ ત્વરિત પ્રશ્ન પૂછી આત્મીયતાનો સાગર રેલાવી દીધો હતો. પોતાના હૃદયસ્થાનમાં આપણા જેવા અલ્પ જીવને રાખવા એ એમની અપાર મહાનતા સિવાય બીજું શું સૂચવે છે ?

આવી ઘણી સ્મૃતિઓમાંથી આ સ્મૃતિ-અર્ઘ્ય એમના ચરણે અર્પણ કરી કૃતાર્થ થાઉં છું...

* * *

બ્રહ્મદર્શન સ્વામી
સારંગપુર

૧૯૭૪, મે-જૂન પહેલાં મેં 'સ્વામિનારાયણ' જેવો શબ્દ પણ સાંભળેલો નહીં. તો પછી સ્વામીશ્રી વિષે તો ખબર જ ક્યાંથી હોય ?

૧૦મા ધોરણના અભ્યાસ માટે હું ગોંડલ પટેલ બૉર્ડિંગમાં રહીને ગુરુકુલ હાઈસ્કૂલમાં ભણવા માટે આવ્યો ત્યારે સ્વામિનારાયણ સંપ્રદાય છે તેનો ખ્યાલ આવ્યો. પ્રાર્થના સભામાં પ્રમુખસ્વામીની વાતો થતી, પણ હજુ એમનાં પ્રત્યક્ષ દર્શન તો થયાં ન હતાં.

સ્વામીશ્રી ૧૯૭૪ની વિદેશયાત્રા પછી ગોંડલ પધાર્યા ત્યારે શિક્ષકોની સૂચનાથી મારે સ્વાગત પ્રવચન કરવાનું થયું.

હું સ્ટેજ ઉપર આવ્યો ત્યારે સ્વામીશ્રી સામે બિરાજેલા હતા. આ પ્રથમ દર્શન હતાં. ચાર આંખો ભેગી થઈ. અકથ્ય આનંદનો અનુભવ થયો. પ્રવચન દરમ્યાન પણ જ્યારે જ્યારે ચાર આંખો ભેગી થતી ત્યારે ત્યારે એ આનંદ પુનરાવર્તિત થતો ગયો.

સભામાં થયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોના અંતે સ્વામીશ્રી ભાગ લેનાર પ્રત્યેક વિદ્યાર્થીને સ્મૃતિભેટ રૂપે એક એક ફોટો આપતા હતા. વિદ્યાર્થીઓ ફોટો લઈને ઝડપથી પસાર થતા હતા. જ્યારે મારો વારો આવ્યો ત્યારે સ્વામીશ્રીએ અચાનક મારો હાથ પકડ્યો, મને અટકાવ્યો, અને પૂછવા લાગ્યા : 'શું નામ ? કયું ગામ ? ક્યાં રહે છે ? શું ભણે છે ? ક્યાં ભણે છે ?' પછી રાજી થઈને આશીર્વાદ સાથે ફોટો આપ્યો. એકાદ મિનિટનો આ ટૂંકો વાર્તાલાપ મારા માટે એક પ્રકારનો દિવ્ય અનુભવ, આનંદ અને રોમાંચનો પ્રસંગ બની ગયો. એ સ્મૃતિ આજે પણ એટલી જ તાદશ છે.

એ વખતે મારા મનમાં સાશ્ચર્ય પ્રશ્ન ઊઠેલો, 'સ્વામીશ્રીએ મારો એકનો જ હાથ કેમ પકડ્યો ? કેમ મને એકને જ બધું પૂછ્યું ?' પણ એ વખતે તો ક્યાંથી ખબર હોય કે માયામાંથી, જગતનાં ભયંકર દુઃખોમાંથી બહાર કાઢવા

માટે મારો હાથ પકડ્યો હતો !'

એસ.એસ.સી. પછી મારે વિદ્યાનગર અક્ષરપુરુષોત્તમ છાત્રાલયમાં રહેવાનો યોગ પ્રાપ્ત થયો. સંતોના નિરંતરના યોગથી ધીરે ધીરે સ્વામીશ્રીનો મહિમા સમજાતો ગયો. છતાં મનમાં એવો એક સંદેહ રહેતો કે સ્વામીશ્રી તો દેશ-પરદેશના લાખોપતિ-કરોડપતિઓને ત્યાં, મોટાં મોટાં શહેરના મોટા મોટા માણસોને ત્યાં જ જતા હશે. ગામડાંના ગરીબ માણસોના સામાન્ય ઘેર તો જતાય નહીં હોય. છતાં મારા મનમાં રહેતું કે સ્વામીશ્રી અમારે ઘેર આવે તો સારું. પણ ઉપરોક્ત શંકા તો હતી જ.

૧૯૭૮ના દિવાળી વૅકેશનમાં ઘેર જતાં પહેલાં જયકૃષ્ણ ભગત(સાધુજીવન સ્વામી)ને પૂછ્યું, 'સ્વામીબાપા ! અમારે ઘેર આવે ?' તેમણે હા પાડી. મને થોડીક હિંમત આવી.

વિદ્યાનગરથી ગોંડલ પહોંચ્યો તે રાત્રે ટ્રેનમાં રાતે મનમાં અનેક પ્રકારની દ્વિધાઓ અને અનેક વિચારો આવ્યા.

સવારે લગભગ ૯-૩૦ વાગે સ્વામીશ્રીનાં દર્શન થયાં. સભામંડપમાં પાટ પર બેઠા હતા. મેં સંકોચ સાથે પૂછ્યું : 'સ્વામીબાપા ! આપ મારે ઘેર આવશો ?'

સ્વામીશ્રીએ પૂછ્યું : 'કયું ગામ ? કેટલું દૂર છે ? ગાડી ચાલશે ?'

ચોમાસાના કારણે ગામડાંના રસ્તા બગડી જતા હોય છે તેથી સ્વામીશ્રી પૂછતા હતા. મેં કહ્યું કે ગામ અહીંથી ૨૦ થી ૨૨ કિ.મી. દૂર છે, ગાડી ચાલશે. સ્વામીશ્રીએ તુરત જ હા પાડી. મને કહે કે 'નારાયણ ભગત (વિવેકસાગર સ્વામી)ને બોલાવો.' તેમને હું બોલાવી લાવ્યો.

તેમણે વાત જાણી પ્રતિકૂળતા જાહેર કરી દીધી કે લાભપાંચમ પછી સ્વામીશ્રીને તરત નીકળી જવાનું છે, માટે પછી ક્યારેક ગોઠવીશું. એ દરમ્યાન બાલમુકુંદ સ્વામી આવ્યા. તેમણે પણ એમ જ કહ્યું. હું તો સાવ નાનો અને નવો. મારે આગ્રહ કરવાનો કે સમજાવવાનો કોઈ અર્થ જ ન હતો. અને એવી હિંમત પણ ક્યાંથી હોય ?

મને થયું કે હવે સ્વામીશ્રી મારે ગામ નહીં જ આવે. હું મૌન હતો, પણ સ્વામીશ્રી આગ્રહપૂર્વક કહેવા લાગ્યા : 'આપણે ત્યાં જવું જ છે. કાર્યક્રમ ગોઠવી દો.' સ્વામીશ્રીનો અતિ આગ્રહ જાણીને નારાયણ ભગતે કહ્યું : 'તો

પછી, ગમે ત્યારે દિવસે જઈને આવતા રહીએ.'

સ્વામીશ્રી કહે : 'ના, એમ નહીં. આપણે ત્યાં સાંજે જવાનું, રાત રોકાવાનું. બીજે દિવસે સાંજે ત્યાંથી નીકળવાનું. આવો કાર્યક્રમ ગોઠવો. ગમે તેમ કરીને પણ આપણે ત્યાં જવું જ છે.'

મારા અંતરના સંકલ્પને અંતર્યામીપણે પકડીને રાત રોકાવા માટે જે રીતે સ્વામીશ્રી આગ્રહપૂર્વક સમજાવતા હતા તે સાંભળીને તથા સ્વામીશ્રીના મુખારવિંદ પરનો ભાવ જોઈને હું તો સ્તબ્ધ જ થઈ ગયો. અંતે કાર્યક્રમ નક્કી થયો.

ખૂબ નાનું ગામડું. માંડ માંડ ૮૦૦ માણસની વસ્તી. જેમાં એક પણ સત્સંગી કુટુંબ નહીં. ગામના મોટાભાગના માણસોએ તો સ્વામિનારાયણના સંતોનાં દર્શન પણ કર્યાં ન હતાં. કુટુંબમાં પણ મારા સિવાય કોઈને સત્સંગ નહીં. હું પણ નવો નવો, છતાં સ્વામીશ્રી આવવા માટે સહમત થયા એટલું જ નહીં, મારા આનંદનો પાર ન હતો.

તા. ૪-૧૧-૭૮ના રોજ સાંજે સ્વામીશ્રી ગામમાં પધાર્યા. ગાડીમાંથી નીચે ઉતારીને બળદગાડીમાં બેસાડીને સ્વાગત કરી ઘેર પધરાવ્યા.

જૂના મકાનમાં સંકડાશને લીધે અનુકૂળ આવે તેમ ન હતું, તેથી નવા મકાનમાં ઉતારો રાખેલો. પણ તેમાં નવા પ્લાસ્ટર અને ચૂનાની ગંધ આવતી હતી. બારી-બારણાનું ઠેકાણું નહોતું. ઘરમાં હજું વીજળીનું જોડાણ અને ફિટિંગ જ નહોતું. બીજા ઘેરથી વાયર ખેંચીને, એ વીજળીથી થોડાંક બલ્બ અને ટ્યુબલાઇટથી અજવાળું કરેલું. આરામ માટે પલંગ કે ગાદલાં નહીં. નીચે જ એક ગાદલું નાંખીને સેવક સંતોએ પથારી તૈયાર કરેલી. ગામડામાં સંડાસ-બાથરૂમ-નળની વ્યવસ્થા તો હોય જ ક્યાંથી ? કંતાનની આડશ બાંધીને ફળિયામાં સંડાસ તૈયાર કરેલું. તેમાં પણ ફાનસનું ઝાંખું અજવાળું. ચોકડીમાં આવીને સ્નાન કરવાનું. પાણી પણ દૂરથી ડંકીએથી લાવીને પ્રાઇમસ પર ગરમ કરવાનું. રસોડાની પણ કોઈ વિશિષ્ટ સુવિધા નહીં કે જમવા માટે કોઈ વિવિધ વાનગીઓ નહીં.

એ વખતે તો મને ખ્યાલ પણ નહીં કે આ બધી મુશ્કેલીઓ કહેવાય. સ્વામીશ્રી જેવા પુરુષ માટે તો કંઈક વિશિષ્ટ વ્યવસ્થા કરવી જોઈએ. અનેક પ્રકારની અગવડ અને મુશ્કેલીઓ છતાં સ્વામીશ્રીના મુખારવિંદ પર

લેશમાત્ર કંટાળો કે અણગમો જણાયો નહીં. ખૂબ જ આનંદમાં હતા. ખૂબ જ રાજીપો દર્શાવ્યો.

રાત્રે ઘરના ફળિયામાં જ સભા કરી જેમાં લગભગ ૧૫૦ જેટલા મુમુક્ષુઓ હાજર હતા. વિવેકસાગર સ્વામીના પ્રવચન પછી સ્વામીશ્રીએ 'માણસનો અવતાર મોંઘો નહીં મળે ફરી...' એ કીર્તન સમજાવ્યું.

બીજે દિવસે તો કુટુંબના સભ્યો સિવાય કોઈ હાજર નહીં. પૂજામાં તો બીજા કોણ હોય ? પૂજા અને ઉકાળાપાણી પછી સ્વામીશ્રીએ જૂના ઘરે તથા બીજા બે ઘેર પધરામણી કરી. બીજું કાંઈ કામ હતું નહીં.

સ્વામીશ્રી કહે : 'હવે શું કરશું ? તમારું ખેતર કેટલે દૂર છે ? ચાલો ત્યાં જઈએ !' સ્વામીશ્રી બે-ત્રણ સંતો સાથે ખેતરમાં આવ્યા. ખેતરમાં ચાલતાં થોડું ફર્યા. વાવેતર પર તથા કૂવામાં દૃષ્ટિ કરી. થોડીવાર બેઠા. ઠાકોરજી માટે શેરડી લેવડાવી. બપોરે ઘેર આવીને ભોજન લીધું. આરામ બાદ પ્રસાદ ગ્રહણ કરીને નીકળતી વખતે સૌને આશીર્વાદ આપ્યા.

મેં અગવડ-મુશ્કેલી પડી હોય તો તે બદલ માફી માંગી. સ્વામીશ્રી તો સહર્ષ બોલી ઊઠ્યા, 'જરાય તકલીફ નથી પડી. ઉત્સવ થઈ ગયો. ખૂબ જ આનંદ થયો.' એમ કહીને, ફરીવાર સૌને આશીર્વાદ આપીને નીકળ્યા. પધરામણી નિમિત્તે એક પણ રૂપિયાની ભેટ આપેલ નહીં. સ્વામીશ્રી ખાલી હાથે નીકળ્યા. ઘરમાં કોઈને સત્સંગની પ્રણાલિકાની ખબર નહીં તેથી ભેટ આપવી જોઈએ એવી કોઈ સૂઝ નહીં. મને પણ વિદાય વખતે એવું કંઈ યાદ આવ્યું નહીં. સ્વામીશ્રી કે સંતોએ પણ એવો કોઈ ઇશારોય ન કર્યો, હા, સ્વામીશ્રીને હું નવા મકાનની અગાશી પર લઈ ગયો ત્યારે સ્વામીશ્રીએ મને પૂછેલું કે બાપુજી ગોંડલ ઠાકોરજી માટે પાંચેક મણ મગફળી આપશે ?

મેં કહેલું કે પૂછી જોઈશ. પણ સત્સંગના અભાવે ના પાડશે એ બીકે પૂછ્યું જ નહીં... ગમે તેમ પણ સ્વામીશ્રી તો ખાલી હાથે વિદાય થયા. હા, સ્વામીશ્રી વિશેની મારી ગેરસમજણ અને શંકાનું પોટલું સાથે લેતા ગયા.

જ્યારે જ્યારે આ પ્રસંગ મને યાદ આવે છે ત્યારે ત્યારે દુઃખ અને હર્ષની મિશ્ર લાગણીનો અનુભવ સહેજે જ થાય છે. કેવી તકલીફ અને અગવડમાં સ્વામીશ્રીને ઘેર લઈ ગયો. કોઈ વિશિષ્ટ સુવિધા કરી નહીં. પધરામણી નિમિત્તે સ્વામીશ્રીને કંઈ આપ્યું નહીં. આ વિચારથી દુઃખ થાય છે. પરંતુ

સ્વામીશ્રી અને મારા વચ્ચેની મારી ગેરસમજણની દીવાલ હતી તે દૂર થઈ. હું સ્વામીશ્રીની વધુ નજીક આવ્યો. વિશેષ હેત થયું અને અંતે સાધુ થયો. આ વિચારથી હર્ષ થાય છે. કદાચ સ્વામીશ્રી ન આવ્યા હોત તો હું સાધુ પણ ન થયો હોત. કેવી કરુણા !

* * *

૧૯૮૩માં સ્વામીશ્રી વડોદરામાં અશોકભાઈના બંગલે આરામમાં હતા ત્યારે આઠેક દિવસ દર્શનલાભ લઈ અમારે વિચરણ માટે જવાનું હતું. મારે તથા સંતોષ ભગત(અધ્યાત્મજીવન સ્વામી)ને ભાવનગર જવાનું ગોઠવાયું. બસ દ્વારા ભાવનગર જવાનું હતું અને એક યુવક બસમાં બેસાડવા આવવાના હતા, એટલે અમારે તૈયારી કે આયોજન કરવાનું હતું નહીં, તેથી અમે તો નચિંત હતા.

સંધ્યા આરતી પછી હું સ્વામીશ્રીના રૂમમાં દાખલ થયો. સ્વામીશ્રી પલંગમાં આડે પડખે થયેલા. મને જોઈને સ્વામીશ્રીએ નજીક બોલાવ્યો અને કહેવા લાગ્યા : 'આવતીકાલે સવારે તમારે ભાવનગર જવાનું છે. તે માટે બસની રિઝર્વેશન સાથે ટિકિટ મંગાવી લીધી છે. તમે બે જ પાર્ષદો છો. સાથે કોઈ યુવક નથી, તેથી સરકારી જનરલ બસને બદલે લકઝરી બસની ટિકિટ મંગાવી છે, તેથી વચ્ચે બાઈઓને લીધે (નિયમ ધર્મમાં) કોઈ મુશ્કેલી ન પડે.'

'અહીં એક યુવક સાથે આવશે. બસસ્ટેન્ડે તમને બસમાં પહેલેથી બેસાડી દેશે પછી ચિંતા નહીં. ભાવનગર મંદિરનું એડ્રેસ લખીને સાથે લેતા જજો. ભાવનગરમાં બસવાળા જ્યાં ઉતારે ત્યાંથી રિક્ષા કરી લેજો. મંદિરે રિક્ષાના પૈસા આપી દેશે. સવારે લગભગ સાત વાગે બસ છે એમ છતાં ચોક્કસ સમય જાણી લેજો. સવારે વહેલા ઊઠીને તૈયાર થઈ જજો. અહીં પત્તર, પૂજા કે કપડાં જેવું કાંઈ ભૂલી ન જવાય, તે માટે બધું સંભારીને, ભેગું કરીને પોટલું બાંધી લેજો. સવારે ઉકાળાપાણી પણ સારી રીતે વ્યવસ્થિત કરી લેજો જેથી વાંધો ન આવે. યુવકનું અત્યારે જ પૂછી લેજો કે કોણ આવવાનું છે ? એને પણ વહેલા આવવાનું કહી દેજો. તમારી ટિકિટ ધર્મચરણ સ્વામી પાસેથી અત્યારે જ લઈને ગૌમુખી જેવું કાંઈક હોય તો તેમાં મૂકીને પોટલામાં મૂકી દેજો, જેથી સવારે ભૂલી ન જવાય. ભાવનગર જઈને

હરિભક્તોને કથાવાર્તા કરજો. કોઈને કંઈક ગેરસમજણ હોય તો શાંતિથી વાત કરજો. આપણે ઉગ્ર ન થવું. બીજા ભલે ઊભરો ઠાલવે. આપણે શાંતિ રાખવી. પ્રાર્થના કરવી. મહારાજ બળ આપશે. સવારે મંદિરેથી સીધા જ નીકળી જજો. સવારે વહેલા જવાનું છે તેથી દર્શન નહીં થાય. અત્યારે જ આશીર્વાદ છે.' એમ કહીને માથે પ્રેમાળ હાથ મૂકીને આશીર્વાદ આપ્યા.

બીમારીના બિછાને રહ્યાં રહ્યાં અમારા જેવા નાના નાના પાર્ષદોની કેવી ઝીણવટભરી ચિંતા ?! સ્વામીશ્રીએ કરેલાં નાનાં નાનાં સૂચનો કેટલાં મહત્ત્વનાં છે ? અધ્યાત્મનાં ઉચ્ચતમ શિખરો સર કરાવવા માટે પ્રતિજ્ઞાબદ્ધ સ્વામીશ્રી ગંભીર માંદગીના બિછાને પણ કેટલી સૂક્ષ્મતાભરી દૈહિક કાળજી રાખે છે ? મહિમાપૂર્ણ આત્મીય વાત્સલ્ય વગર શું આ શક્ય છે ?

* * *

૧૯૮૩, સ્વામીશ્રી હાર્ટઍટેકની માંદગી દરમ્યાન વડોદરામાં અશોકભાઈના બંગલે આરામ માટે બિરાજ્યા હતા. તા. ૨૦-૪-૮૩ના સાંજે સ્વામીશ્રી, પલંગ પર ઓઠીંગણે ટેકો દઈને વિરાજમાન હતા. એવામાં સ્વામીશ્રીની સારવાર કરતા ડૉક્ટર બાબુભાઈ આવ્યા. તેમને ખુરશી પર બેસાડીને સ્વામીશ્રી અમે સૌ બેઠા હતા તે બતાવીને કહે, 'આ બધા ૧૯૮૧માં સાધુ થયા છે ભણેલા-ગણેલા છે, સુખી ઘરના છે, છતાં અહીં બધા જ પ્રકારની નાનીમોટી સેવા કરે, સંડાસ-બાથરૂમ સાફ કરે, વાસણ ઊટકે, ચોગાન વાળે, વહેલા ઊઠી જાય.. આટલી નાની ઉંમરના છે છતાં શ્રીજીમહારાજની નાનીમોટી બધી જ આજ્ઞાઓ વ્યવસ્થિત પાળે છે. મહિનાના કોઈ પાંચ, છ કે સાત નિર્જળા ઉપવાસ કરે છે. આજે બધાને પાંચમનો ઉપવાસ છે તો આજે પાણી પણ બંધ... ઉપવાસ હોવા છતાં સેવા-અભ્યાસ કે ગામડાનું વિચરણ ચાલુ જ હોય...'

આ સમય દરમ્યાન સ્વામીશ્રીને ડૉક્ટરોની વિનંતી હતી કે ખૂબ જ જરૂરી હોય તેટલું અને ખૂબ જ ઓછું બોલવું. છતાં આજે પોતાના ડૉક્ટરને જ સંતોનો મહિમા કહેવાની તક ઝડપી લીધી. આ મહિમાગાનમાં ડૉક્ટરની વિનંતી ભુલાઈ ગઈ, પણ સંતોનો મહિમા કહ્યાનો આનંદ અને ઉત્સાહ વાક્યે વાક્યે જણાતો હતો.

સંતોની સભામાં મોટેરા સદ્‌ગુરુ સંતોની વિશેષતા, મહત્તા અને ગુણોનું

ગાન કરતાં સ્વામીશ્રીને ઘણીવાર સાંભળ્યા છે. તેમના દિલમાં જેમ મોટાનો મહિમા છે તેમ નાના નાના સંતોનો પણ અપાર મહિમા છે.

પ્રત્યેક સંતની સ્વામીશ્રીએ કરેલી ચિંતા અને રાખેલી સંભાળ વિશે લખવા બેસીએ તો ગ્રંથોના ગ્રંથો ભરાય છતાંય અધૂરું રહેવાનો અસંતોષ તો રહ્યા જ કરે. મેં અનુભવેલ પ્રસંગોમાંથી બે પ્રસંગ નોંધીને અંશતઃ સંતોષ માની લઉં છું.

* * *

સ્વામીશ્રીનો ૬૬મો જન્મોત્સવ મુંબઈમાં ભાઈદાસ હૉલમાં ખૂબ સાદાઈથી ઉજવાયેલો. એ વખતે સ્વામીશ્રીનો ઉતારો એક નવા મુમુક્ષુ શેઠશ્રી લખા-લુલાને ઘેર હતો.

તા. ૧૧-૧૨-૮૬ના રોજ સ્વામીશ્રી સવારે પૂજા પછી મંદિરે આવી જવાના હતા. તેથી તે દિવસે સ્વામીશ્રીએ સંતોને રોજની જેમ પૂજા દર્શન માટે આવવાની ના પાડેલી.

સ્વામીશ્રી મંદિરે દર્શન કરી ઉતારે પધાર્યા. સંતોને જોઈ સ્વામીશ્રી સોફા ઉપર બિરાજ્યા ને સંતો પણ સામે ગોઠવાઈ ગયા. તરત જ સ્વામીશ્રી નમ્રભાવે મૃદુસ્વરે કહેવા લાગ્યા : 'સવારે પૂજામાં દર્શને આવવાની ના પાડી તો રાજી રહ્યા ને ? રાજી છોને ? ના પાડવાનું તો બીજું કોઈ કારણ ન હતું. પણ મંદિરે દર્શન થવાનાં જ હતાં. તેથી થોડીવાર માટે શું આવવા-જવાનું ? વળી આજે એકાદશી હોવાથી બીજો કોઈ લાભ હતો નહીં તેથી ના પાડેલી. અહીં બધાને દર્શન થઈ ગયાં. માટે રાજી રહેશો. રાજી છોને ?...'

'સંતો કદાચ દુઃખાયા હશે' એ સંદેહથી સંતોને રાજી રહેવા માટે જાણે કે આજીજી કરી રહ્યા હતા. સદાય સેવકભાવે વર્તતા આ ગુરુના વેણ અને નેણમાંથી વરસતી નમ્રતાએ હૃદયને હચમચાવી દીધું. શિષ્યોને રાજી કરવા મથતા આવા ગુરુ બીજે ક્યાં મળે ?

* * *

આ દરમ્યાન જ એક યુવકે પોતાના પિતાની ટીકાત્મક પ્રવૃત્તિની વાત કરી, 'સ્વામી ! આપે હમણાં જે યુવકોને દીક્ષા આપી હતી તેના ફોટા સાથે સમાચાર છાપામાં આવેલા. તે કટિંગ લઈને મારા પિતાશ્રી જેને-તેને બતાવીને આપની ટીકા કરતા ફરે છે કે આવા દેશ-પરદેશના હોશિયાર

સુખી ઘરના છોકરાને સાધુ બનાવે છે.'

હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'સારું, સારું, તેમની સેવા થઈ ગઈ. આપણી વાત ખાનગી હતી નહીં. જગજાહેર હતી. છતાંય કેટલાકને ખબર નહીં હોય તો ખબર પડશે. જાણે-અજાણે મને-કમને પણ તેની આ સેવા થઈ જશે. આપણા કાર્યની જાહેરાત થશે. તેથી વિશેષ પ્રચાર થશે. મહારાજ તેનું સારું કરશે.'

એક વખત સ્વામીશ્રીએ એક પ્રશ્નના ઉત્તરમાં કહેલું, 'ટીકાની તો મને પડી જ નથી... ટીકાનો ખુલાસો કરવાની પણ જરૂર લાગતી જ નથી.'

ખરેખર, તેઓ જે બોલે છે તેમજ વર્તે છે એનો પ્રત્યક્ષ અનુભવ થયો.

* * *

તા. ૨૩-૫-૮૮ના રોજ સ્વામીશ્રી નોર્વેથી લંડન સાંજે પધાર્યા. સભા પછી રસોડામાં જમવા પધાર્યા. રસોડામાં દરરોજ સેવા કરતા એક યુવક દીપક થાનકીને નજીક બોલાવીને સ્વામીશ્રી નમ્રભાવે કહે : 'થાનકી, કેમ છે ? તું મને માફ કરજે. મેં તને સ્વીડન-નોર્વે આવવાની ના પાડી. રાજી રહેજે.'

સ્વામીશ્રીની આ નમ્રતા જોઈને થાનકી તો થીજી જ ગયો. અમને સૌને અપાર આશ્ચર્ય થયું. અમને પૂર્વાપરના પ્રસંગની ખબર ન હતી. પછીથી દીપકને પૂછીને વિગત જાણી. વાત એમ હતી કે તા. ૧૯-૫ના રોજ જ્યારે સ્વામીશ્રી લંડનથી સ્વીડન પધારવાના હતા ત્યારે દીપક અને બીજા બે-ત્રણ યુવકોને સ્વામીશ્રી સાથે જવાની ઇચ્છા હતી. એ માટે દીપકે સ્વામીશ્રીને પૂછેલું. એ વખતે સ્વામીશ્રીએ કહેલું કે નવા વિસ્તારમાં જઈએ છીએ. એક-બે ઘર જ નવા સત્સંગીનાં છે. સાથે સંતો-હરિભક્તો-યુવકોનો કુલ ૬૦ થી ૬૫ વ્યક્તિઓનો સ્ટાફ છે. તેથી ત્યાં વ્યવસ્થામાં મુશ્કેલી પડે. માટે ફરી વખત કાર્યક્રમ ગોઠવાય ત્યારે આવશો. દીપકનો તો વિશેષ કોઈ આગ્રહ હતો નહીં. સંકલ્પ મૂકી દીધો. વાત વિસરાઈ ગઈ. પણ સ્વામીશ્રીએ આ વાતને યાદ રાખી.

ચાર દિવસ સુધી સ્વામીશ્રી સ્વીડન-નોર્વેના વિસ્તારોમાં વિચરણ કરીને લંડન પધાર્યા. દીપકને જોયો કે તુરત જ નજીક બોલાવીને તેની પાસે માફી માગી. આમાં ક્યાં સ્વામીશ્રીની કોઈ ભૂલ હતી ? દીપકને પણ ક્યાં કાંઈ

પ્રશ્ન હતો ? છતાં એક નાનેરા યુવકનું દિલ અજાણતામાં પણ ન દુભાય તેની કેવી અને કેટલી કાળજી !

* * *

તા. ૧૮-૬-૮૮ના રોજ માર્ખમ(ટોરન્ટો-કેનેડા)માં સવારે ચંદ્રકાન્તભાઈને ઘેર સ્વામીશ્રી સૌ સંતો સાથે ઉકાળાપાણી કરતા હતા. એ વખતે શાસ્ત્રીજી મહારાજના સમયની વાત નીકળી.

સ્વામીશ્રી કહે : 'એ વખતે આવા કોઈ નાસ્તા હતા નહીં. સાંજના વધેલા રોટલા કે ભાખરી હોય તો તે કટકું-બટકું કરીને સર્વે કારખાનામાં લાગી જાય.'

વાસુદેવપ્રિય સ્વામીએ પૂછ્યું : 'એ વખતે કંઈ સગવડો નહીં. તો પણ સેવા કરવાનો ઉત્સાહ કેમ રહે ?'

સ્વામીશ્રી કહે : 'તોય ઉત્સાહ રહે. જેને ભગવાનને રાજી કરવા છે તેને ઉત્સાહ રહે જ. દેહને રાજી કરવો હોય તો ઉત્સાહ ન રહે. બધાને શ્રદ્ધા, વિશ્વાસ અને મહિમા ખૂબ. સેવા ને ભક્તિમાં ટૂકટૂક. સવારથી કારખાનામાં જોડાઈ જાય તેથી નાસ્તો-જમવાનું-આરામનું કે દેહનું ભાન જ ન રહે.'

પછી નિર્ભયસ્વરૂપ સ્વામી કહે : 'ભાદરાથી વિવેકસ્વરૂપ સ્વામી લખે છે કે અહીં બધે સુખડી વિતરણ માટે નીકળીએ છીએ ત્યારે લોકો ટીકા કરે છે ને ભાતભાતનું બોલે છે કે આ લોકોને કેટલુંય આવતું હશે ત્યારે તેમાંથી થોડુંક આપતા હશે...'

સ્વામીશ્રી કહે : 'બોલનારા તો બોલે. આપણે ભગવાનને માથે રાખીને કાર્ય કર્યે જવું. સાંભળવા રહીએ તો કામ ન થાય. ઘણા અણસમજણને લીધે બોલતા હોય છે. સમજાય પછી નહીં બોલે. ભગવાન અને સંત જીવના ગુના સામે જોતા જ નથી. જો ગુના સામું જુએ તો જીવનું કલ્યાણ જ ન થાય.' પછી શ્રીજીમહારાજના વખતના બ્રાહ્મણોની અવળાઈ અને શ્રીજીમહારાજની અકારણ કરુણાની ઘણી વાતો કરીને કહ્યું, 'જેમ મહારાજે બધાનું હિત ઈચ્છયું એમ આપણે પણ બધાનું હિત ઈચ્છવું.'

ભગવત્ચરણ સ્વામી કહે : 'આટલું ને આવું સરસ કામ કરો છો તેમ છતાં લોકો ટીકા કરે તો કંટાળો ન ચઢે કે કંઈ કરવું નથી ? મૂકો પડતું.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને રાજી કરવા છે તેને કંટાળો ન હોય. આપણે

જે કામ લીધું છે તે પોતાના માટે નથી. ભગવાન માટે છે એવું સમજીએ તો કંટાળો ન ચઢે. ઉત્સાહ રહે. નહીંતર આઘુંપાછું થઈ જાય.'

પૂર્વેના સંતોની જીવનભાવના અને પોતાના હૃદયની સર્વહિતની ભાવના આ ટૂંકા વાર્તાલાપમાં જણાવીને સ્વામીશ્રીએ બે પાઠ દૃઢાવ્યા. અખંડ ઉત્સાહ રાખવો અને તે માટે ભગવાનને રાજી કરવા છે તેવું અનુસંધાન રાખવું...

* * *

તા. ૪-૭-૮૮, ઓર્માન્ડ બીચ, અમેરિકા. અહીં મોહનભાઈને ઘેર જમ્યા બાદ સ્વામીશ્રી એ જ આસને બિરાજ્યા હતા. સૌ સંતો આજુબાજુ ગોઠવાયા હતા. થોડાક પત્રલેખન અને વાંચન પછી ફોન પર ઈશ્વરચરણ સ્વામી સાથે અમદાવાદ વાત કરતાં કરતાં અચાનક ઊભા થઈ ગયા, અને અંગત વાતો બાથરૂમમાં જઈને કરી.

ઉંમર અને અશક્તિને લીધે સામાન્ય રીતે સ્વામીશ્રી બે સંતોના હાથના ટેકે ઊભા થતા હોય છે. પણ જાતે જ અને અચાનક ઊભા થઈ ગયા. આવા હૃદયના દર્દીને કેટલું કષ્ટદાયક બને તે સમજી શકાય તેમ છે. સ્વામીશ્રી બહાર આવ્યા ને રૂમમાં પલંગ પર બિરાજ્યા. ત્યારે સંતોએ પૂછ્યું : 'આપ કેમ ઊભા થઈ ગયા ? અમને સહેજ ઇશારો કર્યો હોત તો અમે બધા જ રૂમની બહાર નીકળી જાત.'

સ્વામીશ્રી કહે : 'સાધુને ખસો એમ ન કહેવાય. તમને બધાને ખસવાનું કહું તે કરતાં હું જ ન ખસું ?! સાધુ તો માથાના મુગટ કહેવાય.'

સરળતા, નમ્રતા, મહિમા અને દાસત્વનો સ્વામીશ્રીમાં સહજ સંગમ છે. ગુરુનો મહિમા સમજવો એ આપણી સાધના છે, જ્યારે શિષ્યનો મહિમા સમજવો એ એમની સહજતા છે.

* * *

તા. ૨૯-૯-૮૮, એડિસન, આજે જળઝીલણી એકાદશી હતી. સ્વામીશ્રી પૂજા કરીને ઉતારે પધાર્યા. હું ઠાકોરજીને થાળ ધરાવતો હતો. સ્વામીશ્રીએ નજીક આવી નીચા નમીને ભાવથી ઠાકોરજીનાં દર્શન કર્યાં. આજે એકાદશી હોવાથી દંડવત્ પ્રણામ કરીને વિશિષ્ટ ભક્તિ અદા કરી. આજુબાજુ સંતો દર્શન કરતાં ઊભા હતા. દંડવત્ પછી સંતોએ સ્વામીશ્રીને ઊભા કર્યા.

સ્વામીશ્રી ઊભા થયા કે તરત જ ખૂબ જ નીચા નમીને આજુબાજુ ઊભેલા

સંતોને ચરણસ્પર્શ કરવા લાગ્યા ! ને કહે : 'તમે બધા નિર્જળા ઉપવાસ કરીને મહારાજ-સ્વામીને રાજી કરો છો. હું નિર્જળા ઉપવાસ કરી શકતો નથી, તેથી તપસ્વી સંતોને પગે લાગી લઉં તો અમને પણ પુણ્ય મળે ને !'

જ્યારે સખત વિચરણ ને આડેધડ પધરામણીઓ ચાલતી એવા સમયે વર્ષો સુધી સ્વામીશ્રીએ નિર્જળા ઉપવાસ અને ધારણાંપારણાં કર્યાં છે, ને આજે જ્યારે શરીર દાદ દેતું નથી; ઉંમરનો પ્રભાવ અને અનેક બીમારીઓ એમના તપની રુચિને રુંધી રાખે છે ત્યારે એ રુચિ આવા શબ્દોમાં વહી નીકળે છે.

શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાનો આ નિર્જળા ઉપવાસ ન કર્યાનો ખેદ તેમના મુખારવિંદ પર સ્પષ્ટ કળાતો હતો. નાના સંતોનો મહિમા વ્યક્ત કરીને પણ એમણે દાસત્વનું એક વિરલ દર્શન કરાવ્યું !

* * *

૧૯૯૩માં અમે પાંચ સંતો બેંગ્લોરમાં રહીને સંસ્કૃતનો વિશેષ અભ્યાસ કરતા હતા. એ દરમ્યાન નિયમની એકાદશીએ મેં ચાતુર્માસ નિમિત્તે પાકાં ધારણાંપારણાં કરવાનો નિયમ લીધો હતો. પણ અચાનક કેડનો દુખાવો શરૂ થયો. યજ્ઞેશ્વર સ્વામીએ આ વિગત સ્વામીશ્રીને જણાવેલી. જોકે તેની મને ખબર ન હતી.

થોડાક દિવસ પછી અમે બેંગ્લોરના નવા સત્સંગી પ્રફુલ્લભાઈના ઘરે મહાપૂજા નિમિત્તે પધરામણીએ ગયા હતા. તેમને સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવાની ઇચ્છા હતી. તેથી મેં સ્વામીશ્રીને અમદાવાદ ફોન કર્યો, 'બાપા ! જય સ્વામિનારાયણ. હું બ્રહ્મદર્શન બોલું છું....' આગળ વિશેષ વાત કરું તે પહેલાં તો સ્વામીશ્રી કહેવા લાગ્યા, 'જય સ્વામિનારાયણ, બ્રહ્મદર્શન, તમારી તબિયત હવે કેમ છે ? યજ્ઞેશ્વર સ્વામીના કાગળમાં તમારા સમાચાર જાણવા મળ્યા. મેં પત્ર તમને લખ્યો છે. એકબે દિવસમાં મળશે. પણ અત્યારે વાત કરી દઉં છું. તમે પાકાં ધારણાં-પારણાં ન કરતા. પણ પછીથી શ્રાવણ મહિનામાં એક મહિનાનાં કાચાં એકટાણાં કરશો....' પછી અન્ય વાતો થઈ ને પ્રફુલ્લભાઈ તથા તેમના પુત્ર ચિરાગને પણ આશીર્વાદ આપ્યા.

મને ઘણું આશ્ચર્ય થયું. સ્વામીશ્રી આપણી કેટલી કાળજી રાખે છે ? અનેકવિધ પ્રવૃત્તિમાં સ્વામીશ્રી કેટલા બધા વ્યસ્ત હોય છે ? તેમાંય વળી

અમદાવાદ એટલે તો કહેવું જ શું ? સતત જુદી જુદી મિટિંગોનો દોર ચાલુ જ હોય. આવી અતિ વ્યસ્તતામાં મારી બીમારીની વાત યાદ રહે અને ફોન હાથમાં લેતાં જ સામેથી એ વિષે વાત કરે ! આવી ગાઢ આત્મીયતા ભલભલા પથ્થરદિલને પણ પિગાળી નાખે તેમાં શું આશ્ચર્ય ?

* * *

સ્વામીશ્રીનાં સાન્નિધ્યમાં કોઈક પ્રવચન કરતું હોય તેમાં કોઈક સાંપ્રદાયિક સિદ્ધાંત વિરુદ્ધ વાત થતી હોય તે પણ સ્વામીશ્રીના ધ્યાન બહાર જાય નહીં.

સારંગપુરમાં સ્વામીશ્રી સવારે ઉકાળાપાણી કરતા હતા. સામે લોનમાં લગભગ અઢીસો જેટલા સંતો, હરિભક્તો તથા યુવકો બેઠેલા. એક સંતે હિન્દીમાં પ્રવચન કર્યું. પ્રવચન પૂરું થયા પછી સ્વામીશ્રીએ નારાયણમુનિ સ્વામીને બોલાવીને પ્રવચનમાં થયેલ ભૂલ બતાવીને તેનો ખુલાસો કર્યો અને તેની સૌ સમક્ષ સ્પષ્ટતા કરવાનું કહ્યું. નારાયણમુનિ સ્વામીએ ઊભા થઈ સર્વેને સ્વામીશ્રીએ બતાવેલ ભૂલ અને તેના સુધારાની સ્પષ્ટતા કરતાં કહ્યું : 'પ્રવચનમાં કહેલું કે આપણને જે પ્રાપ્તિ થઈ છે તે અક્ષરધામના મુક્તોને પણ થઈ નથી. આ ભૂલ છે - આમ ન કહેવાય. કારણ કે તેમાં શ્રીજીમહારાજની ગૌણતા થાય છે. તેને બદલે એમ જ કહેવું જોઈએ ને સમજવું જોઈએ કે અક્ષરધામના મુક્તોને જે પ્રાપ્તિ થઈ છે તે જ પ્રાપ્તિ આપણને પણ થઈ છે.'

અમને સૌને ખૂબ આશ્ચર્ય થયું. કારણ કે અમને આ ભૂલનો અણસારેય રહ્યો ન હતો. આપણે કથાના જ હેતુથી સાંભળીએ છીએ છતાં મન બીજે હોય છે, અને સ્વામીશ્રી ભોજન લે છે પણ તેમનું મન કથાશ્રવણમાં હોય છે ! જેમાં સિદ્ધાંતભેદની વાત તો તાત્કાલિક જ સ્પષ્ટ કરાવી દે છે.

શ્રીજીમહારાજની આ પરાવાણીની ઉત્કૃષ્ટતા-સર્વોપરીતાને લીધે જ જ્યારે જ્યારે વચનામૃત વિશે કાંઈક વાતો થતી હોય ત્યારે સ્વામીશ્રી તેમાં ખોવાઈ જાય છે. વચનામૃતોના સંદર્ભોની ગૂંથણી કરી તેની રજૂઆત કરવાનો લાભ સ્વામીશ્રીની કૃપાથી મને ત્રણેક વખત મળ્યો છે. સારંગપુરમાં વચ. ગ.પ્ર. ૫માં 'રાધાકૃષ્ણનું ધ્યાન' તથા 'માહાત્મ્ય' વિષયો પર અને મુંબઈમાં 'એકાંતિક ધર્મ' એ વિષય પર બે-ત્રણ દિવસ સુધી વચનામૃતોના

સંદર્ભોની ગૂંથણી રજૂ કરેલી.

એ સમયે સ્વામીશ્રી આજુબાજુના વાતાવરણને સંપૂર્ણ ભૂલી જતા. તેમનું જમવાનું પણ ગૌણ થઈ જતું. યંત્રવત્ કોળિયા મોંમાં મુકાતા. તેમના કાન-મન અને હૃદય શ્રીજીની દિવ્યવાણીના શ્રવણમાં પરોવાઈ જતા. તેમની પ્રસન્ન અને કરુણાસભર આંખો મારા પર સતત કૃપાદૃષ્ટિ કરતી રહેતી. સ્વામીશ્રીનું એ પ્રસન્નવદન શ્રીજી વાણીથી થતી તૃપ્તિના ઓડકારની ચાડી ખાતું. આ કથાશ્રવણ વખતે થતો કોઈ પણ વિક્ષેપ સ્વામીશ્રી માટે અસહ્ય બની જતો.

તા. ૧૩-૭-૮૯ના રોજ સવારે ઉકાળાપાણી વખતે આગલા દિવસથી શરૂ કરેલ વચ. ગ.પ્ર. ૫ પર વિવિધ દલીલો સાથે સાંકળિયું રજૂ કરતો હતો. એ વખતે એક સંત કહે : 'આ મૂળા જમો, કાલથી બંધ થવાના છે.' સ્વામીશ્રી તુરત જ કહે : 'આ મૂળા (કથાવાર્તા) ચાલે છે એને બદલે અહીં ક્યાં ધ્યાન આપો છો ? મૂળા બંધ થાય તો કાંઈ વાંધો નહીં, ચોમાસા પછી આવવાના જ છે ને ? આ વાત ચાલે છે તે બધા ધ્યાનથી સાંભળો.'

સ્વામીશ્રીમાં નાસ્તાની ગૌણતા અને કથાશ્રવણના ઈશકની પરાકાષ્ઠાનાં સૌને દર્શન થયાં. સ્વામીશ્રીને ભોજનરસ કરતાં કથારસમાં વધુ આસક્તિ છે તેનો સૌને પ્રત્યક્ષ અનુભવ થયો.

સતત બોલાતા વચનામૃતના જુદા જુદા નંબરો અને સંદર્ભોથી ભલભલાને કંટાળો આવે પણ સ્વામીશ્રીને મતે તો આ જ આત્માનો ઉત્કૃષ્ટ ખોરાક હતો. તેથી કંટાળો નહીં, અખંડ ઉત્સાહ જ સ્વામીશ્રીના મુખારવિંદ પર જોવા મળ્યો છે. ખૂબ રાજી થતા અને પ્રસન્નતાપૂર્વક ખૂબ આશીર્વાદ આપતા. સામે બેઠેલા સંતોને પણ શ્રીજીમહારાજના શબ્દોની આ રીતની હારમાળા કરવાની પ્રેરણા આપતા. ક્યારેક મુદ્દાની વાત પણ કરતા.

વચ. ગ.પ્ર. ૫ ના નિરૂપણના અંતે સ્વામીશ્રીએ કહ્યું : 'વચનામૃતોની ગૂંથણી સારી તૈયાર થઈ છે. બધાએ આ ધ્યાન રાખવું. શબ્દો તો બધા શ્રીજીમહારાજના છે પરંતુ તેમાંથી કયા ગ્રહણ કરવા - ધારવા તેનો વિવેક શ્રીજીમહારાજે શીખવ્યો છે ઉત્કૃષ્ટ શબ્દો ધારવા. જે વખતે જેની જરૂર તેવા શબ્દો મહારાજે કહ્યા હોય પણ એનો વિચાર ન કરીએ તો બધું એકપાડે થઈ જાય. માટે ઉત્કૃષ્ટ શબ્દો હોય એ જ વિચારવા ને ધારવા. નહીં તો બીજા

શબ્દોને બાઝી પડાય. હજી પણ એવી તંતીઓમાંથી ક્યાં નીકળાય છે ? આ તો શાસ્ત્રીજી મહારાજ મળ્યા ત્યારે આ સર્વોપરી ઉપાસનાના શબ્દો હાથમાં આવ્યા. બાકી તો હજી એ બધા શંખલા ધુએ છે પણ નીચે પડેલાં મોતી લેતા નથી.'

આવાં રહસ્યો સમજાવે ત્યારે 'શાસ્ત્રો સત્પુરુષ થકી જ સમજાય.' એ શ્રીજીકથનની સત્યતાની અનુભૂતિ થતી.

તા. ૧૪, ૧૫ અને ૧૬ જાન્યુઆરી, ૧૯૯૨ના ત્રણ દિવસ સુધી મુંબઈમાં સ્વામીશ્રીના ભોજન દરમ્યાન એકાંતિક ધર્મનું નિરૂપણ કરેલું.

છેલ્લે દિવસે સવારે અલ્પાહાર સમયે જ્ઞાન-આત્મનિષ્ઠા વિષયક નિરૂપણ પછી સ્વામીશ્રી સાથે સુંદર પ્રશ્નોત્તરી થઈ.

પ્રશ્ન : 'શ્રીજીમહારાજ વચનામૃત ગ.મ. ૩૫ અને ગ.અં. ૩૬માં કહે છે કે સો વર્ષ સુધી આત્માનો વિચાર કરે તો પણ આત્મદર્શન ન થાય. તો પછી ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે આઠે પહોર એમ ભજન કરવું કે હું આત્મા છું, અક્ષર છું... એમ કરતાં કરતાં આત્મારૂપ થઈ જવાય.' તેનું શું સમજવું ?

સ્વામીશ્રી : ' પોતાની મેળે કરવા જાય તો આત્મદર્શન ન થાય. પણ 'સત્પુરુષ મારો આત્મા' એમ સમજે તો સાક્ષાત્કાર થાય. સત્પુરુષને પોતાનો આત્મા માને, પોતાનું સ્વરૂપ માને, તેમાં પ્રીતિ-આત્મબુદ્ધિ થાય તો આત્મદર્શન થઈ જ ગયું છે, અને કોઈ પૂછે તો છાતી ઠોકીને કહેવું કે અમે તો પરમાત્માનાં દર્શન પણ કર્યાં છે. યોગીજી મહારાજ મળ્યા એટલે સાક્ષાત્કાર મહારાજનાં દર્શન થયાં.'

પ્રશ્ન : 'સત્પુરુષ આપણો આત્મા છે અને સત્પુરુષમાં સાક્ષાત્ પરમાત્મા રહ્યા છે. તો જ્યારે સત્પુરુષનાં દર્શન કરીએ ત્યારે આત્માનાં દર્શન કરીએ છીએ એમ માનવું કે પરમાત્માનાં ?'

સ્વામીશ્રી : 'જેમ શ્રીજીમહારાજે વચ.ગ.મ. ૮માં કહ્યું કે ઇન્દ્રિયો અંતઃકરણ સત્પુરુષમાં - બ્રહ્માગ્નિમાં હોમીએ પછી પોતાનું સ્વરૂપ એવું જે બ્રહ્મ તેમને વિષે સાક્ષાત્ પરબ્રહ્મનાં દર્શન થાય છે એમ માનવું. સત્પુરુષ આપણો આત્મા, તેમાં રોમેરોમમાં સાક્ષાત્ ભગવાન રહેલા છે, માટે એમનાં દર્શન તે ભગવાનનાં દર્શન છે. હવે જગતના જીવોની જેમ ભગવાન મેળવવા કાંઈ કરવાનું રહ્યું નથી. હવે તો જે મળ્યા છે તેમને રાજી કરવા.'

પ્રશ્ન : 'આપે સત્પુરુષને પોતાનો આત્મા માનવાની વાત કરી પણ સત્પુરુષ તો અમાયિક-દિવ્ય-ગુણાતીત-નિર્દોષ છે, જ્યારે અમે તો અનેક પ્રકારના સ્વભાવ-દોષ-પ્રકૃતિ-વાસના દેહભાવથી ખરડાયેલા છીએ તો સત્પુરુષને પોતાનું સ્વરૂપ કેમ મનાય ? અને એમ માનીએ તો દંભ જેવું ન ગણાય ?'

સ્વામીશ્રી : 'શ્રીજીમહારાજે વચ.વર. ૫માં કહ્યું છે કે ભજન કરનારામાં તો માયિક ગુણો હોય પણ જેનું ભજન કરે છે તેને માયાથી પર સમજે તો તે માયાથી પર થઈ જાય. જેનું ભજન કરે છે તેમાં દોષ નથી તેમ સમજે તો પોતે નિર્દોષ થઈ જાય. તેમ છતાં જાણપણું રાખવાનું.' 'સત્પુરુષ મારો આત્મા. સત્પુરુષમાં સ્વભાવ દોષ નથી અને એ મારું સ્વરૂપ છે. તેથી મારામાં પણ નથી. હું તો આત્મા. મને કંઈ અડતું નથી.' એમ જ્ઞાન અને મહિમાના ઓથે નિયમધર્મ લોપવાના નથી. ગમે તેમ વર્તવાનું નથી. મોટાપુરુષ સામે જોવું. એ કેવી રીતે વર્ત્યા છે ? કેવી રીતે વર્તે છે ? યોગીજી મહારાજ સાક્ષાત્ પુરુષ હતા છતાં તેમના જીવનમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ બધું જ હતું. તેમના જીવનમાં નિયમ ધર્મની સહેજ પણ ગૌણતા ક્યારેય નથી આવી. તેથી સત્પુરુષને પોતાનું સ્વરૂપ માનવામાં વાંધો નથી.'

વળી 'હું તો આત્મા છું. સત્પુરુષ મારું સ્વરૂપ છે તેથી મારામાં કામાદિક સ્વભાવો છે જ નહીં, મને કશું અડતું નથી.' એમ માનીને મન ફાવે તેમ વર્તવું એ દંભ છે, પણ સત્પુરુષને નિર્દોષ સમજીને - તેમને પોતાનું સ્વરૂપ માનીને, જાણપણું રાખીને પોતાનામાં રહેલા સ્વભાવ-દોષો ટાળવાનો પ્રયત્ન કરવો એ દંભ નથી. એમ પ્રયત્ન કરતાં કરતાં જ બ્રહ્મરૂપ સત્પુરુષરૂપ થઈ જવાય.

ખરેખર, અનુભવી પુરુષ વગર શાસ્ત્રોના જ શબ્દોથી ઊભા થતા વિરોધાભાસને ટાળીને યથાર્થ કોણ સમજાવી શકે ?

તે દિવસે સાંજે એકાંતિક ધર્મનું સાંકળિયું પૂરું થયું. અનેક વચનામૃતોના જુદા જુદા લગભગ ૫૫૫ સંદર્ભોથી વાદી-પ્રતિવાદીની રીતે સુંદર દલીલો સાથે નિરૂપણ સાંભળીને સ્વામીશ્રી ખૂબ જ પ્રસન્ન થયા. મેં કહ્યું : 'સ્વામી ! આ તો વાચ્યાર્થ થયું પણ લક્ષ્યાર્થ થાય તો કામનું. લક્ષ્યાર્થ થાય એવા આશીર્વાદ આપો.' સ્વામીશ્રીએ શ્રદ્ધા અને હિંમત દૃઢાવતા આશીર્વાદ આપ્યા : 'જેમ

જગત ખોટું કરતાં કરતાં એક દિવસ ખોટું થઈ જાય, તેમ એકાંતિક ધર્મની વાતો કરતાં કરતાં એ પણ સિદ્ધ થઈ જાય. નિરંતર કથાવાર્તા કરવી પડે. પણ આ તો કેમ થાય ? ક્યાંથી થાય ? એમ મોળા વિચારો કરે તો ન થાય, વાત કર્યે જ રાખવી તો એક દિવસ સિદ્ધ થઈ જાય. કથા કર્યે રાખે તો પોતાને પણ બળ મળે, સમજણ દૃઢ થાય અન બીજાને પણ લાભ થાય. માટે શ્રદ્ધા અને હિંમત રાખીને મંડ્યા રહેવું પાછાં ન પડવું. મોળી વાત કે મોળા વિચારો ન કરવા, તો એક દિવસ મહારાજની કૃપાથી એકાંતિક ધર્મ સિદ્ધ થઈ જશે.

અંતે મેં કહ્યું : 'સ્વામી ! આટલું બધું હંમેશાં યાદ ન રહે. એટલા બધા શબ્દોનું સતત અનુસંધાન પણ ન રહે, તો આ એકાંતિક ધર્મના નિરૂપણના સારરૂપે એક વાક્યમાં કહો કે અમારે એકાંતિક ધર્મ સિદ્ધ કરવા શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'એવા એકાંતિક પુરુષ મળ્યા છે. તો એમના સામે દૃષ્ટિ રાખીને, એમને વિષે હેત-આત્મબુદ્ધિ કરીને, એ કહે તેમ કરીને તેમને રાજી કરીએ તો એકાંતિક ધર્મ સહેજે સિદ્ધ થઈ જાય.'

સ્વામીશ્રીએ શાસ્ત્રોના મહાસાગરને વચનરૂપી અમૃતના એક બિંદુમાં સમાવીને જીવન સાર્થક કરવાની ગુરુચાવી આપી દીધી.

* * *

૧૯૯૫, મુંબઈ, સ્વામીશ્રીના અમૃતમહોત્સવ દરમ્યાન સ્વયંસેવકોના સેવા-સમર્પણ-ત્યાગ-શ્રદ્ધા-ભક્તિ-નિષ્ઠા-નિયમધર્મની દૃઢતા વિષયક પ્રસંગો અમે એકઠા કરી રહ્યા હતા. તેમાંથી કેટલાક ઉત્કૃષ્ટ પ્રસંગો સ્વામીશ્રીના ભોજન દરમ્યાન છથી સાત વખત કહેવાનો એક અદ્‌ભુત અને અવિસ્મરણીય લાભ મળેલો.

સ્વામીશ્રી એક એક પ્રસંગ ખૂબ એકાગ્રતાથી સાંભળતા. સમર્પિત ભક્તોની ગાથા સાંભળવામાં અતિશય તલ્લીન થઈ જતા. કોળિયો લેતી વખતે પણ પત્તર સામી દૃષ્ટિ ન કરે. જે હાથમાં આવ્યું તે યંત્રવત્ મોંમાં મૂકે. સહેજ આગળ નમીને, ઝીણી આંખે, એકીટશે જોતાંજોતાં પ્રસંગો સાંભળતા. એ મૂર્તિમાં ભક્તો પ્રત્યેની જે મહિમા દૃષ્ટિ નીતરતી તે ખરેખર અવર્ણનીય છે. પ્રત્યેક પ્રસંગ પૂરો થાય ને એક અહોભાવથી મુખ છલકાઈ ઊઠે ! જમતાં જમતાં પોતે પ્રતિભાવ પણ આપે : 'વાહ ! ખરેખરી નિષ્ઠા ! કેવી શ્રદ્ધા !' 'નિયમધર્મની કેવી દૃઢતા !' 'કેવી મુશ્કેલીમાં સેવા કરવા આવ્યા છે !'

'નિષ્ઠા અને મહિમા હોય તો જ આ બને !' વગેરે શબ્દોથી સ્વયંસેવકોની ભક્તિ અને આહુતિની પ્રશંસા પણ કરતા. કોઈક બીમાર સ્વયંસેવકનો પ્રસંગ આવે તો તુરત જ પૂછે, 'અત્યારે તેની તબિયત કેમ છે ?' દવાનું કેમ છે ? આરામ કરવાનું કહેજો.' વિશેષ કોઈક બીમારી હોય તો જે તે રોગના નિષ્ણાત ડૉક્ટરને બતાવીને તપાસ કરાવડાવવાનું સૂચવે.

ઘણા સ્વયંસેવકો ખૂબ જ આર્થિક મુશ્કેલીમાં હોવા છતાં નોકરી છોડીને, ધંધો બંધ કરીને, ડ્રેસ અને ટિકિટ માટે ઉછીના કે વ્યાજે પૈસા લઈને સેવામાં આવ્યા હતા. આમાંના કેટલાક પ્રસંગો તા. ૨૨-૧૨-૯૫ના રોજ કહેલા. તા. ૨૩-૧૨-૯૫ની બપોરે અન્ય પ્રસંગો કહેવા માટે હું બેઠો હતો. સ્વામીશ્રી ભોજન માટે આસન ઉપર બિરાજ્યા કે તુરત જ મને નજીક બોલાવીને કરુણાસભર ભાવાર્દ્ર સ્વરે કહેવા લાગ્યા, 'જે સ્વયંસેવકો ગરીબ છે, ખૂબ જ મુશ્કેલીમાં અહીં આવ્યા છે, ઉછીના કે વ્યાજે પૈસા લઈને આવ્યા છે તેમનું લિસ્ટ (યાદી) કરજો. આપણે એમને મદદ કરવી છે. બીચારા કેવી તકલીફમાં આવ્યા છે ? નોકરી-ધંધા બધું બંધ કરીને આવ્યા છે. અહીંથી ગયા પછી વ્યવહાર કેવી રીતે ચલાવે ? ઉછીના કે વ્યાજે લીધેલા પૈસા કેવી રીતે પૂરા કરે ? માટે આવા સ્વયંસેવકોનું લિસ્ટ કરીને, તમે ડૉક્ટર સ્વામી સાથે બેસીને નક્કી કરજો. ભલે બે-ત્રણ લાખ કે ચાર-પાંચ લાખ રૂપિયા આપવા પડે. પણ આપવા છે... પણ આ લેખે લાગશે... માટે લિસ્ટ કરીને ડૉક્ટર સ્વામીને વાત કરશો. હું પણ તેમને વાત કરીશ...' સ્વામીશ્રીએ એકની એક વાતનું બે-ત્રણ વખત પુનરાવર્તન કર્યું. વાક્યે વાક્યે સ્વામીશ્રીનું કરુણાસભર હૃદય પોતાના સમર્પિત ભક્તોનાં દુઃખ સાંભળીને વલોવાતું હતું... મદદે દોડવા ઝંખતું હતું.

'બીજે ક્યાંય નહીં અને અહીં જ, આ જ સંસ્થામાં પ્રમુખસ્વામીના એક ઈશારે હજારો સ્વયંસેવકો શા માટે સર્વસ્વનું સમર્પણ કરે છે ? સેંકડો બુદ્ધિશાળીઓને મૂંઝવતા આ પ્રશ્નનો ઉત્તર ઉપરોક્ત પ્રસંગમાં પડઘાય છે. અહીં કોણ કોના માટે ઘસાય છે ? સ્વામીશ્રી ભક્તો માટે કે ભક્તો સ્વામીશ્રી માટે !! યોગક્ષેમં વહામ્યહમ્... આ ગીતાવાક્ય આજે વિશેષ સાર્થક થતું લાગ્યું.

* * *

ઉત્તમચરણ સ્વામી

જૂનાગઢ

૧૯૮૫, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી પ્રસંગ પૂર્વે સ્વામીશ્રી જૂનાગઢ જિલ્લામાં વિચરણ માટે પધાર્યા હતા. અગતરાય ગામે મંદિરે દર્શને પધાર્યા. અહીં સ્થાનિક હરિભક્તે સફેદ રંગની કપડાની ગોદડી પાથરી દીધી. સ્વામીશ્રી સાહજિક રીતે તેના પર બેઠા અને આશીર્વાદ આપ્યા. આ પ્રસંગે અમે બધા પાર્ષદમાં સાથે હતા. આ જોયું ત્યારે થયું કે આવા મોટાપુરુષને માન-અપમાન, સારું-નરસું કાંઈ છે ? દરેક પ્રસંગમાં સમતા ધારી, ગુણાતીત સ્થિતિમાં વર્તી રહ્યા છે. તેવી સહજ સિદ્ધદશાનાં દર્શનથી અમને પણ બળ મળી ગયું.

* * *

૧૯૮૭ના મે માસમાં જૂનાગઢ મંદિરમાં સંતનિવાસ, રસોડું, ભોજનશાળાનું નવું મકાન બનાવ્યું હતું, તેના વાસ્તુવિધિ માટે સ્વામીશ્રી પધાર્યા હતા. ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી ઉતારાનું નિરીક્ષણ કરવા પધાર્યા. પ્રથમ પોતાના ઉતારાની રૂમ આવતી હતી તેથી તે જોઈ. બાથરૂમમાં આરસ લગાવેલો જોયો ને એકદમ મોં ફરી ગયું. સાથે કોઠારી જ્ઞાનપ્રસાદ સ્વામી હતા તેમને કહેવા લાગ્યા : 'આ અહીં નાંખવાની શી જરૂર હતી ? હું વર્ષે-બે વર્ષે અહીં આવું ને બે દા'ડા વપરાય તેમાં ખોટા ખર્ચા કરવાની શી જરૂર હતી ? આવું કરો તેમાં સંતો આવ્યા હોય તેને માટે પણ ન વપરાય ને પડી રહે.' એમ ખિન્ન થઈ ગયા. અને ઉદાસભાવે જ બધે ફરી સભામંડપમાં આસન પર બેઠા ને ત્યાં પણ હરિભક્તોની હાજરીમાં જ્ઞાનપ્રસાદ સ્વામીને ૧૫ મિનિટ સુધી ખૂબ જ કહ્યું. સભા પછી સૌને મળીને આસન પર જમવા બેઠા ને મને બોલાવ્યો ને પૂછ્યું : 'આ કોણે કર્યું ?' મેં કહ્યું : 'બાપા ! પ્લાનિંગ સેલની સૂચના મુજબ અહીંના એન્જિનિયરે કર્યું છે. મને એમ કે તેઓએ વિચારીને કર્યું હશે.' ત્યારે સ્વામીશ્રી કહે, 'આવું હોય ત્યારે મને

પૂછવું.' આમ કહી પ્રેમથી જાણપણું આપ્યું. સ્વામીશ્રીનો દેહનો અનાદર અને સાદાઈની અભિરુચિ સ્પષ્ટ કળાતી હતી. ઠાકોરજીની સંપત્તિ પોતાને માટે વ્યય થાય ત્યારે તેમનું હૃદય ખૂબ દુઃખ અનુભવે છે, એવાં ઘણી વખત દર્શન થયાં છે.

* * *

૧૯૯૩ની સાલમાં સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા હતા. એમની તબિયતને લક્ષમાં રાખી બહાર સારા સ્થળે ઉતારો રાખવો એવું નક્કી કર્યું. તે અંગે ગોંડલમાં સ્વામીશ્રીને પૂછ્યું, ત્યારે સ્વામીશ્રીએ સંમતિ પણ આપી. સ્વામીશ્રી જૂનાગઢ મંદિરે પધાર્યા. ઉતારામાં લઘુપાણી માટે ગયા. મુલાકાત માટે રૂમમાં ઍરકંડિશન, સોફા વગેરે તૈયાર હતું. તે જોઈ સ્વામીશ્રીએ મને અને મંગળસિંહ ઝાલાને બોલાવ્યા. પછી કહે, 'ઉતારો બહાર કેમ રાખ્યો ? અહીં બધી વ્યવસ્થા છે ને !' મેં કહ્યું : 'બાપા ! જગ્યાની સંકડાશ છે. અહીં હરિભક્તોની અવરજવર વધારે રહે તેથી આપને પૂરતો આરામ ન મળે માટે ઉતારો બહાર રાખ્યો છે.' સ્વામીશ્રી કહે, 'એક વાત સમજી રાખો, જ્યાં મંદિર હોય ત્યાં ઉતારો મંદિરમાં જ રાખવો. દર્શન, કથાવાર્તાનો લાભ મળે, વળી હરિભક્તોને પણ મળવામાં તકલીફ ન પડે. માટે બીજા ગમે તે કહે, તો પણ તમારે ધ્યાન રાખવું.' સ્વામીશ્રીએ તો સાવ સગવડ જ નહીં હોય તેવું વિચારીને હા પાડી હતી. પણ થોડીઘણી સુવિધા જોઈ સ્વામીશ્રી પોતાની જરૂરિયાતો અવગણી હરિભક્તોના લાભ માટે મંદિરે રહેવા તૈયાર થઈ ગયા.

* * *

૧૯૯૩, શરદપૂર્ણિમા પછી સ્વામીશ્રી પાંચ દિવસ માટે જૂનાગઢ પધાર્યા હતા. થોડા જ સમય પહેલાં જૂનાગઢ મંદિરમાં રહી વર્ષો સુધી સેવા કરનાર હરિભક્ત પ્રેમજીબાપા ધામમાં ગયા હતા. સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીના પ્રસાદીભૂત જૂના નાગરવાડામાં આવેલા મંદિરે દર્શને પધાર્યા. દર્શન કર્યાં. ત્યાંના કોઠારી સ્વામીને મળ્યા ને નીકળતાં મને કહે : 'આપણે પ્રેમજીબાપા અક્ષરનિવાસી થયા તે નિમિત્તે અહીં રસોઈ આપવી છે. તો તે નક્કી કરી લો.' મેં કોઠારી સ્વામીને પૂછ્યું, તો કહે, 'હમણાં રસોઈઓ નોંધાઈ ગઈ છે.' મેં સ્વામીશ્રીને આ વિગત જણાવી. સ્વામીશ્રી કહે : 'ગમે ત્યારે કરે. પણ આપણે નોંધાવી દો.' અમે એમ કર્યું. પછી થોડા દિવસ અન્નકૂટ વગેરેની તૈયારીમાં

પસાર થયા. અમે અન્નકૂટના દિવસે આરતીમાં ગોંડલ પહોંચી ગયા. દર્શન થયાં. સ્વામીશ્રી બપોરે જમવા બિરાજ્યા. ત્યાર પછી મને બોલાવ્યો ને કહે, 'પેલી રસોઈ આપી દીધી ?' મેં કહ્યું, 'બાપા ૩૫૦૦ રૂપિયા કહે છે. વળી આપણા નામની પહોંચ આપવાની ના પાડે છે, ત્યારે સ્વામીશ્રી કહે : 'એમાં શું ? વાંધો નહીં. હરિભક્તના નામની પહોંચ ફડાવવી ને રસોઈ આપી દેવી.' પછી તે મુજબ કર્યું. આવો અજાતશત્રુ ભાવ, આવો સમભાવ અને ઠાકોરજી તેમજ તેમના સંબંધવાળા સંતો, ભક્તો ને સ્થાનનો કેવો મહિમા !

* * *

સ્વામીશ્રી ૧૯૯૩માં જૂનાગઢ પધાર્યા ત્યારે એક દિવસ કહે, 'મારે નારણદાસ પાઉંની ખબર કાઢવા જવું છે.' એ યોગીજી મહારાજના સમયના જૂના સત્સંગી હતા. વળી તેમનું ઘર પહેલા માળે, તેથી અમે વિચાર્યું કે સ્વામીશ્રીને ઉપર ચઢવાની તકલીફ પડશે. તેથી સ્વામીશ્રીને જાણ થાય તે પહેલાં તો નારણબાપાને મંદિરની ગાડીમાં બેસાડી મંદિરે લઈ આવ્યા. સ્વામીશ્રી તેમને ગાડીમાં જ પાસે બેસીને મળ્યા. આખા શરીરે હાથ ફેરવ્યો. ખૂબ રાજીપો બતાવ્યો. નારણબાપાએ ગદ્ગદભાવે શાલ ઓઢાડી. ઠાકોરજી તથા સ્વામીશ્રીની પૂજા કરી. આમ તો તેઓ રણછોડદાસજી મહારાજના શિષ્ય પણ યોગીજી મહારાજ સાથે હેત તેથી જૂનાગઢ મંદિરના બાંધકામમાં ખૂબ જ સેવા કરેલી, પક્ષ રાખેલો. એમની આવી સેવાની સ્મૃતિ રાખીને જ સ્વામીશ્રીએ આવો લાભ આપ્યો હશે ને ! કર્યા કૃતને તેઓ ક્યારેય ભૂલતા નથી. 'અણુમપ્ય તુલં હી મન્યતે' એ સહજાનંદીભાવના આજેય એમનામાં જીવંત છે તેનાં દર્શન થયાં. 'વળી સમે સમે સંભાળ' લઈને સૌના હૃદયભાવ પૂરા કરતા સ્વામીશ્રીની મહિમાદૃષ્ટિ પણ દેખાઈ આવી.

આવા ગુરુહરિની સેવા જન્મોજન્મ તેમની રુચિ મુજબ કરી શકાય તે પ્રાર્થના.

* * *

બ્રહ્મવિહારી સ્વામી

અમદાવાદ

૧૯૭૭માં સ્વામીશ્રી લેસ્ટર પધાર્યા. ડૉંકાસ્ટર રોડ ઉપર ડાહ્યાભાઈ પટેલને ત્યાં ઉતારો હતો. અમે નવા નવા સત્સંગમાં જોડાયા હતા. મારી ઉંમર ૧૨ વર્ષની હતી. અમને બાળકોને સ્વામીશ્રીની પ્રાતઃપૂજા માટે તાજાં પુષ્પો લાવવાની સેવા સોંપાયેલી. અમે એક અઠવાડિયા પહેલાં નક્કી કરેલી સ્ટ્રીટમાં ઘરે ઘરે ફરી, ઘરમાલિકની પરવાનગી લઈ નોંધ કરી હતી કે આ ઘરેથી બે ગુલાબ... આ ઘરેથી ચાર... વગેરે. તેનું કારણ એ હતું કે ઇંગ્લૅન્ડમાં ગુલાબ ખૂબ મોંઘાં મળે અને વહેલી સવારે મળે પણ નહિ. તેથી અમે ૫.૩૦ વાગે સવારે તે પુષ્પો તોડવા માટે જતા.

પહેલા દિવસે તો વાંધો ન આવ્યો. પછી ખબર પડી કે પૂજામાં તો રોજ પુષ્પોની જરૂર પડશે. મને ખ્યાલ નહીં કે સ્વામીશ્રીની પૂજામાં રોજ પુષ્પો મૂકવામાં આવે છે. આથી બાકીના દિવસોની વ્યવસ્થા કરવા અમે આજુબાજુની બીજી ઘણી શેરીઓમાં ઘૂમી વળ્યા. છતાં ઘણાં ઓછાં ફૂલ નોંધાયાં. પોતાના બગીચામાંથી ગુલાબ ઓછાં થાય તે ખાસ કરીને અંગ્રેજોને ગમે નહીં. એક અથવા બે પુષ્પો લખાવે. પણ સવારે ૫-૩૦ વાગે અમે તોડવા જઈએ ત્યારે કોઈ જાગતું ન હોય. તેથી અમે બે ને બદલે ત્રણ તોડી લઈએ ને વિચારીએ કે સાંજે તેમને કહી દઈશું. આમ, પૂરતાં પુષ્પો મળી જતાં. આ વાત સ્વામીશ્રીએ જાણી. તેથી એક સવારે જ્ઞાનપ્રિય સ્વામીને પૂછ્યું : 'પુષ્પો કોણ લાવે છે ? એ બાળકોને બોલાવો !'

હું ખુશ થઈને સ્વામીશ્રી પાસે પહોંચી ગયો. સ્વામીશ્રી તે વખતે શિક્ષાપત્રી વાંચતા હતા. મને શ્લોક બતાવીને કહે : 'જો મહારાજે લખ્યું છે કે ધણીને પૂછ્યા વગર એક પુષ્પ પણ ન તોડાય. ચોરી કહેવાય. મારી પૂજામાં પુષ્પ નહીં હોય તો ચાલશે. પણ આવાં પુષ્પો જોઈતાં નથી ! સત્સંગીથી ચોરી થાય જ નહીં !'

જો કે અમે પરવાનગી લઈને જ પુષ્પો લાવતા, પણ એકને બદલે બે તોડી લેતા, તે સ્વામીશ્રીને મન ચોરી જ હતી. ભલેને અમે સાંજે માલિકને કહી દેવાના હોઈએ ! સ્વામીશ્રીએ કરેલી એ ટકોર જીવમાં ઊતરી ગઈ. હું બાળમંડળમાં નિયમિત આવતો થયો.

બે વર્ષ પછી એકવાર અમે મંદિરમાં ટેબલટેનિસ રમતા હતા. અડધી રમતે બૉલ પર કોઈનો પગ પડ્યો ને તે ચગદાઈ ગયો. હું તરત જ બાજુમાં જ આવેલા Lewis's ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાં છેક પાંચમે માળે પહોંચ્યો. ઘણા બધા માણસોની ભીડમાં, શાંતિથી ટેબલટેનિસના છ બોલનું એક પૅકેટ લીધું. પૈસા તો હતા જ નહીં ! પણ રમત પૂરી કરવી હતી ! તેથી ૧ બૉલ ખીસામાં સરકાવી દીધો. પણ જ્યારે મંદિરના પગથિયે આવ્યો ત્યારે કોણ જાણે કેમ, સ્વામીશ્રીએ પૂજામાં શીખ આપી હતી એ દૃશ્ય યાદ આવી ગયું. બે વર્ષમાં ક્યારેય એ પ્રસંગની સ્મૃતિ કરી નહોતી. પણ એ વખતે સ્વામીશ્રીનું મુખારવિંદ, શબ્દો બધું જ નજર સામે તરી રહ્યું. 'સત્સંગીથી ચોરી થાય જ નહિ.' એ શબ્દો મનમાં ગુંજવા લાગ્યા. હું તરત પાછો વળ્યો. જ્યાંથી બૉલ લીધો હતો ત્યાં જઈ એ જ પૅકેટમાં બૉલ મૂકી દીધો. મંદિરે પાછો પહોંચ્યો, હૈયું હળવું થઈ ગયું હતું.

સ્વામીશ્રીની એક ટકોર બાળકના માનસમાં સંસ્કારઘડતરની કેવી ઊંડી રેખાઓ અંકિત કરે છે, તેનો આ સ્વાનુભવ છે. શિક્ષાપત્રીમાં જ્યારે જ્યારે આ શ્લોક વાંચું ત્યારે સ્વામીશ્રીની મૂર્તિ નજર સમક્ષ તરી આવે છે. ૧૯૮૫માં ૧૦મી જુલાઈએ સ્વામીશ્રી લંડન પધાર્યા ત્યારે પ્રથમ દિવસની પૂજામાં હું પુષ્પ ગોઠવવા ગયો, ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં એ જ દિવસ યાદ કર્યો હતો ને પૂછ્યું હતું :

'આ પુષ્પો ક્યાંથી લાવ્યો ?'

આઠ વર્ષ પછી સ્વામીશ્રી એ સ્મૃતિ પુષ્પ સમી તાજી રાખતા હોય તો મને તો જીવનભરનું સંભારણું રહે તેમાં શી નવાઈ ?

* * *

શરૂઆતનાં વર્ષોમાં સ્વામીશ્રીને અવારનવાર અંગ્રેજીમાં કવિતા લખી મોકલતો, સાથે ગુજરાતી ભાવાનુવાદ પણ હોય. એકવાર ગોંડલ અન્નકૂટોત્સવ વખતે પ્રશ્નોત્તરીવાળું કાવ્ય મોકલ્યું. જેમાં પ્રશ્નો હતા... આજ

શુભદિને સૂર્યને કહ્યું કે તું ખૂબ તેજસ્વી છે. તો તે કહે, 'મારા કરતાં પણ કોઈ વધુ તેજસ્વી છે...' જ્યારે ઝાડ-પાનને કહ્યું : 'તમે લીલાછમ છો.' તો તેઓ કહે : 'અમારા કરતાં પણ અન્ય કોઈ વધારે લીલાછમ છે.' એમ કુદરતનાં દરેક અંગો પોતાની કરતાં સંતને વધુ શ્રેષ્ઠ માને છે એવા ભાવવાળું કાવ્ય મોકલ્યું. અંતે એવો પ્રશ્ન હતો, 'સ્વામી ! આપ માટે સૌ જુદો જુદો અભિપ્રાય આપે છે, તો આપ જ કહો કે આપ કોણ છો ? એમાં ખાલી જગ્યા રાખી હતી, તે સ્વામીશ્રીને પૂરવાની હતી : 'I AM......

સ્વામીશ્રીએ ધર્મચરણ સ્વામીને કહ્યું કે પત્ર રાખી મૂકજો. ગોંડલથી વિચરણ કરતાં સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા. એક બપોરે ભોજન બાદ સ્વામીશ્રીએ પત્ર યાદ કરાવ્યો. હું જ એ વાત ભૂલી ગયો હતો ! ધર્મચરણ સ્વામી પત્ર-કાવ્ય લાવ્યા. સ્વામીશ્રી મને કહે : 'ખાલી જગ્યામાં શું લખું ?' 'બાપા ! જેમ છે તેમ લખજો. કસર નહિ રાખતા.' મેં મિત્રભાવે કહ્યું. સ્વામીશ્રી કહે : 'અમે તો સંત છીએ. I AM SAINT.' 'બાપા ! જેમ છે તેમ લખજો.' ફરી વાર મેં વિનંતી કરી. સ્વામીશ્રી કહે : 'અંગ્રેજીમાં અક્ષરબ્રહ્મના અક્ષરો બોલ. વારાફરતી હું A.K.S.H.A.R. બોલ્યો. સ્વામીએ લખ્યું : 'I AM BRAHMAN-AKSHAR !'

પછી તરત કહે : 'હવે લખાવ, 'મહારાજનો દાસ છું.' એમ અક્ષરો બોલ.' પછી જ્યારે છેલ્લે એક એક અક્ષરથી 'MAHARAJ'S DAS' લખ્યું ત્યારે શાંતિ થઈ. સાક્ષાત્ અક્ષરબ્રહ્મ સિવાય શ્રીહરિના સાચા દાસ કોણ હોઈ શકે ? બ્રહ્મત્વના આનંદ કરતાં એમને દાસત્વનો આનંદ વધુ છે...

* * *

૧૯૮૫, લંડન, સી.એફ.આઈ.ના દિવસો ચાલી રહ્યા હતા. એક દિવસ સ્વામીશ્રી સવારે અલ્પાહાર કરી રહ્યા હતા. લંડનના મુખ્ય હૉલ - એલેકઝાન્ડ્રા પૅલેસના પ્રાંગણમાં જ એક પોર્ટા-કેબિનમાં સ્વામીશ્રી બિરાજતા હતા. દર્શન માટે હું કેબિનમાં પ્રવેશું તે પહેલાં એક હરિભક્તે મને 'Autobiography of Lee Iaccoca' નામે પુસ્તક આપ્યું. તે જોઈને સ્વામીશ્રીએ મને સહજભાવે પૂછ્યું : 'શું છે ?'

'બાપા ! એક મોટરકાર કંપનીના ચેરમૅન લી આયાકોકાનું ચરિત્ર છે, જેણે ખૂબ મહેનત અને સમર્પણથી આખી ક્રાઈસ્લર કંપની, જે ભાંગી પડી

હતી તેને બેઠી કરી છે.

'પુસ્તકમાં શું લખ્યું છે ?'

'લી આયાકોકાની આત્મકથા છે. તેના ગુણો અને તેના પ્રસંગો વર્ણવ્યા છે.' મેં થોડું લંબાણપૂર્વક વર્ણન કર્યું.

'પુસ્તક કોણે લખ્યું ?' એ જ કુતૂહલથી સ્વામીશ્રીએ પૂછ્યું.

'તેણે પોતે જ લખ્યું છે.'

'એમ ?' સ્વામીશ્રી આશ્ચર્યથી બોલી ઊઠ્યા : 'પોતે પોતાના ગુણ લખે ?'. પ્રશ્નમાં એવી નિર્દોષતાની છાલક હતી કે તે ક્યારેય વિસરાય તેમ નથી. આપણી દુનિયામાં જે સ્વશ્લાઘા, સ્વપ્રદર્શન ભરપૂર માત્રામાં છે તે સ્વામીશ્રીની દિવ્ય, આધ્યાત્મિક અને દાસત્વની દુનિયામાં ક્યાંથી હોય ? જેમણે જિંદગીમાં પોતાના ગુણ કહ્યા નથી, લખ્યા નથી કે વિચાર્યા નથી, તેને આવા સમયે આશ્ચર્ય સિવાય બીજું શું થાય ?

* * *

૧૯૮૫, અમદાવાદ. અહીં જળઝીલણીનો ઉત્સવ યોજ્યો હતો. સ્વામીશ્રી મંદિરેથી સરિતા ઉદ્યાન, ગાંધીનગર ઉત્સવની ઉજવણી માટે પધારવાના હતા. બધા સંતો-હરિભક્તો ત્યાં જવા નીકળી ગયા હતા. હું તથા શુકદેવ ભગત (હાલ, શુકમુનિ સ્વામી) સ્વામીશ્રીના ઓરડાની સાફસૂફી માટે રોકાયા હતા. સવારે ૯-૦૦ વાગ્યા હશે. ધર્મચરણ સ્વામી પત્રો એકત્રિત કરતા હતા. ત્યાં સ્વામીશ્રી ઓરડામાં પધાર્યા. ખુરશી પર બિરાજ્યા. થોડી જ મિનિટોમાં નીકળવાનું હતું તેથી ખાસ કામ ન હતું. સંપૂર્ણ હળવાશની પળો હતી !

મેં પૂછ્યું : 'બાપા, શું વિચાર કરો છો ?'

'ભગવાન ભજવાનો અને ભજાવવાનો !' સાહજિકતાથી, હળવાશને જરાપણ હડસેલ્યા વગર સ્વામીશ્રીએ જવાબ આપ્યો.

મેં આગળ પૂછ્યું : 'બાપા ! આપ પૃથ્વી ઉપર જન્મ્યા ત્યારથી આજ લગી ક્યો વિચાર વારે વારે આવ્યો છે ? આપને સંતોના, હરિભક્તોના, મંદિરોના... બધા જ ભગવાનને લગતા વિચારો આવે છે. પણ એમાંય ક્યો વિચાર વારે વારે આવે છે ?'

બે ઘડી સ્વામીશ્રીએ અમારી સામે જોયા કર્યું. અમારા અંતરમાં કુતૂહલ

ફરી વળ્યું હતું. સ્વામીશ્રીનો ઉત્તર ક્યો હશે ? એવામાં સ્વામીશ્રી બોલ્યા :

'એટલું કહું ક્યો વિચાર અમને ક્યારેય નથી આવ્યો ?'

'હા.'

સ્વામીશ્રીએ તરત કહ્યું : 'અમને ક્યારેય કોઈનુંય અહિત કરવાનો વિચાર આવ્યો નથી.'

બસ, આ અદ્‌ભુત જીવનભાવના ઉચ્ચારી. જાણે કાંઈ કહ્યું નથી એવી હળવાશથી ઊભા થઈ સ્વામીશ્રી બહાર હરિભક્તોની ભીડમાં પહોંચી ગયા. આ શબ્દોમાં જરાપણ ઉપદેશ નહોતો, સ્વપરિચય પણ નહોતો. બસ, એક દિવ્યવિભૂતિની જીવનભાવનાના પરમ સત્યનો રણકાર હતો. ક્યાંય સુધી તેના તરંગો ચૈતન્યમાં ગુંજી રહ્યા.

* * *

જાણીતા ગુજરાતી લેખક રઘુવીર ચૌધરી અમદાવાદની સત્સંગ સભામાં આવ્યા. તેમણે પોતાના બ્રિટનના પ્રવાસની વાતો કરી. તેમાં ત્યાંના સત્સંગ-સત્સંગીઓનો ખૂબ મહિમા, જે તેમણે પ્રત્યક્ષ દીઠો અને અનુભવ્યો, તે વિસ્તારથી વર્ણવ્યો. તેમાં મારા પૂર્વાશ્રમના સંબંધીઓને મળી રઘુવીર ચૌધરી ભાવભીના બની ગયા હતા. તેનું સભામાં તેઓ વર્ણન કરતા હતા તેથી હું સભા છોડી સ્વામીશ્રીની રૂમમાં ચાલી ગયો હતો. સભા પૂરી થઈ અને સ્વામીશ્રી રૂમમાં પ્રવેશ્યા. મને જોઈ, પોતાની જમણા હાથની બે આંગળીઓ, પોતાની આંખ ઉપર અડાડી બોલ્યા : 'તને આંસુ નહોતાં આવી ગયાં ને !' એમ કહી હસ્યા અને મા જેમ પોતાના બાળકને પકડે તેમ મારા ખભા પર હાથ મૂકીને કહે : 'માતાનો પ્રેમ જુદો અને પિતાનો પ્રેમ જુદો. ગુરુમાં Two in one. બેઉનો પ્રેમ આવી જાય.' સ્વામીશ્રીની અદ્‌ભુત મુદ્રા હતી. હવામાં બે આંગળીઓ રમાડતા. સ્વામીશ્રી પોતાના પલંગ સુધી ગયા અને બેઠા. પછી પોતાના જ વાક્યમાં સુધારો કરતા હોય તેમ બોલ્યા : 'ગુરુમાં All in one ! સૌનો પ્રેમ આવી જાય !' સ્વામીશ્રીના મુખારવિંદ ઉપર દિવ્ય-અકલ્પ્ય વાત્સલ્ય પથરાયેલું હતું. ઘણા વખતથી કાંઈક કહેવું હોય અને અચાનક કહેવાઈ ગયું હોય તેવો આનંદ હતો.

* * *

૧૯૮૬ની સાલમાં 'અક્ષરધામ' સ્મારકમાં શું પ્રદર્શિત કરવું અને કેવી

રીતે કરવું તેના રીસર્ચ માટે સ્વામીશ્રીએ અમને છ સંતોને વિશ્વના કેટલાક દેશોના મુખ્ય પ્રદર્શનોની મુલાકાતે મોકલેલા. ૨૦ જુલાઈના દિવસે અમે લંડન હતા. તારીખ એટલા માટે અગત્યની હતી કે બરાબર ૧ વર્ષ પૂર્વે આ જ તારીખે ૨૦,૦૦૦ની ભક્તમેદની વચ્ચે સ્વામીશ્રીની સુવર્ણતુલા ઊજવાઈ હતી. એ દિવસ, એ ક્ષણો ક્યારેય ભુલાય તેમ નહોતા. અમે સ્વામીશ્રીને ફોન જોડ્યો. સ્વામીશ્રી અટલાદરા બિરાજતા હતા. સંતોએ એ વાત કરી. જ્યારે મારો વારો આવ્યો એટલે મેં કેફથી કહ્યું :

'Bapa, Happy Birthday.'

'કેમ ?'

'આજે આપનો ખૂબ અગત્યનો દિવસ છે.' મેં ફરીવાર એ જ ભારથી કહ્યું.

'શું અગત્યનો દિવસ ?' સ્વામીશ્રી દ્વિધામાં હોય તેમ જણાતું હતું.

મેં યાદ કરાવ્યું, 'બાપા ! આજે આપનો સુવર્ણતુલાનો દિવસ !'

સ્વામીશ્રી સહજભાવે બોલી ઊઠ્યા, 'ઓહો, બરાબર અમને ખ્યાલ જ નહિ !' સ્વામીશ્રીએ અત્યંત ઠંડો પ્રતિસાદ પુરાવ્યો.

ફોન મૂકીને હું વિચાર કરતો થઈ ગયો કે આજે સાંજે અમે સુવર્ણતુલાદિનની સ્મૃતિસભા ગોઠવી હતી. હજારો ભક્તો ભેગા થવાના હતા અને જે પુરુષની તુલા થઈ હતી તેને તો તેની સ્મૃતિ જ નહોતી !

* * *

એડિસન, ૧૯૯૧, C.F.I ઉત્સવ ભવ્યતાથી સમાપ્ત થયો. 'ન ભૂતો ન ભવિષ્યતિ' જેવું વાતાવરણ સર્જાયેલું. અમેરિકામાં રહેતા સૌ કોઈના મનમાં ભારે પ્રભાવ પડ્યો હતો. એવા આનંદ-ઉત્સવના સમયમાં મારા હાથમાં એક પત્રિકા આવી. એકદમ વિચિત્ર અને વિકૃત પત્રિકા. જેમાં સ્વામીશ્રી વિરુદ્ધ વાહિયાત આક્ષેપો અને અપમાનો ઠસોઠસ ભરેલા હતા. એક સવારે તે લઈ હું સ્વામીશ્રી અલ્પાહાર કરતા હતા ત્યાં ગયો. ન્યૂયોર્ક મંદિરના એ નાનકડા રૂમમાં બે-ચાર સંતો અને દશેક હરિભક્તો બેઠેલા. મને જોઈ સ્વામીશ્રી બોલ્યા :

'શું લાવ્યો ? હાથમાં શું છે ?'

આટલા બધાની વચ્ચે કેવી રીતે કહેવું કે આપની વિરુદ્ધ છપાયેલી

પત્રિકા છે. છતાં સ્વામીશ્રીએ આગ્રહ કર્યો તેથી હું બોલ્યો :

'બાપા, આમાં કાંઈ માલ નથી. આપની વિરુદ્ધ પત્રિકા છે.'

'શું લખ્યું છે ?' સ્વામીશ્રીએ જાણવાની ઇચ્છા દર્શાવી. એમના આગ્રહથી મેં હેડલાઇન્સ વાંચી. સૌને આઘાત પહોંચાડે તેવો આંચકો હતો.

આ સાંભળતાં જ સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા ! હાથ હલે, પેટ ઊછળે... મોંમાંથી ખાખરાનો ટુકડો પડી ગયો તેટલું હસ્યા. બીજા બધા એકદમ સૂનમૂન હતા.

યજ્ઞવલ્લભ સ્વામી બોલ્યા : 'આપણને ખબર છે કોણે આ પત્રિકા બહાર પાડી છે.'

મેં કહ્યું : 'તો આપણે કહેવું જોઈએ કે આમ શું કરવા કરો છો ?'

સ્વામીશ્રી કહે : 'ના, આપણે આપણું કાર્ય કરતા જવું. કોઈને કાંઈ કહેવું નહીં. કોઈનોય વિરોધ કરવો નહિ. ભગવાન બધું જુએ છે...'

મેં કહ્યું : 'પણ બાપા, આપણે કહીએ તેમાં વિરોધ ક્યાં છે ? તેને જાણ તો કરવી જોઈએ ને કે તે ખોટું કામ કરે છે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે 'ફૂંફાડો તો રાખવો...'

તરત જ સ્વામીશ્રીએ કહ્યું : 'ફૂંફાડામાં પણ મોઢું દુઃખે. શાસ્ત્રીજી મહારાજની એ Policy નથી. આપણે પહેલેથી જ વિરોધ કર્યો નથી. કોઈ કહે, બોલે, મારે પણ સામે પ્રતિકાર કરવો નહીં. આપણે...'

સ્વામીશ્રી બોલતા જ હતા ને અધવચ્ચે મેં કહ્યું : 'પણ બાપા, શાસ્ત્રીજી મહારાજના વખતમાં સાધુ કેટલા ? એક પૂજારી, કોઠારી, ભંડારી... પાંચ સાધુમાં કોઈ નવરું હોય તો કાંઈ કરે ને ? અત્યારે તો અમે ઘણા બધા છીએ. નવરા છીએ એટલે...

વાત કાપતાં સ્વામીશ્રી કહે : 'નવરા હોઈએ તો ભજન કરવું, વિરોધ ન કરવો.' એમ કહી એ જ કેફમાં એ જ સહજ શાંતિથી ચળુ કર્યું. જાણે કાંઈ વાત બની જ નથી !! કોઈ ચિંતા નહીં. કોઈ પ્રશ્ન નહીં કે કેટલી પત્રિકા છપાઈ હશે, કેટલી વહેંચાઈ હશે ?

આ સ્થિતપ્રજ્ઞતા અને અજાતશત્રુતા સાધુતાની ચરમસીમા નહીં, તો બીજું શું ?

* * *

જુલાઈ, ૧૯૯૫, લંડન. સ્વામીશ્રી મંદિરનું કામ ચાલતું હતું ત્યારે નિરીક્ષણ કરવા પધાર્યા. પ્રતિષ્ઠાને હજુ મહિનો બાકી હતો. ઘણું કામ બાકી હતું. દરેક જવાબદાર વ્યક્તિને માથે બોજો ઝાઝો હતો. માર્ગદર્શન આપતા સ્વામીશ્રી 'હવેલી'ના ફોયરમાં પધાર્યા. ત્યાં સ્કેફોલ્ડિંગ ઉપર બિનસત્સંગી યુરોપિયન તથા નીગ્રો કારીગરો પ્લાસ્ટર-રંગનું કામ કરતા હતા. સ્વામીશ્રીથી વીસેક ફૂટ દૂર એક નીગ્રો કારીગર મેલ્વીન સ્કેફોલ્ડીંગ ઉપરથી નીચે કૂદ્યો. કસાયેલી, મજબૂત મહાકાયા ! મારી પાસે આવીને કહે :

'તમે સંતો બધા બહુ પાતળા છો...' મને ભય હતો કે આ સ્વામીશ્રી પાસે પહોંચીને વાતચીતમાં ખલેલ પહોંચાડશે... તેથી તેની સાથે વાતચીત ચાલુ રાખવાના ઈરાદે જ મેં કહ્યું : 'અમે ખેંખલી નથી, મજબૂત છીએ.' પછી સમજાવ્યું કે અમારી આંતરિક સાધના ઘણી કઠણ હોય છે.' તેને રસ પડ્યો ને પાંચ વર્તમાનોની વાત સાંભળીને તો આશ્ચર્યમુગ્ધ થઈ ગયો.

આ દરમ્યાન સ્વામીશ્રી દાદરા પર થઈને પહેલે માળે પહોંચી ગયા હતા. તેણે પૂછ્યું, 'તમારા ગુરુએ કેટલાં વર્ષોથી સ્ત્રીનો સ્પર્શ નથી કર્યો ?'

'લગભગ ૫૫-૬૦ વર્ષથી.' મેં આશરે જવાબ આપ્યો. કારણ કે સ્વામીશ્રીએ ૧૮ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો, એવી ગણતરી હતી. અચાનક તેણે મને કહ્યું : 'મારે તમારા ગુરુને મળવું છે.' મને થયું કે એ સ્વામીશ્રીને ન મળે તેટલા માટે તો હું વાતે વળગ્યો હતો, પણ આ તો ઊંધું થયું. તેણે ફક્ત હાફ પેન્ટ પહેર્યું હતું. શરીર ઉઘાડું હતું. તેથી મેં ટકોર કરી. તેણે તરત જ બાજુમાં ઊભેલા યુરોપીયનનું ટી-શર્ટ કઢાવી પહેરી લીધું. અમે સ્વામીશ્રી પાસે પહોંચ્યા. પોતાની પડછંદ કાયા જરા નમાવીને તે સ્વામીશ્રીને પગે લાગ્યો અને તુરત પૂછ્યું.

'Since how many years are you observing this rule of not seeing women ?'

(કેટલાં વર્ષોથી સ્ત્રીનાં દર્શન કે સ્પર્શ ન કરવાનો નિયમ પાળી રહ્યા છો ?)

હું વચમાં બોલ્યો... 'સાઈઠેક વર્ષથી.'

સ્વામીશ્રી કહે, 'ના, એને કહો, ૭૫ વર્ષથી !' મેં જ્યારે કહ્યું ત્યારે મેલ્વીનની તો આંખો જ પહોળી થઈ ગઈ હતી ! મને પણ સમજાયું કે

સ્વામીશ્રી જન્મથી જ નહીં, અનાદિથી નિરાળા છે, શુદ્ધ છે, બ્રહ્મ છે અને ચૈતન્ય છે. પૂર્વાશ્રમના અઢાર વર્ષમાં ય એમની અનાસક્તિ એ જ હતી, જે આજે દૃષ્ટિગોચર થાય છે ! આ નવી દૃષ્ટિથી અદ્‌ભુત રોમાંચ થયો.

* * *

૧૮ ઑગસ્ટ, ૧૯૯૫, લંડનના ઈતિહાસમાં આજનો દિવસ અનોખો દિવસ હતો. શિખરબદ્ધ મંદિરમાં બિરાજમાન થનાર મૂર્તિઓની નગરયાત્રા હાઈડપાર્કથી પિકાડેલી થઈ ટ્રફાલગર સ્કવેરમાં પહોંચવાની હતી. જેમાં ૯૦૦૦ ભાવિકો-હરિભક્તો ઉત્સાહ ઉમંગથી જોડાયા હતા. ઐતિહાસિક ઘટના એ હતી કે જ્યાંથી અંગ્રેજ મહારાજાઓ પોતાના વિરાટ સામ્રાજ્ય ઉપર શાસન કરતા, તે પિકાડેલી સરકસના વિશાળ ચૉકમાં એક રમ્ય આસન ઉપર સ્વામીશ્રી બિરાજમાન થયા હતા... સંગેમરમરનાં બેનમૂન મંદિરના પડઘા યુરોપના ખૂણે ખૂણે ગાજતા હતા તેમાં આ નગરયાત્રાએ જાણે કળશ ચડાવ્યો. વિશ્વભરની પ્રસિદ્ધ ટી.વી. ચેનલવાળા વર્તમાનપત્રોના પત્રકારો, ફોટોગ્રાફરો અને લેખકો સેંકડોની સંખ્યામાં ઊમટ્યા હતા. સ્વામીશ્રીની ચારે બાજુ જાણે કે રિપોર્ટર અને ફોટોગ્રાફર્સની અભેદ્ય દીવાલ ખડી થઈ ગઈ હતી. બધા જ રાહ જોતા હતા કે નગરયાત્રા નજીક આવે અને સ્વામીશ્રીની દૃષ્ટિથી, દર્શનથી જે રોમાંચિત દશ્યો ખડાં થશે તે ઝડપી લેવાં. ભરબપોરે ૨-૦૦ વાગ્યા હતા. ટ્રાફિક થંભાવી દેવામાં આવ્યો હતો. લંડનના હૃદયસમા વિસ્તારમાં સ્વામિનારાયણની ધૂન ગુંજતી થઈ, અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પસાર થઈ. ચારે બાજુ દુકાનો, હૉટલોમાંથી સૌ કોઈ એક તરફ મીટ માંડી રહ્યા ત્યાં હતા સ્વામીશ્રી. સૌ સ્વામીશ્રીનાં દર્શનમાં ખોવાઈ ગયા હતા. વિશ્વનું Media સ્વામીશ્રી તરફ મીટ માંડીને ઊભું હતું ત્યાં એકાએક સ્વામીશ્રીએ મારી સામે દૃષ્ટિ કરી, સ્ટેજ ઉપર બોલાવ્યો અને એકદમ જ બોલવા માંડ્યા, 'યોગીબાપા ! ખૂબ રાજી થયા છે. ડંકો વાગી ગયો. લંડનના હૃદયમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ બિરાજી ગયા...' સ્વામીશ્રી ભાવવિભોર હતા અને પછી અચાનક પૂછ્યું : 'અહીં કબૂતરને ચણ ક્યાં નાખે છે ?'

'ટ્રફાલ્ગર સ્કેવરમાં.'

'તો તું મારા વતી કબૂતરને ચણ નાખી આવજે. ખોબે ખોબા નાખજે.

નગરયાત્રા પૂરી થાય અને તરત જજે.'

નગરયાત્રા હજુ ચાલુ હતી. એક પછી એક ફ્લોટ, નૃત્યો, મંડળો... પસાર થઈ રહ્યા હતા. મન ખોવાઈ જાય એવું હતું. અડધા કલાકે સ્વામીશ્રી ઊભા થયા અને ગાડીમાં બેસતાં કહે : 'લોભ નહીં રાખતો. મૂઠી-મૂઠી નહીં ખોબેખોબા ચણ નાખજે...' અહીં કબૂતરને ચણ નાખવાનો રિવાજ છે...

હું સીધો જ ટ્રફાલ્ગર સ્કેવર ગયો. કબૂતરને ચણ નાખવાની શરૂઆત કરી. ત્યારે સ્વામીશ્રીને ગાડીમાં ફોન કર્યો. ફોનમાં સ્વામીશ્રી કહે : 'બરાબર ચણ નાખ અને અમે પ્રાર્થના કરીએ કે દરેક કબૂતર સત્સંગમાં જન્મ લે. મુક્ત થાય !' કબૂતરની ચિંતા હોય તેમને સમગ્ર માનવજાતની કેટલી ચિંતા હશે !? સ્વામીશ્રીને અકલ્પ્ય માનમોટપની ક્ષણોમાં પણ પોતાના કર્તવ્યનો ખ્યાલ ક્યારેય ખોવાતો નથી !

* * *

અમૃતદર્શન સ્વામી

અટલાદરા

સ્વામીશ્રીને નીરખવા તે તો પૃથ્વી ઉપર બેઠા બેઠા ચંદ્રને જોવા જેવું છે. યથાર્થ સ્વરૂપમાં તો ચંદ્ર ઉપર જઇને પણ ચંદ્ર જોઈ શકાતો નથી. તેમ સ્વામીશ્રીને નીરખવા તે તો ચંદ્ર કરતાં પણ અતિવિશેષ અઘરું છે. છતાં અનુભવો લખી ભક્તિ સ્વીકારવા એમના ચરણે અરજ કરું છું...

૧૯૭૮, પૂર્વાશ્રમમાં ગુરુ કરવાનો કુટુંબીઓ સૌનો વિચાર હતો. મને સ્વામિનારાયણમાં જરાય આસ્થા નહીં. સ્વામીશ્રીને ગુરુ તરીકે સ્વીકારું તે માટે મિત્રો-સગાં વગેરે દ્વારા ઘણા પ્રયત્નો થયેલા પણ કામ ન લાગ્યા. એમ કરતાં ચોમાસામાં સ્વામીશ્રીની ઘરે પધરામણી થઈ. સૌની જેમ હું પણ પગે લાગ્યો. સ્વામીશ્રીએ ગળામાં હાથ નાંખ્યો ને કહ્યું : 'કંઠી નથી ?'

મેં કહ્યું : 'ના.'

સ્વામીશ્રી કહે : 'પહેરવી છે ?'

મારાથી બોલાઈ ગયું : 'હા.' ને સ્વામીશ્રીએ વર્તમાન ધરાવ્યા. આ જ ક્ષણથી શું થયું કે અંતર ફરી ગયું. આ પ્રથમ દર્શને, પ્રથમ મુલાકાતે મારી માન્યતાઓ ફેરવી નાંખી. આ પછી દિવસે દિવસે મારો સમય સત્સંગમાં જ વધારે વીતવા લાગ્યો.

આ જ સાલમાં શિયાળામાં સ્વામીશ્રી પીપલગ બિરાજતા હતા. હું સાઇકલ લઈને પીપલગ જવા નીકળ્યો. રસ્તામાં જાણે મને એમ થવા લાગ્યું કે હું પીપલગ પહોંચી ગયો છું ને સ્વામીશ્રી પૂજામાં બિરાજ્યા છે. હું દર્શન કરીને બેઠો ને પૂજા પછી સ્વામીશ્રીને પગે લાગવા ગયો. સ્વામીશ્રી બોલ્યા : 'અડીશ નહીં. નહાઈને આવ્યો છે ?' મને મનમાં થયું આવા વિચારો વળી ક્યાંથી શરૂ થઈ ગયા. આમને આમ પીપલગ પહોંચી ગયો. સ્વામીશ્રી ભાઈકાકાના મકાનમાં ઉપલે માળે પૂજા કરતા હતા. ત્યાં હું પહોચ્યો. દર્શન કરી બેસી ગયો. પૂજા બાદ વ્યક્તિગત દર્શન કર્યાં અને એક હરિભક્ત કહે,

તને નીચે જલદી બોલાવે છે. હું નીચે ગયો તો ઘરના સભ્યોએ સમાચાર આપ્યા કે કાકા સવારે ૬ વાગે ધામમાં ગયા છે ને આપણે પાછા જવાનું છે...' મને જે વિચારો આવ્યા હતા ને તેમાં સ્વામીશ્રીએ કહેલું કે અડીશ નહીં, તેનું રહસ્ય આ સમાચાર જાણીને સમજાયું. આ દિવ્ય સંકેત પછી મારી આસ્થા ને ભક્તિને વધુ વેગ મળ્યો. અને આખરે દીક્ષા લેવાના નિર્ણય ઉપર આવી ગયો...

મારું જીવન બદલાયું એ અંગે આજની તારીખે પણ મને આશ્ચર્ય લાગે છે. કેવી રીતે શું થયું એ ખુદ સમજી શકતો નથી. મને જ નહીં સ્વજનો કે પરિચિતો બધાય વિચારતા કે આ સાધુ ન થાય. પણ હકીકત એ છે કે આ પુરુષ વગર બીજા કોઈ મારું જીવન બદલી ન શકત.

મારી પ્રકૃતિ વિષે કુટુંબમાં માંડ ૫ ટકા ખબર હશે. જે બધું જ મેં સ્વામીશ્રીને સાધુ થયા પહેલાં ત્રણ વખત વિગતે કહી દીધું હતું. છતાં તે સમયે આ ખોટા સિક્કાને સ્વીકાર્યો ને સાચો માર્ગ આપ્યો. જો બાપાએ ન સ્વીકાર્યો હોત તો કઈ લાઇન પર હોત તે પણ પ્રશ્ન હોત. આમાં જરાય અતિશયોક્તિ નથી.

* * *

વિદેશયાત્રામાં મારે પત્રલેખનની સેવા હતી, અમારે વિદેશયાત્રાના ૨૫ દિવસ પૂરા થયા. એક હરિભક્ત ભારત જવાના હતા. એટલે આવેલ ટપાલોના જવાબ વહેલા પહોંચે તેવી એમની ઇચ્છા. સાયંસભામાં પત્રોનું વાંચન શરૂ કર્યું. હું પત્ર આપું તે વાંચીને જવાબ આપે. તેની નોંધ કરું ન કરું ત્યાં તો સ્વામીશ્રીને બીજો પત્ર વંચાઈ ગયો હોય. એ દિવસે ૨૦ મિનિટમાં ૨૬ પત્રો વાંચ્યા અને જવાબ આપ્યા !

આવો જ બીજો અનુભવ નૈરોબીમાં થયો. ૧૯ મિનિટમાં ૨૩ પત્રોના જવાબ આપેલા.

મેં પત્રો ઉપર જવાબની નોંધ કરેલી તે વિચારવામાં આખી સભા પૂરી થઈ ગઈ. સ્વામીશ્રીની રોજની સ્પીડ અને આ દિવસની સ્પીડ વચ્ચે આસમાન-જમીનનો ફેર હતો. સુપર સોનીકની સ્પીડની જેમ સ્વામીશ્રી કામ કરે છે છતાં પત્રના જવાબમાં ક્યારેય ગરબડ દેખાઈ નથી. ઉતાવળમાં બાપાએ જવાબ આપેલ હોય તોપણ તે સચોટ જ જવાબ હોય. ઉતાવળે

જવાબ આપતા હોય છતાં ક્યારેય મુદ્દાઓ ભૂલ્યા નથી.

ડલાસમાં રમેશભાઈ દવેનો પત્ર આવેલો. તેમના દીકરાને સેટ થવા અંગે છેલ્લી લીટીમાં આશીર્વાદ માંગ્યા હતા. આ પત્રનો જવાબ લખ્યા પછી આશીર્વાદ માટે મેં બાપાને પત્ર આપ્યો. સ્વામીશ્રી આશીર્વાદ લખતાં કહે : 'પત્ર બરાબર વાંચો છો ને ?'

મેં કહ્યું : 'હા.'

તો કહે, 'આ પત્રમાં તેમના દીકરાને સેટ થવાની વાત તો આવી નથી ?' હું તો ચૂપ જ થઈ ગયો. રમેશભાઈનો પત્ર બે દિવસ પહેલાં બાપાએ વાંચ્યો હતો. તે તમામ વાતો તેમના મગજમાં નોંધાઈ ગયેલી. અને વિશેષતા તો એ છે કે મારો લખેલ જવાબ બાપાએ કઈ સ્પીડમાં વાંચ્યો હશે કે જેથી દીકરાનો ઉલ્લેખ ન હોવાનું ઝડપાયું ?!

* * *

૧૯૯૪, બોરસ, સ્વીડન. બપોરના સમયે સ્વામીશ્રી ઠાકોરજી જમાડતા હતા. મારી આગળ વિશ્વવિહારી સ્વામી બેઠા હતા. મને મનમાં સંકલ્પ થયો કે 'વિશ્વવિહારી સ્વામી આવ્યા છે એટલે આપણો વારો આવ્યો નથી.' સંકલ્પ પૂરો થયો કે તરત જ સ્વામીશ્રી બોલ્યા : 'વિશ્વવિહારી આવ્યા છે ત્યારથી શાસ્ત્રીનો વારો આવ્યો નથી.'

મેં કહ્યું : 'તમે મારું અંતર પકડ્યું.'

સંતો કહે : 'કેમ ? શું થયું ?'

મેં વિગતે વાત કરી. આ સાંભળી સ્વામીશ્રી કહે : 'સંકલ્પ કર્યો કેમ ?' આવા અંતર પકડવાના બીજા ત્રણ અનુભવ સ્વામીશ્રીએ કરાવ્યા છે. આ પ્રસંગો પછી એમની પાસે કોઈ વાત છુપાવી શકતો જ નથી.

સ્વામીશ્રીને ગુરુ શાસ્ત્રીજી મહારાજે પ્રમુખપદની ચાદર ઓઢાડી ત્યારે જે કોલ આપેલો તે આજની તારીખે પણ ખંડિત થવા દીધો નથી. ૧૯૯૪માં યુ.એસ.એ.માં પોકોનો માઉન્ટેનમાં બાળકોની શિબિર હતી. બાળકોના આગ્રહથી સ્વામીશ્રીએ બાસ્કેટના બૉલને ચાર-પાંચ વખત નાંખ્યો. આથી હાથની રગ ખેંચાઈ ગઈ. તત્કાળ તો ખબર ન પડી પણ સમય જતાં સાનહોઝેમાં સ્વામીશ્રીએ દુઃખાવા અંગે જણાવ્યું. સાનહોઝેથી અમે એલ.એ. ગયા. ત્યાં રાત્રે ૧૦-૦૫ વાગે પત્રલેખન ચાલતું હતું. બાપા પત્ર વાંચતા

હતા, ને મેં પૂછ્યું : 'બાપા ! હાથે બહુ દુઃખે છે ?' સ્વામીશ્રી પત્ર બાજુ પર રાખી બોલ્યા : 'તને હાથ દુઃખતો હોય તો ન લખીશ, હું તો મારી જાતે લખીશ. મને કાંઈ હાથ દુઃખતો નથી...' સ્વામીશ્રી ઊંચા સ્વરે બોલ્યા. કારણ કે એમને મનમાં એમ હશે કે 'હું હાથ દુઃખે છે' એમ કહીશ તો પત્રો લખવાનું બધા ના કહેશે ને હરિભક્તોને સંતોષ નહીં મળે અને મારી સેવા જશે.' આવી જ ભાવનાથી સ્વામીશ્રી આકળા થઈને બોલ્યા. આવી છે એમની જીવનભાવના.

સ્વામીશ્રીના જીવનને જોઈ જોઈને જ આપણને આપણા જીવનની દિશાઓ મળતી જાય છે. આવા પ્રસંગોના સાક્ષી બનાવીને સ્વામીશ્રીએ અનેકને પૂર્ણતાને કિનારે પહોંચાડ્યા છે... એમની અપેક્ષાની પૂર્ણતા સિદ્ધ કરી શકીએ તે જ પ્રાર્થના...

* * *

બ્રહ્મજીવન સ્વામી

અટલાદરા

૧૯૭૭ના યોગી જયંતીના ઉત્સવમાં મને પ્રથમવાર સ્વામીશ્રીનાં દર્શન થયાં. ત્યારે હું આઠમા ધોરણમાં ભણતો. અમરેલીના હરિભક્ત બેચરભાઈ જે. પટેલ સાથે હતા. સભાને અંતે સૌ લાઇનમાં સ્વામીશ્રી પાસે દર્શને આવી ૫૦૦, હજાર, બે હજાર મહાપૂજા કરાવવાના સંકલ્પ કરતા હતા. એવામાં સામાન્ય સ્થિતિના હરિભક્ત બેચરભાઈનો વારો આવ્યો. સ્વામીશ્રીને પૂછ્યું : 'કેટલી મહાપૂજા કરાવું ?'

સ્વામીશ્રીએ તત્કાળ કહ્યું : 'દસ કરાવજો !'

હું આ સાંભળીને દિગ્મૂઢ બની ગયો. બેચરભાઈ સામાન્ય સ્થિતિના હરિભક્ત છે, તેની સ્વામીશ્રીને કેવી રીતે ખબર પડી ? એ વિશે મને આખો દિવસ વિચારો આવ્યા ને એમને માટે હૃદયથી આકર્ષણ વધવા લાગ્યું.

એ જ વર્ષે સ્વામીશ્રી અમરેલી પધાર્યા ત્યારે રતિભાઈ લુહારના ઘરે ઉતારે અમે દર્શને ગયા હતા. રતિભાઈએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આ બેચરભાઈને ચાર દીકરી છે, એક મુક્ત નથી, આશીર્વાદ આપો...'

સ્વામીશ્રીએ બેચરભાઈને નજીક બોલાવ્યા. સ્પષ્ટપણે પૂછ્યું : 'એક (પુત્ર) જોઈએ છે કે બે ?'

'બાપા ! એક તો બસ છે !' બેચરભાઈ જાણે સંમોહિત અવસ્થામાં હોય તેમ બોલી ઊઠ્યા. સ્વામીશ્રીએ આશીર્વાદનો ધબ્બો આપ્યો. અને યોગ્ય સમયે તેમના ઘરે પુત્રજન્મ થયો જેનું નામ પછીથી સ્વામીશ્રીએ દેવેન્દ્રપ્રસાદ રાખ્યું હતું.

આ બે પ્રસંગોએ મને ચોટ મારી દીધી. વર્તમાન ધરાવી મેં કંઠી ધારણ કરી.

એ પછી વ્યવસાય માટે સુરત આવવાનું થયું. સ્વામીશ્રી ૧૯૭૮માં સાંકરી પાટોત્સવ માટે પધાર્યા હતા. અમે ત્રણ સત્સંગી મિત્રો લાભ લેવા

ગયા હતા. સાંકરીની બાજુમાં એક નાના ગામમાં સભા કરી સ્વામીશ્રી રાત્રે સોમાભાઈના બંગલે ઉતારે પધાર્યા ત્યારે સંતો અગાશીમાં ચેષ્ટા બોલી રહ્યા હતા. સ્વામીશ્રી પત્રલેખનમાં વ્યસ્ત હતા. અચાનક એક બાળક સ્વામીશ્રી પાસે આવી રડવા લાગ્યો. સ્વામીશ્રીએ વહાલથી પૂછ્યું : 'શું થયું ? કેમ રડે છે ?'

'મેં વિદ્યાનગર અધિવેશનમાં ભાગ લીધો હતો, પણ બીમાર પડ્યો તેથી આપને રાજી ન કરી શક્યો.' બાળકે ધીમે ધીમે કહ્યું.

સ્વામીશ્રી કહે : 'શેમાં ભાગ લીધો હતો ?'

'એક પાત્રી અભિનયમાં.'

'તો અહીં બતાવી દે... અમે જોઈશું...'

બાળક આનંદિત થઈ ગયો. તેણે એક પાત્રીમાં, પતિપત્ની વચ્ચેનો કલહ ને કંકાસ આબેહૂબ રજૂ કર્યો. સ્વામીશ્રી ખૂબ હસ્યા. બાળકને આશીર્વાદ આપ્યા. તે ગયો ને સ્વામીશ્રી પત્રો હાથમાં લેતાં અમારી ત્રણેની સામે દૃષ્ટિ કરીને કહે : 'જોયું ? આવું છે સંસારમાં !' પછી કહે : 'આપણે એ સંસારની ધમાલમાં ન પડવું.'

બસ, આ એક જ વાક્યે અમને ત્રણેને એક સાથે એક જ વિચાર આવ્યો : 'સ્વામીશ્રીની રુચિમાં ભળી સાધુ થવું ને ભગવાન ભજી લેવા...'

એ શબ્દોમાં કેટલું દૈવત હશે, એ વાણીમાં કેવી દિવ્યતા હશે, તે અનુભવ વિના સમજાય તેવું નથી.

* * *

૧૯૭૯, સ્વામીશ્રી ભાગવત પારાયણ નિમિત્તે સુરત પધાર્યા હતા. એક બપોરે જમ્યા પછી પ્રભુદાસભાઈ વાવડીવાળાને ત્યાં પધરામણી કરી. વચ્ચે જ એક નવા મુમુક્ષુ મળી ગયા. કંઠી બંધાવીને પ્રાર્થના કરી : 'સ્વામી, મારું ઘર વચ્ચે જ આવે છે, આપ પધરામણી કરો...'

સ્વામીશ્રીએ સંમતિ આપી દીધી. કાર્યકર મહેન્દ્રભાઈએ એ 'ગલીમાં જવાય તેવું નથી' એમ કહી સ્વામીશ્રીને ન જવા સમજાવ્યા. વરસાદના પાણીથી કીચડ જામી ગયો હતો, પણ રોડ પર ગાડી ઊભી રાખી કે તરત સ્વામીશ્રી તો મારો હાથ પકડી નીચે ઊતરી ગયા ને કહે : 'તારા સેન્ડલ ગાડીમાં જ કાઢી નાખ અને પેન્ટ ઊંચું ચડાવી દે...' પછી પોતે ધોતિયાનો

છેડો પકડી બીજે હાથે મારો ટેકો લઈને ગલીમાં મહામુશ્કેલીથી ચાલવા માંડ્યા. મોજડી કીચડથી ભરાઈ ગઈ હતી. ક્યાં ખાડો છે ને ક્યાં ગટર તેની સૂઝ પડે તેમ ન હતું. તેથી સૌ સાવચેતીથી ચાલતા હતા.

ઘર આવી ગયું. સ્વામીશ્રી ઓટલે ચડી દાદરો ચડવા લાગ્યા. એકદમ સાંધો અને સાંકરો દાદરો ચડી સ્વામીશ્રીએ એક ખોલીમાં શાંતિથી વિધિ કર્યો. અમે રોડ ઉપર જઈને રીવર્સમાં ધક્કા મારી એક રિક્ષા લઈ આવ્યા. જેથી સ્વામીશ્રીને ફરી કીચડ ખૂંદવો ન પડે. સ્વામીશ્રી આવ્યા ને રિક્ષામાં બિરાજ્યા. એ જ વખતે સામેના ઘરમાંથી એક બાઈએ રિક્ષાનો પડદો ઊંચો કરી કુતૂહલવશ રિક્ષામાં ડોકિયું કર્યું. સ્વામીશ્રી જાણે ભયથી થીજી ગયા અને રાડ નાખી : 'એલા, શું બાધા મારો છો ? ભાન પડે છે કે નહીં, આ બાજુ ધ્યાન રાખતા નથી...' બાઈએ ગભરાઈને પડદો છોડી દીધો, પણ સ્વામીશ્રીના મુખ ઉપર એટલો બધો ઉચાટ દેખાતો હતો કે એમનાથી કોઈ મોટી ભૂલ ન થઈ ગઈ હોય ?

* * *

સ્વામીશ્રી પાસે મેં સાધુ થવાની ઇચ્છા તથા ઘરમાં જૂના મંદિરના અનુયાયી કુટુંબીઓની સમસ્યા રજૂ કરી હતી. ત્યારે આશીર્વાદ આપતાં એમણે કહેલું : 'બધાને શાંતિથી સમજાવજે, ધીરજ રાખજે રજા મળી જશે...'

જ્યારે કુટુંબીઓને જાણ થઈ ત્યારે મારા સાધુ થવા બાબત કોઈને વિરોધ નહોતો, પણ નવા મંદિરમાં સાધુ થવા બાબત વિરોધ હતો. એટલો મક્કમ વિરોધ હતો કે છેવટે મેં સાધુ થવાનો સંકલ્પ જ માંડી વાળ્યો. અને ગારિયાધારમાં દુકાન ખરીદી ધંધો ચાલુ કરી દીધો.

૧૯૮૦માં ડૉકટર આર. વી. પટેલે શ્રીમદ્ ભાગવતની પારાયણનું આયોજન કર્યું. સાતે દિવસ હું અન્ય યુવકો સાથે સેવામાં રહ્યો. સ્વામીશ્રીએ પણ મારા સાધુ થવા અંગે કાંઈ પૂછપરછ કરી નહીં. એક દિવસ પધરામણીએ જતાં મારી નવી દુકાન આવી. તેમાં મારી વિનંતીથી પગલાં કર્યાં... પગથિયાં વિનાની દુકાનમાં મારા ખભાનો ટેકો લીધો હતો. સારા ધંધાના નિમિત્ત સાથે સ્વામીશ્રીએ તો લગ્નના આશીર્વાદ પણ આપી દીધા. સ્વામીશ્રી ગારિયાધારથી નીકળ્યા પણ મારું મન લેતા ગયા. રાતદિવસ બેચેની, મુંઝવણ ને દ્વિધા રહ્યા કરે. અંતે સ્વામીશ્રી બોસ્ટન (અમેરિકા)

રોકાયા હતા ત્યારે પત્ર લખ્યો ને દ્વિધા જણાવી. સ્વામીશ્રી તો વાંચી શકતા નહીં, તેથી પત્ર સાંભળી તત્કાળ જવાબ લખાવ્યો : 'એ યુવકને લખી નાખો, આપણો જન્મ સાધુ થવા થયો છે. માટે બીજો સંકલ્પ ન કરવો... આપણે ભગવાન ભજવા નીકળી જવું છે, તેથી કોઈના અપરાધમાં પડતા નથી, હવે તો 'કરેંગે, યા મરેંગે' કરી નાખવું...'

બસ, એ દિવસ ને આજની ઘડી, કેવી રીતે સાધુ થઈ શક્યો ને કેવી રીતે સેવા કરી શકું છું તે હજુ સમજી શકાયું નથી. આ સેવા કરાવી એ કેવળ એમની કરુણા છે...

* * *

સારંગપુરમાં સંતસ્વામીનું નાદુરસ્ત સ્વાસ્થ્ય હતું. તેથી સ્વામીશ્રી રાજકોટથી ખાસ ખબર પૂછવા આવ્યા હતા. સાંજે ઠાકોરજી જમાડ્યા ત્યારે મને સામે બેઠેલો જોઈને, મને દાંતની તકલીફ હતી તે વિશે પૂછ્યું : 'તમારે ચોકઠાનું કેમ છે, પૂજારી ?'

મેં કહ્યું : 'બાપા ! ચોકઠું તો કરાવવું જ પડશે. પણ સેટ થાય તેવી કૃપા કરજો. જેથી ભજન-કથાનું સુખ આવે.'

સ્વામીશ્રી હસતાં હસતાં પોતાની વાત કરવા લાગ્યા : 'અમારા કહેવાથી બીજાનાં ચોકઠાં સેટ થાય છે, ને અમારે જ સેટ થતું નથી !'

'બાપા ! આપને કેમ તકલીફ રહે છે ?'

સ્વામીશ્રીએ મોં પહોળું કરીને બતાવવા લાગ્યા ને કહે : 'મારે નીચેના પેઢાં જ નથી એટલે મુશ્કેલી છે' એમ કહી ભાવમાં આવી ગયા ને કહ્યું : 'જો, આપણને તો યોગીજી મહારાજ જેવા પુરુષ મળ્યા અને તમને ઠાકોરજીની સેવા મળી એટલે સેટ થવાપણું છે જ નહીં. સેટ તો થઈ જ ગયા ! હવે આ સુખ લીધા કરવું....'

'પણ બાપા ! અમારા સ્વભાવ એવા છે કે સુખ લેવા દેતા નથી.' મેં કહ્યું.

સ્વામીશ્રી લાંબો હાથ કરી પોતાની પ્રથમ આંગળી મારી આંખ પાસે લાવીને ગોળ ગોળ ફેરવવા લાગ્યા ને બોલવા લાગ્યા : 'સ્વભાવ ટાળવા છે.... સ્વભાવ ટાળવા છે...' મને એમ કે હમણાં જ નિર્વાસનિક થઈ જવાશે. એવો પ્રભાવ જણાતો હતો ત્યાં સ્વામીશ્રી કહે : 'બસ, આજ્ઞામાં મંડી પડો.

ક્યારે સ્વભાવ ટળી જશે તેની ખબરે નહીં પડે...'

છેવટે મેં ઘણા સમયથી મનમાં રમતી વાત નિખાલસપણે સ્વામીશ્રી પાસે રજૂ કરી દીધી : 'બાપા ! પહેલાં અમારે જૂનો સત્સંગ, તેથી આપનો ખૂબ દ્રોહ કર્યો છે. 'બંડિયા છે, લોકોને ધૂતે છે, પોતે ભગવાન થાય છે' આવું બધાને કહેતો. અને એવાં કટિંગ પુસ્તકો કે છાપામાં આવે તે ભેગાં કરીને બતાવતો, છતાં અમને કૃપા કરીને આપના ખોળામાં લઈ લીધો, તો હવે પહેલાંનું માફ કરજો...' મારી આંખમાં આંસુ આવી ગયાં, તે જોઈ સ્વામીશ્રી પણ ભાવાર્દ્ર થઈ ગયા. માથે હાથ મૂકી પ્રેમથી કહે : 'એ ભૂલી જવું. યોગીબાપા બેધારી તલવાર જેવા હતા. તમે એમનું જાણે-અજાણે, જ્ઞાનથી-અજ્ઞાનથી નામ લીધું તેમાં આ કામ થઈ ગયું. હવે ભૂલી જવાનું. સત્પુરુષ દયાળુ છે, બધું માફ કરી દે છે....' સ્વામીશ્રી બોલતા રહ્યા ને હું તેમના ચરણ ભીંજવતો રહ્યો...

સ્તુતિ અને નિંદાથી પર હોય તેમને એવુંય 'જાણપણું' પણ નથી હોતું કે 'દ્રોહીને ય ખોળે લઉં છું'. કરુણાની આથી વધુ ઊંચાઈ કઈ હોઈ શકે ?

* * *

તા. ૧૭-૩-૮૪, ફૂલદોલોત્સવ, સ્વામીશ્રીએ આજે અમને આઠ પાર્ષદોને સારંગપુરમાં ભાગવતી દીક્ષા આપી. અને મને અટલાદરામાં પૂજારી તરીકે સેવા કરવાની આજ્ઞા કરી.

મારી અગાઉના પૂજારી ગુણાતીતવલ્લભ સ્વામીએ મને કહેલું કે જ્યારે સ્વામીશ્રી નિજમંદિરમાં દર્શને આવતા ત્યારે હરિકૃષ્ણ મહારાજ પાસે આવીને કહેતા કે 'પૂજારી, હરિકૃષ્ણ મહારાજની ભાવથી સેવા કરીશ, તો બધા શુભ સંકલ્પ પૂરા થશે...'

આ સાંભળી મેં પણ એમ જ કરવાનું નક્કી કર્યું ને વિચાર્યું કે છ-આઠ મહિને સ્વામીશ્રી પરદેશથી પાછા પધારે ત્યાં સુધી ઠાકોરજીની એવી સેવા કરવી કે સ્વામીશ્રી રાજીપાની કાંઈક પ્રતીતિ કરાવે.

આખરે સ્વામીશ્રી વસંતપંચમીએ તા. ૨૬-૧-૮૫ના રોજ પધાર્યા. ઉત્સવ પછી બપોરે દોઢેક વાગે ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યારે હું ટેવ મુજબ બોલ્યો : 'હરિકૃષ્ણ મહારાજ જમો... ઘનશ્યામ મહારાજ જમો...'

સ્વામીશ્રી એકદમ જ જનમંગલ સ્વામીને કહે : 'હરિકૃષ્ણ મહારાજની

તબિયત ઘણી સારી છે. આ પૂજારીએ શિયાળામાં ઠાકોરજીને જરાય ઠંડી લાગવા દીધી નથી !'

મને થયું કે આપણી ભક્તિ ભાવના કે છળકપટ બધું જ આ પુરુષને હસ્તામલકવત્ છે. એમની પાસે તે વળી શું છુપાવવાનું હોય ?

* * *

૧૯૮૭, સ્વામીશ્રી અને ૩૫૦ સંતો ઉત્તરાખંડ, હિમાલયયાત્રા માટે જવાના હતા. તેમાં અમારે બંને પૂજારીઓને પણ જવાનું છે તેવી આજ્ઞા આવી, અને અટલાદરામાં ઠાકોરજીની સેવામાં સત્યપ્રકાશ સ્વામી આવશે તેમ નક્કી થયું. એવામાં સમાચાર આવ્યા કે તેઓ બીમાર છે, તેથી નહીં આવી શકે. અમે હિમાલય યાત્રાના સંકલ્પો પર પૂર્ણવિરામ મૂકી દીધું.

સ્વામીશ્રી તા. ૨૨-૮-૮૭ના અટલાદરામાં વિરાજમાન હતા ને જે સંતો યાત્રામાં જોડાવાના હતા તેઓ વિદાય લેવા સ્વામીશ્રી પાસે આવ્યા. તેમને આશીર્વાદ આપી સ્વામીશ્રી મારી સામું જોઈ સહાનુભૂતિના સ્વરે કહે : 'પૂજારી, તમારે અહીં બેઠા યાત્રાનું ફળ મળશે...' પછી જનારા સંતોને પણ કહ્યું : 'બધે પૂજારી વતી દર્શન કરજો...' મારા કરતાં વધારે દુઃખ સ્વામીશ્રીને થતું હોય તેવું લાગ્યા કરતું હતું. એમના મનમાં પણ કંઈક યોજના ઘડાતી હશે. ગમે તે હોય પણ સ્વામીશ્રી વિચારમાં ખોવાઈ ગયા હતા. બીજે જ દિવસે સત્યપ્રકાશ સ્વામી અટલાદરા આવ્યા. સ્વામીશ્રીને પગે લાગ્યા ત્યારે સ્વામીશ્રીની પૂજા ચાલુ હતી. તરત જ સ્વામીશ્રીએ પૂછી લીધું, 'તમારી તબિયત કેમ છે ? અહીં ઠાકોરજીની સેવા થઈ શકે તેમ હોય તો પૂજારીને અમારે લઈ જવા છે...'

સત્યપ્રકાશ સ્વામીએ તરત સેવાની સંમતિ દર્શાવી ને સ્વામીશ્રીએ ધર્મચરણ સ્વામીને બોલાવી અમદાવાદ ફોન કરી દેવા જણાવ્યું કે બે ટિકિટો અહીંના પૂજારીની બુક કરાવી દો...

આ બધી વાતની મને જરા પણ ખબર ન હતી. પણ સ્વામીશ્રી ઉકાળાપાણી કરતા હતા ત્યારે હું આવ્યો એટલે મરમાળું હસીને સ્વામીશ્રી કહે : 'પૂજારી, પોટલાં બાંધો !'

મેં પૂછ્યું : 'શેને માટે ? ક્યાં જવાનું છે ?'

સ્વામીશ્રી કહે : 'હિમાલયમાં ! યાત્રા કરીને દિલ્હીથી પાછા આવી

જવાનું !'

અમે ગદ્‌ગદ થઈ ગયા. નાના સંતોનું આટલી ઊંચી સ્થિતિએ ને આટલાં કાર્યો, મિટિંગો, મુલાકાતો ને જવાબદારીઓ વચ્ચે એમને અમારા જેવા સંતોની સતત ચિંતા કરતા જોયા છે. 'માડી થયા છો મારા રે...' આ અનુભવ લગભગ દરેક સંતોને એક બે વાર નહીં સેંકડો વાર થયો હશે, એ વાતમાં કોઈ અતિશયોક્તિ નથી !

* * *

૧૯૯૨, યોગીશતાબ્દી મહોત્સવના અવસરે સ્વામીશ્રીના ઉતારે રહી અંગત સેવાઓનો ઘણો જ લાભ મળેલો. પરંતુ પ્રિયદર્શન સ્વામી અને કૃષ્ણવલ્લભ સ્વામી વારાફરતી ફાલ્સીપેરમ તાવમાં પટકાયા હતા. તેથી તેમની સેવા કરવામાં નગર, કાર્યક્રમો કે પ્રદર્શન કાંઈ જોયેલું નહીં, ને એવી ઇચ્છા પણ નહોતી કરી, કેમ કે સમૈયાના અંતે ફરી અટલાદરાથી આવવાનું જ હતું, તેથી ત્યારે જોઈશ એમ વિચારેલું.

એક દિવસ દીવાન સાહેબને ત્યાં ઉતારે સ્વામીશ્રી સાંજે પાંચેક વાગે ઠાકોરજીનો પ્રસાદ લેતા હતા ત્યારે મને પૂછ્યું : 'તેં નગર ને બધું જોયું ?'

મેં કહ્યું : 'છેલ્લે જોઈ લઈશ.'

સ્વામીશ્રી કહે : 'ના, જોઈને જ જવાનું. વાસીમાં મજા નહીં... હજુ બે દિવસ છે, તો બધું જોઈ લેજે.' પછી સ્વામીશ્રી 'નગર'માં જવા નીકળ્યા ત્યારે ફરી કહ્યું : 'કૃષ્ણવલ્લભ સાથે કોઈને ગોઠવી દેજો...'

મેં કહ્યું : 'તેઓ પણ આવે છે. તબિયત સારી છે !'

સ્વામીશ્રી ખુશ થઈ ગયા ને કહે : 'તો તો સર્વોપરી !'

સ્વામીશ્રી નગરમાં સભાગૃહમાં પધાર્યા. અહીં મહાનુભાવોના ફેલિસિટેશનનો કાર્યક્રમ ચાલુ થઈ ગયો હતો. તેમાં પ્રિયદર્શન સ્વામી અને ધર્મચરણ સ્વામી વારાફરતી આવીને મને કાનમાં કહી ગયા કે સ્વામીશ્રી મંચ પરથી ઊતરે એટલે તું ગાડી પાસે ઊભો રહેજે, એમ સ્વામીશ્રીએ કહેવડાવ્યું છે.

હું મૂંઝવણમાં પડ્યો કે સ્વામીબાપાને શું કામ હશે ? પણ હું તો સૂચના પ્રમાણે તૈયાર ઊભેલો. એટલે સ્વામીશ્રી મને જોઈને કહે : 'પૂજારી, જલદી ગાડીમાં બેસી જાવ, આપણે પ્રદર્શન જોવા જવાનું છે ! નહીં તો રહી

જવાય...'

તા. ૩-૧૧-૯૨ની એ રાત્રિ હતી. અસંખ્ય મુલાકાતીઓ, યાદીબદ્ધ મહાનુભાવો અને અનેક કાર્યોની જંજાળ વચ્ચે સ્વામીશ્રીએ એ યાદ રાખ્યું હતું કે પૂજારીને 'નગરદર્શન' બાકી છે. અને એમણે મને પોતાની ગાડીમાં સાથે લીધો ! બે બે સંતોને ચાલુ સભાએ મને સૂચના આપવા મોકલ્યા... ને ખુદ પોતે તો મને આ વાત કરી જ ! ત્યારે હૈયું ભરાઈ આવ્યું કે મારા જેવા અલ્પજ્ઞ જીવ ઉપર આટલી અકારણ કરુણા !

એમના હેત, પ્રેમ, ઠાકોરજીની પરાભક્તિ, પ્રત્યક્ષભાવ અને ભૂલને નભાવી લેવાની ક્ષમાભાવના ને ઉદારતા અદ્‌ભુત છે, જેના અનેકવાર અનુભવો થયા છે. શબ્દો, પૃષ્ઠો અને શક્તિની મર્યાદા છે તેથી આટલા ગુણગાન ગાઈ ગુરુભક્તિ અદા કર્યાના સંતોષ સાથે પ્રાર્થું છું કે એમની અપેક્ષા મુજબનું જીવન જીવી એમને રાજી કરી શકીએ, શ્રીહરિને પામી શકીએ.

* * *

ધર્મભૂષણ સ્વામી

બોચાસણ

૧૯૮૦, ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવ પહેલાં સ્વામીશ્રી બોચાસણ બિરાજતા હતા. શાસ્ત્રીજી મહારાજની જૂની પ્રસાદીની રૂમમાં સ્વામીશ્રીનો ઉતારો હતો. વિદ્યાનગર છાત્રાલયના સંચાલક બળદેવસિંહ રાણા (હાલ, યજ્ઞપ્રિય સ્વામી) સાથે અમે ૨૦ યુવકો સ્વામીશ્રીનાં દર્શન સમાગમ માટે બોચાસણ ગયેલા.

અમને જ્યારે મુલાકાત માટે સમય મળ્યો ત્યારે સ્વામીશ્રી રૂમમાં પલંગ પર બિરાજ્યા હતા. રાણા સાહેબ દરેક યુવકનો વ્યક્તિગત પરિચય આપતા હતા. ત્યાં મારો વારો આવ્યો. એટલે મારું નામ, પિતાનું નામ તેમજ ગામનું નામ આપ્યું.

સ્વામીશ્રીએ તરત જ મારા દાદાનું નામ કહ્યું, ને બોલ્યા : 'સ્વાતંત્ર્ય સેનાની હતા ને હાલ લકવો થયેલો છે ને મંદિરની બાજુની ખડકીમાં જ તેમનું મકાન હતું...' આમ તે બધી વાતો ઇદમ્ જોતા હોય તેમ કરી દીધી. મારા સહિત બધા જ યુવકોને આશ્ચર્ય થયું. સ્વામીશ્રીની હરિભક્તો સાથે કેવી આત્મીયતા છે, તેનું આ પ્રત્યક્ષ દર્શન હતું.

* * *

૧૯૮૧, મહાશિવરાત્રિના પર્વે જ મારી વિદાયની ઘડી હતી. જેમાં સ્વામીશ્રી અણચિંત્યા આવી પહોંચ્યા હતા. મારા માટે અતિ અમૂલ્ય પળો હતી. સ્વામીશ્રી મને લેવા માટે ગામમાં-ઘરે પધાર્યા હતા. તે દિવસે સ્વામીશ્રીની સુંદર સ્વાગતયાત્રા કાઢવામાં આવી. આખું ગામ ઊમટ્યું હતું. સ્વામીશ્રી ઠાકોરજી લઈને ઊંટગાડીમાં બિરાજેલા. મને પણ સાથે બેસાડી દીધો. ઢોલ, નગારાં, શરણાઈના મધુરા નાદથી ભક્તોના નૃત્યના તાલે તાલે વાતાવરણમાં અનેરો ઉત્સાહ વર્તાતો હતો.

સ્વામીશ્રીને અનુકૂળતા રહે તે માટે મેં ઠાકોરજી હાથમાં લીધા.

સ્વામીશ્રીની નજર મારા બૂટ પર પડી અને મારું ધ્યાન દોરતાં કહે : 'ઠાકોરજી લીધા હોય તો પગમાં ચામડાંનાં બૂટ-ચંપલ ન પહેરાય...' મેં તરત જ બૂટ કાઢી નાખ્યા ને ફરી ઠાકોરજી લીધા.

આટલા બધા માણસો જયજયકાર કરતા હતા. તેમાં સ્વામીશ્રીની દૃષ્ટિ નહોતી. એમનું મન તો ઠાકોરજીમાં હતું.

ઠાકોરજી પ્રત્યેની મર્યાદા ને પવિત્રતા જળવાય તે માટે કેવી સૂક્ષ્મભક્તિ !

* * *

૧૯૮૭, મુંબઈમાં કળશ મહોત્સવની પૂર્વતૈયારીરૂપે નગરના બાંધકામ માટેની કાર્યવાહીનો પ્રારંભ કરવાનો હતો. સ્વામીશ્રીએ રસોડાનું ઉદ્‌ઘાટન કર્યું અને બાજુમાં આવેલી પાણીની ટાંકી પાસે પહોંચ્યા. તે પછી સ્વિચ બોર્ડનું પૂજન શરૂ થયું. ત્યાં હું ઉદ્‌ઘાટન પ્રસંગમાં પ્રસાદી આપવા શીરો બનાવેલો તે લઈને પહોંચી ગયો.

સ્વામીશ્રીએ ઠાકોરજીનો એ થાળ હાથમાં લીધો. કાદવકીચડ હોવા છતાં ચંપલ ઉતાર્યાં ને થાળ ધરાવવા લાગ્યા. પછી સંતોને શીરો આપવા હાથમાં લીધો, ત્યાં તો ગરમ ગરમ લાગ્યો.

સ્વામીશ્રી અકળાઈને બોલી ઊઠ્યા, 'અલ્યા, આ તો ગરમ છે. મને એમ કે ધરાવવા લાવ્યા એટલે ઠંડો જ લાવ્યા હશે ને !' પછી થાળીના એક ભાગમાં વધેરેલા શ્રીફળની કાચલીથી શીરો પહોળો કર્યો ને થોડો ઠંડો પડતા ઠાકોરજીને ધરાવતા ગદ્‌ગદકંઠે પ્રાર્થના કરતાં કહેવા લાગ્યા : 'મહારાજ, માફ કરજો. પહેલાં ગરમ ધરાવ્યો હતો. ગળે ચોંટ્યો હશે.' અત્યંત દીનભાવે વીનવતા હોય તેમ માફી માગી. પછી સૌ સંતો સ્વયંસેવકોને પ્રસાદ આપ્યો.

એ શીરામાં જાણે સૌ સ્વામીશ્રીની આત્મનિવેદી અને પ્રત્યક્ષ પરાભક્તિનો આસ્વાદ માણી રહ્યા હતા...

* * *

વિદ્યાનગરમાં 'પ્રમુખ પેલેસ' નામે એક બંગલાનો વાસ્તુવિધિ હતો. તેમાં સાંજે સ્વામીશ્રીના વરદહસ્તે શ્રીફળ હોમવાનું હતું. અમે બોચાસણથી દર્શન-સમાગમનો લાભ લેવા માટે આવ્યા. સ્વામીશ્રી સાંજે પ્રસાદ લઈને સંતો સાથે ગોષ્ટિ કરી રહ્યા હતા. એ જ વખતે ધર્મચરણ સ્વામીએ

સ્વામીશ્રીને સમાચાર આપ્યા કે 'બોચાસણમાં પૂજા કરતા વૃદ્ધ સંત હરિસેવાદાસ સ્વામી સભામંડપમાં મંત્ર લખતાં લખતાં પાટ ઉપરથી પડી ગયા ને આણંદમાં ડૉક્ટર નટુભાઈના દવાખાનામાં દાખલ કર્યા છે. વિશેપ વાત રોમહર્ષ ભગત (હાલ પ્રભુજીવન સ્વામી) કરશે.'

સ્વામીશ્રી તો તરત જ ગાડી મંગાવીને હૉસ્પિટલમાં જવા તૈયાર થયા. મેં ઠાકોરજી લીધા. મોટરમાં સ્વામીશ્રીએ પૂછ્યું : 'ક્યારે પડ્યા ?'

'સવારે.'

'તો અત્યારે મને વાત કરો છો ?' સ્વામીશ્રી અકળાઈને કહી રહ્યા હતા. પ્રભુજીવન સ્વામી કહે : 'મને એમ કે સવારે આવેલા સંતોએ આપને વાત કરી હશે. ને આપ તો બધું જાણો જ છો ને ! વળી આપને વાસ્તુવિધિ પણ હતી... તેથી નહીં કીધું હોય...' આ સાંભળી સ્વામીશ્રીએ પુણ્યપ્રકોપ ઠાલવ્યો. અંતર્યામી હોય તોપણ કહેવું પડે. ભલેને નાળિયેર હોમવાનું કહે. એનું નાળિયેર એને ત્યાં રહે, પહેલાં મારા સાધુ !' સ્વામીશ્રીની સંતો પ્રત્યેની અગાધ વત્સલતા આ શબ્દોમાં ઊછળી રહી હતી.

હૉસ્પિટલમાં પહોંચ્યા. અહીં બ્રહ્મજીવન સ્વામી હરિસેવાદાસ સ્વામીની સેવામાં હતા. તેમણે વાત કરી કે સવારે પડી ગયા પછી તેમને પેટમાં પાણી ટકતું નથી, કાંઈ જ ખવાતું-પિવાતું નથી.

કહે, 'ધૂન કરો... પાણી લાવો...' પછી સ્વામીશ્રી પાણી આવ્યું ત્યાં સુધી ધૂન કરી અને ઠાકોરજીના ચરણ પખાળી એ પ્રસાદીભૂત પાણીની બે ચમચી હરિસેવાદાસ સ્વામીના મુખમાં રેડી દીધી. પાણી તરત જ કંઠ નીચે ઊતરી ગયું. પછી હૉસ્પિટલનું જ નાનું ટેબલ જોઈ તેના પર બેસી ગયા ને એ વૃદ્ધ સંતના આખા શરીરે હાથ ફેરવ્યો. ઠાકોરજીની મૂર્તિનો તેઓની છાતીએ સ્પર્શ કરાવ્યો.

પછી બ્રહ્મજીવન સ્વામીને આશીર્વાદ આપતાં કહે : 'તેઓને દુઃખ પડશે નહીં ને જલદી સુખિયા થઈ જશે.' આ પછી બીજે જ દિવસે હરિસેવાદાસ સ્વામી ધામમાં બિરાજી ગયા.

સ્વામીશ્રીને નાના-મોટા તમામ સંતોનો કેવો અતિ અપાર મહિમા હોય છે તે આવા અતિ આત્મીય પ્રસંગોમાં જણાઈ આવે છે. આવાં ભાવવિભોર દર્શન કરી અને સ્વામીશ્રીની અપાર સામર્થી જોઈ પ્રત્યક્ષ ગુરુહરિમાં વિશેપ

દૃઢ પ્રતીતિ થઈ...

* * *

સ્વામીશ્રી બોચાસણમાં પધારે ત્યારે ઠાકોરજીનાં દર્શન કરતાં કરતાં બધે જ દર્શન કરી હનુમાન-ગણપતિની દેરીએ દર્શન કરે. છેલ્લે પાછળ પુરુષોત્તમ સ્વામીની દેરીએ દર્શને પધારે. દર્શનની સાથે બધું નિરીક્ષણ પણ કરી લે.

એક વખત સ્વામીશ્રીની નજર છત ઉપર પડી. સ્લેબમાંથી મોટું ગાબડું ઊખડી ગયું હતું ને સ્લેબના સળિયા દેખાતા હતા.

સ્વામીશ્રીએ મને પાસે બોલાવી કહ્યું : 'કાલે સવારે આવું જોવા ન મળે. રિપેર થઈ જવું જોઈએ.' બસ, એક જ વાક્ય કહીને સ્વામીશ્રી નીકળી ગયા. અમે આખા દિવસમાં કડિયા વગેરેને બોલાવી તે રિપેર કરાવી દીધું.

બીજે દિવસે સ્વામીશ્રી પધાર્યા. દર્શન કરીને ઉપર જોયું. કામ થઈ ગયેલું જોઈ પ્રસન્ન થઈ ગયા, ને કહે : 'આ બધું ધ્યાન રાખવું. મેઇનટેનન્સ થવું જ જોઈએ. સળિયા દેખાય ને કટાઈ જાય તો ? આવા ઘણા પ્રસંગે એમની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિનો ખ્યાલ આવે છે અને જણાય છે કે નાનામાં નાની બાબત સુધ્ધાં સ્વામીશ્રીની નજર બહાર રહેતી નથી...

* * *

દોણજા ગામે નૂતન મંદિરની પ્રતિષ્ઠા વખતે થોડાં વાસણો બોચાસણથી લઈ ગયેલાં. ઉત્સવ પૂરો થતાં ત્યાંના જવાબદાર સંતો-કાર્યકરો તેને પાછાં જમા કરાવી ગયા. સ્વામીશ્રી ત્યાં જ બિરાજતા હતા. એમણે મને પૂછ્યું : 'બધું બરાબર આવી ગયું ?'

મેં કહ્યું : 'ડિશ ને વાટકી ઓછી આવી છે.'

સ્વામીશ્રી કહે : 'કાગળ લખીને જણાવો, ના મોકલે તો મને જણાવજો.'

થોડા દિવસ પછી ગાના મંદિરની પ્રતિષ્ઠા માટે સ્વામીશ્રી પધાર્યા. પૂજા પછી હું દર્શને ગયો. એટલે મને તરત પૂછ્યું કે 'દોણજાથી જવાબ આવ્યો કે નહીં ? આચાર્ય સ્વામીને કાગળ લખો, હું સહી કરી આપું.'

સામાન્ય વહીવટમાં પણ સ્વામીશ્રીનો કેવો ખટકો ! ને કેવી ચોકસાઈ !

આવા તો અનેક પ્રસંગો છે ને સ્મૃતિઓ છે. પણ એમના મહિમાનો લાભ સૌને મળે એ માટે થોડી સ્મૃતિઓ લખી છે. એ જ, અસ્તુ.

* * *

ઋષિપ્રિય સ્વામી
અમદાવાદ

સ્વામીશ્રી ૧૯૮૯ના મે માસમાં સાબરકાંઠા વિસ્તારમાં લાભ આપવા પધાર્યા હતા. પરંતુ બે જ દિવસના વિચરણ પછી સ્વાસ્થ્ય અચાનક બગડ્યું. ડૉક્ટરોની સલાહ મુજબ તાત્કાલિક અમદાવાદ પરત જવાનું થયું. આ જ સમયે મોડાસા મંદિરનું ખાતમુહૂર્ત હતું, તે રદ કરી સ્વામીશ્રી ફરીથી પધારે ત્યારે કરવાનું નક્કી કર્યું. આ મુજબ તા. ૨૧-૧૧-૯૮ સ્વામીશ્રી મોડાસા પધાર્યા, ખાતવિધિ કરી. બે દિવસ હિંમતનગરમાં પણ લાભ આપ્યો.

ઉતારો મંદિરમાં રાખ્યો હતો. જગા નાની તેથી સ્વામીશ્રીને ઘણી જ તકલીફ પડતી હશે, પણ કાંઈ જણાવતા નહોતા. અમે શક્ય તેટલી સગવડો રાખી હતી. પરંતુ સ્વામીશ્રી ઠાકોરજી જમાડે ત્યારે પત્તર ને થાળ મૂકવાનો પાટલો જ ભૂલી ગયા હતા. આથી પ્રથમ રાત્રિભોજન ધર્મચરણ સ્વામીની પત્રલેખનની સૂટકેશ મૂકી, તેના પર ચાદર પાથરી થાળ મૂક્યો... ને સ્વામીશ્રી પણ શાંતિથી જમ્યા. હું રૂમમાં ગયો ત્યારે સ્વામીશ્રી ચળુ કરવાની તૈયારીમાં હતા. સેવક સંતે મને જોયો ને કહ્યું : 'અલ્યા, પાટલાની વ્યવસ્થા તો કરવી'તી !'

મેં હાથ જોડ્યા ને કહ્યું : 'બાપા ! માફ કરજો. તમારે સૂટકેશ પર પત્તર રાખી જમવું પડ્યું... ભૂલ થઈ ગઈ...'

સ્વામીશ્રી સ્મૃતિ કરતાં કહે : 'આ તો સર્વોપરી છે ! પહેલાં તો કોથળા ઉપર પણ બેસીને જમ્યા છીએ. ને કોથળા પર ને ગાડામાંય પડ્યા રહ્યા છીએ.. તેના કરતાં તો સારું છે ને !'

સ્વામીશ્રીના ભાવમાં મારો વિષાદ દૂર થઈ ગયો, ભૂલ થાય ત્યારે સ્વામીશ્રી ગૂંચવી નાખતા નથી. ગૂંચ ઉકેલી શાંતિ કરી આપે છે... જેવું તેવું ચલાવી લેવાની વૃત્તિ એ તો એમનું અંગ જ છે !

* * *

યોગેશદાસ સ્વામી
નડિયાદ

સ્વામીશ્રી ૧૯૮૭માં અમદાવાદ પધારેલા ત્યારે મને નવો નવો સત્સંગ થયેલો. યુવકમંડળની સભામાં યુવકોએ 'આળસથી ફાયદા અને ગેરફાયદા' એ વિષય ઉપર ડીબેટ રાખેલી. છેલ્લે સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવેલું કે 'આજનું કામ આવતીકાલે કરીશું એ વિચાર આવે તે પણ આળસ જ છે. અને આ કામ કલાક પછી કરીશું એ વિચાર પણ આળસ જ છે...'

મારા મનમાં થતું કે સ્વામીશ્રીએ આ કહ્યું તે ખરેખર સાચું હશે ? પરંતુ ૧૯૮૭માં (દિવાળીએ) સ્વામીશ્રી સાથે ગોંડલમાં હતા. સ્વામીશ્રી છેલ્લા દોઢેક કલાકથી પત્રવાંચન કરી રહ્યા હતા. બપોરના ૧૨-૩૦ થયા હતા. સ્વામીશ્રીને જમવાનો સમય થઈ ગયો હોવાથી મેં આસન કરી કૃષ્ણવલ્લભ સ્વામીને કહેવડાવ્યું. તેઓ થાળ લઈને આવી ગયા. મેં કહ્યું : 'બાપા ! જમવા પધારો.'

સ્વામીશ્રી કહે : 'આ પત્રો (૧૪ કે ૧૫ હતા) વંચાઈ રહે પછી જમીએ.' મેં બે પત્રો રાખીને બીજા સંતાડી દીધા. કારણ કે હું જ પત્રો ખોલી ખોલીને આપતો હતો. પછી કહ્યું : 'ચાલો પૂરા થઈ ગયા. જમી લો.'

સ્વામીશ્રી ઠાવકાઈથી કહે : 'પેલા ટિપોઈ નીચે સંતાડ્યા છે તે લાવ...' હું તો વિચારમાં પડી ગયો કે ખબર કેવી રીતે પડી ? પછી બે - બે કાઢતો રહ્યો. સ્વામીશ્રી માંગતા રહ્યા. એમ બધા જ વંચાઈ રહ્યા પછી હું અને નારાયણચરણ સ્વામી સ્વામીશ્રીને ટેકો આપીને ઊભા કરતા હતા. એ વખતે મને કહે : 'અત્યારનું કામ અત્યારે જ કરી લેવું, નહીંતર આળસ પેસી જાય. તારે પણ એવા તૈયાર થવું...'

મારા મનમાં મહિનાઓ પહેલાં ઘૂંટાતા પ્રશ્નનો એ જવાબ હતો. એનાથી મારા જીવનમાં એક ઉત્તમ બોધપાઠ મળ્યો જેનાથી 'અક્ષરધામ'ની

સારી સેવા થઈ.

* * *

૧૯૮૯માં સ્વામીશ્રી સાથે બોચાસણમાં લાભ લઈ રહ્યો હતો. એ વખતે વિદ્યાનગરથી થોડા યુવકો શનિવારે સાંજે આવ્યા. જેમાંથી એક યુવક પૂજા લાવ્યો નહોતો. પરંતુ બીજા દિવસે એટલે કે રવિવારે તે પણ તિલક-ચાંદલો કરીને સ્વામીશ્રી સમક્ષ ઉકાળાપાણી વખતે દર્શને આવી ગયો હતો. ઉકાળાપાણી પછી સ્વામીશ્રીએ મને પ્રસાદ આપ્યો. પછી વિદ્યાનગરના યુવકોને બોલાવ્યા. તેમને પણ પ્રસાદ આપ્યો. જે યુવકે પૂજા નહોતી કરી ને કેવળ તિલક-ચાંદલો કરેલો તે પ્રસાદ લેવા આવ્યો. સાથેના યુવકોએ સ્વામીશ્રીને ફરિયાદ કરી કે 'બાપા ! તેણે પૂજા કરી નથી.' પરંતુ સ્વામીશ્રીએ કોઈનું પણ સાંભળ્યા વિના તે યુવકને પ્રસાદ આપ્યો. તેણે બીજો હાથ ધર્યો. સ્વામીશ્રીએ બીજા હાથમાં પણ પ્રસાદ આપ્યો, ને કહ્યું : 'આપણે સત્સંગી થયા એટલે પૂજા કર્યા સિવાય પાણીનું ટીપું પણ ન લેવાય. તો જ મહારાજ ખરેખરા રાજી થાય..'

ત્યારપછી તે યુવક એકદમ સુધરી ગયો ને પૂજા કર્યા પછી જ જળ પીવાનો નિયમ લીધો.

જેમ શિલ્પીને પથ્થરમાં મૂર્તિ દેખાતી હોય છે ને આપણને પથ્થર જ દેખાય, એમ સ્વામીશ્રીને દરેકમાં તેની પાત્રતા દેખાતી હોય છે. એટલે જ તેઓ યુવાનોને સામાન્ય બોધપાઠ આપીને તેમનું જીવનપરિવર્તન કરી શકે છે.

* * *

૧૯૮૭માં મને સત્સંગની શરૂઆત હતી. એ વખતે 'રીલાયન્સ કપ' ક્રિકેટ ટુર્નામેન્ટ થવાની હતી. હું કૉલેજના છેલ્લા વર્ષમાં હતો. અમે ક્રિકેટ ટુર્નામેન્ટ દરમિયાન કૉલેજમાં ૧ મહિનાની રજા પડાવેલી. ટુર્નામેન્ટને બે દિવસ બાકી હોવાથી સુરેશભાઈ (યજ્ઞેશ સ્વામી) સાથે ગોંડલ સ્વામીશ્રીનાં દર્શને ગયા. બીજા દિવસે બપોરે ૪-૩૦ વાગે સ્વામીશ્રી મેવો જમી રહ્યા પછી મેં કહ્યું : 'રજા લેવા આવ્યા છીએ. અમદાવાદ જવું છે.'

સ્વામીશ્રી કહે : 'કેમ ? ત્યાં શું કામ છે ?'

મેં કહ્યું : 'આમ તો કૉલેજમાં એક મહિનાની રજા છે. તો ક્રિકેટ મેચ જોશું.' પછી તો સ્વામીશ્રીએ જાણે ક્રિકેટ વિશે કાંઈ જાણતા ન હોય એમ

ઘણા પ્રશ્નો પૂછ્યા. અને મને ખબર નહીં કે આ બધું જાણે છે એટલે મેં ઉત્તર આપ્યા. છેવટે સ્વામીશ્રી મને કહે : 'તમે ક્રિકેટ જુઓ તેમાં તમને શું લાભ ?'

મેં કહ્યું : 'ભારતવાળા જીતે તો આનંદ થાય.'

સ્વામીશ્રી કહે : 'અને ભારતવાળા હારે તો ?'

મેં કહ્યું : 'દુઃખ થાય.'

સ્વામીશ્રી કહે : 'તો દુઃખ લગાડવું તેના કરતાં અહીં રહીને લાભ લો ને.'

એ સમયે મને ક્રિકેટનો ગાંડો શોખ. ઓસ્ટ્રેલિયામાં મેચ હોય તો રાત્રે ૨-૦૦ વાગે ઊઠી, નાહી-ધોઈને ૩ વાગે ક્રિકેટમેચની કોમેન્ટ્રી સાંભળવા બેસી જતો. ને કૉલેજમાં રજા પણ એ જ હેતુથી પડાવેલી. પણ કોણ જાણે કેમ સ્વામીશ્રીના આગ્રહને કારણે રોકાઈ ગયો. એમાં એક દિવસ જામનગર હતા ને બપોરે સ્વામીશ્રી આરામમાં હતા. ઉતારો જે હરિભક્તને ઘેર હતો તેના ટી.વી.માં મેં પાકિસ્તાન-ન્યુઝીલેન્ડની મેચ જોઈ. સ્વામીશ્રી ૪-૩૦ વાગે મેવો જમતા હતા ત્યારે એક સંત કહે : 'આજે કાન્તિએ મેચ જોઈ.' (ફરિયાદના ટોનમાં)

સ્વામીશ્રી કહે : 'ભલેને જોઈ, પણ આપણી આજ્ઞા પાળી છે ને !' (સાથે લાભ લેવાની) સ્વામીશ્રી જે પ્રેમથી બોલ્યા અને મારા તરફ અમીદૃષ્ટિ કરી ત્યારથી મનમાં નક્કી કર્યું કે 'આ પુરુષને રાજી કરવા ક્રિકેટનો ત્યાગ કરવો.' ને એમની કૃપાથી ક્રિકેટ જોવાની છૂટી ગઈ, ને વિશેષ તો સ્વામીશ્રી ગોંડલમાં બોલેલા કે ભારત હારે તો ?

મેં કહ્યું : 'દુઃખ થાય.' સ્વામીશ્રી બોલેલા કે 'દુઃખ લગાડવા કરતાં લાભ લો.' એ વાત સેમી ફાઈનલમાં જ ભારત હારી ગયું ત્યારે ખબર પડી કે સ્વામીશ્રીએ તેની આગાહી એક મહિના પહેલાં કરી દીધી હતી !

આમ, સ્વામીશ્રીના અસીમ પ્રેમથી વ્યસન જેવી ક્રિકેટની લત છૂટી ગઈ ને સ્વામીશ્રીમાં વિશેષ જોડાણ થયું.

* * *

તા. ૨૨-૧૨-૯૩, કલકત્તા, સ્વામીશ્રીના જન્મદિનના બીજા દિવસે પૂજાની પાટ સ્ટેજના મધ્યમાં ગોઠવી હતી. જેના ઉપર ૨૪ બલ્બવાળું ઝુમ્મર

અને સ્ટેજના સામેના છેડેથી બે-બે એમ ચાર મરક્યુરી હેલોજનો સ્ટેજને - ખાસ કરીને પૂજાની પાટને પ્રકાશિત કરી રહી હતી. તે દિવસે ઠંડીનું પ્રમાણ વધારે હતું, સાથે સાથે ધુમ્મસ હોવાથી મંડપ બહાર અંધારા જેવું લાગતું હતું. કલકત્તાના બંગાળી કલાકારોએ બનાવેલ મંડપ કોઈ ભવ્ય હોલ જેવો લાગતો હતો. જેમાં વીજળી બલ્બો ન હોય તો સહેજે જ અંધારું લાગે... સ્વામીશ્રી પૂજામાં પધાર્યા. મને પૂજામાં પુષ્પો ગોઠવવાની સેવા મળેલી. હું મૂર્તિઓ હાલે નહીં એ સાવચેતીથી પુષ્પો ગોઠવી રહ્યો હતો. સ્વામીશ્રી મને ઇશારાથી કાંઈક કહી રહ્યા હતા. મેં ધ્યાનથી સાંભળ્યું ત્યારે ખબર પડી કે સ્વામીશ્રી ઉપર જે ૨૪ બલ્બનું ઝુમ્મર હતું તે બંધ કરવાનું કહી રહ્યા હતા. હું ઊભો થઈને ઝુમ્મર બંધ કરવા ગયો એ વખતે જ એક યુવકને થયું કે સ્વામીશ્રીએ લાઇટ બંધ કરવાનું કહ્યું છે એમ જાણી તેણે ચાર મરક્યુરી (કોર્નર ઉપરની) હેલોજનો બંધ કરી દીધી. મેં તેની પાસે જઈને કહ્યું કે સ્વામીશ્રીની ઉપરનું ઝુમ્મર બંધ કરવાનું છે ને હેલોજનો ચાલુ રાખવાની. પરંતુ હેલોજનો ૨૦ મિનિટે ઠંડી થયા પછી જ ફરી ચાલુ થાય એમ હોવાથી ઝુમ્મર ચાલુ રહેવા દઈ. હું ફરીથી પુષ્પો ગોઠવવા બેસી ગયો. સ્વામીશ્રી મને કહે : 'આ ઝુમ્મર બંધ કરવાનું કહેલું, મરક્યુરી હેલોજનો બંધ કરવાનું નથી કહ્યું.'

મેં કહ્યું : 'હવે હેલોજનો ૨૦ મિનિટ પછી શરૂ થશે માટે ઝુમ્મર ચાલુ રાખ્યું છે.'

સ્વામીશ્રી કહે : 'ઝુમ્મર બંધ કરી દે.' મેં ઝુમ્મર બંધ કરી દીધું. સ્ટેજ ઉપર અંધારા જેવું થઈ ગયું. પુષ્પો ગોઠવીને હું સાઇડમાં ઊભો રહ્યો. ત્યાં ઓડિયન્સમાંથી માગણીઓ આવવા માંડી કે સ્ટેજ ઉપર લાઇટો કરો. સ્વામીશ્રીનાં દર્શન બરાબર થતાં નથી. નિર્ભયસ્વરૂપ સ્વામી મને કહે : 'ઝુમ્મર ચાલુ કરી દે.' કારણ બીજી કોઈ વ્યવસ્થા તાત્કાલિક થઈ શકે એમ નહોતું. મેં ઝુમ્મર શરૂ કર્યું. એટલે સ્વામીશ્રીએ મને બોલાવ્યો. થોડા ઉગ્ર સ્વરે મને કહે : 'ક્યારનો ઝુમ્મર બંધ કરાવું છું તો ચાલુ શા માટે કરે છે ? મેં સભા દર્શાવીને કહ્યું : 'આ બધા દેશ-પરદેશથી આપનાં દર્શને આવેલા છે. તેમને આપનાં દર્શન બરાબર નહોતા થતાં માટે ઝુમ્મર શરૂ કર્યું છે.'

સ્વામીશ્રી કહે : 'એ બધાને મારાં દર્શન થાય કે ન થાય પણ મને ઠાકોરજીનાં દર્શન થવાં જોઈએ ને...!'

ત્યારે મને ખબર પડી કે સ્વામીશ્રીને ઝુમ્મરના રીફલેકશનને લીધે ઠાકોરજીનાં દર્શન થતાં નહોતાં. લોકોને પોતાનાં દર્શન થાય કે ન થાય પણ પોતાના ઇષ્ટદેવનાં દર્શન માટે હંમેશાં પોતાની મહત્તાને અવગણતા સ્વામીશ્રીએ ઝુમ્મરની લાઈટો બંધ કરાવી દીધી ને પોતાની ઠાકોરજીનાં દર્શન પ્રત્યેની ભક્તિ અદા કરી... જે કેવળ પોતે એકલા જ જાણતા હતા છતાં હંમેશાં ઠાકોરજીના કરતાં પોતાની ગૌણતા જ રાખી રહ્યા હોય છે.

તા. ૮-૪-૯૫, બોચાસણ, સાંજના સમયે સભામાંથી સ્વામીશ્રી બાથરૂમમાં પધાર્યા અને નિર્ભયસ્વરૂપ સ્વામીએ હરિકૃષ્ણ મહારાજને મોગરાનાં પુષ્પો બિછાવી, સ્વામીશ્રીના પલંગ ઉપર નાની પથારી કરી સુવાડ્યા હતા. હું દર્શન કરતો હતો. ત્યાં સ્વામીશ્રી ત્યાંથી નીકળીને જમવા પધારતા હતા. મને કહે : 'શું કરે છે ?'

મેં કહ્યું : 'ઠાકોરજીને મોગરાનાં પુષ્પોની પથારી કરી પોઢાડ્યા છે તે દર્શન કરું છું.' સ્વામીશ્રીએ ચંપલ પહેરેલા હતા તેને એકદમ એક બાજુ કાઢીને, બે હાથ જોડી-નમીને ઠાકોરજીનાં દર્શન પ્રાર્થના કરવા લાગ્યા, ને બોલ્યા : 'વાહ ! ઠાકોરજી સરસ દર્શન આપે છે !'

આમ, ઠાકોરજીની મર્યાદા સાચવવા તરત જ ચંપલ કાઢી નાખ્યા ને દર્શનની તાલાવેલી પણ નજરે પડી.

* * *

તા. ૨૫-૧૨-૯૩, કલકત્તા. સાંજે વિદ્યામંદિરના હૉલમાં કીર્તન-આરાધના હોવાથી પ્રિયદર્શન સ્વામી વહેલા ગયેલા. મને ઠાકોરજી સાથે લઈને જવાની સેવા મળી. લિફટમાં મારા જમણા હાથમાં ઠાકોરજી હતા. સ્વામીશ્રી લિફટમાં પધાર્યા. લિફ્ટ નીચે ઊતરતી હતી. સ્વામીશ્રીએ પોતાના જમણા હાથથી મારા જમણા હાથ અને થાળીને દબાવીને કહે : 'ઠાકોરજીને આમ બરાબર પકડવા જેથી પડી ન જાય. આપણે ભલે પડી જઈએ પણ ઠાકોરજી પડવા ન જોઈએ.'

આમ, પોતાના ઇષ્ટદેવની સેવામાં ગમે તે હોય તે ગાફલાઈમાં ન રહે ને ઠાકોરજીની મર્યાદા ચૂકી ન જવાય, એ માટે સ્વામીશ્રી ખાસ ધ્યાન રાખતા હોય છે ને જરૂર પડ્યે સલાહ-સૂચન પણ કરીને સમજાવતા હોય છે.

* * *

૧૯૮૯માં સ્વામીશ્રી અટલાદરામાં બિરાજમાન હતા. વસંતપંચમી પછી લંડનના સી. એમ. પટેલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. મેં સ્વામીશ્રીની આગળ રજાઈ પાથરીને તેમને બેસવા કહ્યું. સી. એમ. પટેલે સ્વામીશ્રીને પૂછ્યું : 'આ (મારા તરફ બતાવીને) કોણ છે ?' (તેમણે લગ્ન કરાવવા સંબંધમાં પૂછેલું.)

નારાયણચરણ સ્વામી કહે : 'એ તમારા કામનો નથી.' સ્વામીશ્રી એકદમ હસી પડ્યા, પછી ઓળખાણ આપતાં કહે : 'એન્જિનિયર છે ને પછી આ (પોતાનું ગાતરિયું બતાવીને) એન્જિનિયર થવાનો છે. નારાયણચરણ સ્વામી કહે : 'સી.એમ.ને કોઈને દઈ દેવો હશે.' (પરણાવી દેવો હશે.) સ્વામીશ્રી ભાવમાં આવીને કહે : 'એમ ! સિંહનો માલ કાંઈ શિયાળિયાં થોડાં લઈ જાય ! આ તો યોગીબાપાનો માલ છે !'

આમ, સ્વામીશ્રીએ સાધુ કરવાની રુચિ બતાવીને વારંવાર બળ પ્રેર્યું છે.

* * *

'અક્ષરધામ'માં કેવળ સ્વામીશ્રીની કૃપાથી જ સેવા મળેલી. ૧૯૮૭માં મુંબઈમાં સ્વામીશ્રીને પૂછેલું કે ભણી રહું પછી મારે શું કરવાનું છે ? સંતોની ઈચ્છા એવી હતી કે આગળ ભણવું પછી જ સાધુ થવું. પણ સ્વામીશ્રી કહે : 'આપણે 'અક્ષરધામ'ની સેવામાં રહેવાનું છે. ત્યાં ઈશ્વરચરણ સ્વામી, અક્ષયમુનિ સ્વામી જે બતાવે તે કરવું. અંતરે શાંતિ થઈ જશે.'

અક્ષરધામની ફરતે પરિક્રમા છે તેની પેરાપેટની જાળી બનાવવાની હતી. કુલ ૨૨૦૦ નંગની જરૂર હતી. એક નંગ ૯ સ્ક્વેરફૂટનો થતો હતો. ૧૯૯૦ની શરૂઆતમાં આ અંગે 'અક્ષરધામ' બાંધકામના સંતો - હર્ષદભાઈ ચાવડા અને વિનોદભાઈ પટેલે નક્કી કરેલું કે રૂપિયા ૨૭૫ સ્ક્વેરફૂટ સુધીમાં જાળી બનાવવી. વિનોદભાઈ આ અંગે બંસીપહાડપુર ગયેલા ને તેમણે રૂપિયા ૨૬૫ કહ્યા ને ઠેકેદાર રૂપિયા ૩૦૦ કહેતો હતો. છેવટે કરાર કેન્સલ થયો ને આ કામ મોકૂફ રહ્યું. ફરી આ કામ ૧૯૯૧ના ડિસેમ્બરમાં વિચારાયું. એ વખતે નક્કી કર્યું કે પેરોપેટમાં જાળીને બદલે પ્લેન પથ્થર ચોટાડી દેવો. કારણ કે આટલી (૨૨૦૦) જાળી બનાવવા સહેજે ૨ વર્ષ જોઈએ ને મોંઘી પણ પડે. છતાં મને અને હર્ષદભાઈને વિચાર કે જાળી જ નાંખવી. આ અંગે ઈશ્વરચરણ સ્વામીની સંમતિ લઈ બોચાસણ સ્વામીશ્રીને

મળવા ગયા. સ્વામીશ્રીને બધી વાત કરી કે આજથી ૨ વર્ષ પહેલા રૂપિયા ૨૬૫માં આપવાના હતા. અત્યારે રૂપિયા ૩૦૦ કે ૩૫૦ સ્ક્વેર ફૂટના થશે ને ૨૨૦૦ નંગ છે. આપના આશીર્વાદ હોય તો જ આઠ મહિનામાં જે અશક્ય કામ લાગે છે તે કરવાનું છે. કારણ કે 'અક્ષરધામ'ના દેખાવમાં પણ તેનાથી અનેક ગણી શોભા વધશે. આપે પણ કહેલું કે જાળી વધારે સારી લાગશે તો આપ કહો એ પ્રમાણે કરીએ.' સ્વામીશ્રીએ મને અને હર્ષદભાઈ ચાવડાને આશીર્વાદ આપ્યા. હર્ષદભાઈ ચાવડા કહે : 'આ બંસીપહાડપુર જાય છે તેને વિશેષ આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'કામ પહેલાં કરાવી જોવું, કેટલામાં પડે છે, પછી ભાવ નક્કી કરવા, ને પછી કામ બધે જ વહેંચી દેવું. લોકો આપણે બોલાવીએ ત્યાં ન આવે, પણ આપણે તેના ગામમાં કામ કરાવવું તો ઝડપી થશે.' પછી હું ગયો. એક જાળી આપણા કારખાને કરાવી અને તે રૂપિયા ૧૬૫માં સ્ક્વેરફૂટ પડી. પછી રૂપિયા ૧૫૦માં ૨૪ જગ્યાએ કામ કરાવ્યું. છેવટે છેલ્લે રૂપિયા ૧૨૦માં સ્કેવરફૂટે કામ થયું. અને જે કામને ૨ વર્ષ થાય એમ હતા તે ૬ મહિનામાં થઈ ગયું. આમ, સ્વામીશ્રીની આપસૂઝથી 'અક્ષરધામ'ના દેખાવમાં આર્થિક લાભ સાથે ઘણી જ શોભા વધી છે. આ જ સૂચનોના અનુભવો લંડન મંદિરના બાંધકામમાં હર્ષદભાઈને કામ લાગ્યા...

આ સ્મૃતિઓ અંતકાળ સુધી મન-હૃદયમાં જીવંત રહે ને આવા ગુણાતીત ગુરુ મળ્યાનો કેફ અવિરત અનુભવાય તે જ પ્રાર્થના.

* * *

શાંતિપ્રિય સ્વામી

અમદાવાદ

૧૯૭૭ની સ્વામીશ્રીની લંડન મુલાકાત દરમ્યાન એક સાંજે મંદિરના હૉલમાં યુવકસભા રાખવામાં આવેલી. અમે બધાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલો.

સભામાં પ્રવચન પછી સ્વામીશ્રી સાથે યુવકોએ સભામાં જ ગોઠડી માંડી. સ્વામીશ્રી હળવા મૂડમાં હતા. વાતવાતમાં હાસ્યની છોળો ઊડતી હતી. એક યુવક શ્રીકાંત સ્વામીશ્રી સાથે હળવી મજાક કરી લેવાની છૂટ લઈ શકતો.

'બાપા ! મને સમાધિ કરાવી અક્ષરધામ દેખાડો તો હું એના ફોટા મારા આ કૅમેરાથી પાડી લઉં, તો ફોટા પરથી જ બાકીનાને ખ્યાલ આવી જાય કે અક્ષરધામ કેવું હશે ?' શ્રીકાંતે એનો તઘલખી તુક્કો રજૂ કર્યો.

સ્વામીશ્રીએ ટટ્ટાર બેસી ફોટો પડાવતા હોય તેવા પોઝમાં બેસીને કહ્યું : 'લે ! જો ! પાડી લે ફોટો !' બધા સાથે શ્રીકાંત પણ હસી પડ્યો. જે બડભાગી યુવકો આ મર્મ સમજ્યા તે ન્યાલ થઈ ગયા !

સ્વામીશ્રી પરભાવમાં આવી ક્વચિત્ જ આવાં અલૌકિક દર્શન કરાવે છે.

* * *

બોસ્ટનમાં સ્વામીશ્રીનું આંખનું પહેલું ઑપરેશન થઈ ગયું. તે વિચરણમાં હું એમની સાથે જ જોડાયો હતો.

ઑપરેશન પછી સ્વામીશ્રી હૉસ્પિટલના રૂમમાં પધાર્યા. સાંજના છ વાગ્યા. સ્વામીશ્રી હજી એનેસ્થેસિયાની અસર તળે ઘેનમાં જ હતા. રૂમમાં હું અને સેવકસંત જ હતા. સંત સ્વામીશ્રીના ઓશિકા પાસે ઊભા હતા. હું સ્વામીશ્રીના ચરણ બાજુ પલંગની રેલિંગ પકડી ઊભો હતો.

સ્વામીશ્રીના પલંગની જમણી બાજુમાં ઊંચા ટેબલ પર એમના જીવનપ્રાણ હરિકૃષ્ણ મહારાજને પધરાવ્યા હતા. સ્વામીશ્રી ધીરેધીરે શુદ્ધિમાં

આવી રહ્યા હતા.

'ઠાકોરજીની આરતી થઈ ગઈ ?' સ્વામીશ્રીએ અર્ધશુદ્ધિમાં જ સેવકસંતને પૂછ્યું. ઑપરેશન પછીના આ સ્વામીશ્રીના પહેલા જ શબ્દ હતા.

'બાપા, હજી છ વાગ્યા છે. સમય થયે આરતી કરી લઈશું.' સેવકસંતે જવાબ આપ્યો.

સુપુપ્ત હાલતમાં પણ સતત શ્રીજીનું જ અનુસંધાન.

પરાભક્તિની આ અપૂર્વ સ્થિતિમાં ઇષ્ટનું અવિચ્છિન્ન અનુસંધાન તે ગુણાતીત સ્થિતિની પરાકાષ્ઠા છે. જેમના અંતરમાં પોતાના ઇષ્ટદેવ સિવાય અન્ય કોઈ અનુસંધાન નથી એ જ અક્ષરનું સાચું અને શુદ્ધ સ્વરૂપ.

* * *

૧૯૮૦માં આંખના ઑપરેશન માટે સ્વામીશ્રીને બોસ્ટન(U.S.A.)માં હૉસ્પિટલમાં દાખલ કરાયેલા. દસ દિવસ પહેલાં એક આંખમાંથી ઑપરેશન કરી મોતિયો કાઢવામાં આવેલો. આ બીજું ઑપરેશન હતું. રાત્રે સ્વામીશ્રી પાસે વારાફરતી યુવકો સેવા માટે રોકાતા. તે દિવસે રાત્રે હું એમની સેવામાં રોકાયેલો. સેવકસંત પણ હતા.

સ્વામીશ્રીની બન્ને આંખે પાટા હતા અને પોઢી ગયા હતા. હું સ્વામીશ્રીના ચરણ પાસે નીચે કાર્પેટ પર સૂતેલો. પલંગની જમણી બાજુ સેવક હતા. રૂમમાં મંદ પ્રકાશ હતો.

'યોગી...' રાત્રે બે વાગ્યે સ્વામીશ્રીએ ધીમેથી સાદ કર્યો.

હરણફડકા સાથે સૂતેલા સેવક તરત બેઠા થયા. હું પણ જાગી ગયો. સ્વામીશ્રીને લઘુ કરવા જવું હતું. આવી પરિસ્થિતિમાં પણ મર્યાદાના ચુસ્ત આગ્રહી સ્વામીશ્રીએ બાથરૂમમાં જવાનો આગ્રહ રાખ્યો. અમારા બંનેના ટેકે સ્વામીશ્રી લઘુ કરી આવ્યા. હાથ ધોવડાવી એમને પલંગમાં પોઢાડ્યા. હું તદ્દન ચૂપ હતો. તેથી સ્વામીશ્રીને ખબર પડે તેમ ન હતું કે બીજો યુવક કોણ છે. છતાં પાછા પલંગ પર પોઢતાં મારું નામ લઈને એમણે મને બોલાવ્યો. મને સાનંદાશ્ચર્ય થયું.

સ્વામીશ્રી પલંગમાં ચત્તા સૂતેલા. એમણે મને પાસે બોલાવ્યો. હું સ્વામીશ્રીના પલંગની ડાબી બાજુ ગોઠણભેર બેઠો. સ્વામીશ્રીએ ડાબો હાથ મારા જમણા ખભે મૂક્યો. થોડો દબાવ્યો...

...પણ આ શું ?! કેટલી તાકાત !? મને થયું હમણાં મારો ખભો ખડી પડશે. મેં સ્વામીશ્રી સામે જોયું. તે તો મરક મરક મલકતા હતા ! ક્ષણાર્ધમાં હું પરિસ્થિતિ પામી ગયો. સ્વામીશ્રીએ મારી આંખો ખોલવા જ આ લીલા કરી હતી. એ રહસ્ય માટે દસેક દિવસ પાછળ જવું પડશે.

વાત જાણે એમ હતી કે જ્યારે સ્વામીશ્રીનું પહેલું ઑપરેશન હતું. ત્યારે એમને સ્ટ્રેચરમાં સુવાડી, એમની રૂમમાંથી ઑપરેશન થિયેટરમાં લઈ જવાતા હતા. સ્વામીશ્રીને બાટલા ચડાવેલા હતા. સ્ટરીલાઇઝ કરેલાં ભગવાં કપડાં પહેરાવ્યાં હતાં. પ્રવાસની, પધરામણીઓની હાડમારીથી દેહ દુર્બળ થયો હતો. આ બધું જોઈને ક્ષણાર્ધ માટે મને એમનામાં મનુષ્યભાવ આવી ગયેલો : 'આ મારા ગુરુ ? આ પ્રગટ બ્રહ્મસ્વરૂપ ?'

બસ ! આ રાતે મને સ્વામીશ્રીએ પ્રતીતિ કરાવી દીધી કે 'દિવ્યને વિષે તો સંશય ના જ થાય, પણ મનુષ્યચરિત્ર જે સગુણ ચરિત્ર તેને વિષે દિવ્યભાવ જણાય ત્યારે ખરો ભક્ત કહેવાય. ભગવાનમાં મનુષ્યભાવ દેખાય છે તે તો નટની માયાની પેઠે છે.'

પછી તો સ્વામીશ્રીએ ડાબા હાથે ફૂલની નજાકતથી મને ક્યાંય સુધી પસવાર્યા કર્યો. આનંદની એ અનુભૂતિ શબ્દસ્થ કરવાનું શક્ય જ નથી ! મારા જેવું ધન્યભાગ્ય કેટલાનું હશે ? એમણે મને એ રાતે ઘણીઘણી વાતો કરી : 'સાધુ થવાનો સંકલ્પ ઉત્તમ છે. પણ સાધુનું જીવન ઘણું કઠણ છે. પણ આશીર્વાદ છે. મુશ્કેલી તો પડશે પણ પાછા પડવાનું નથી. જે સંકલ્પ કર્યો છે તેને દૃઢાવ્યા કરવો... તને ગુજરાતી આવડતું નથી. મૂંઝાઈશ નહીં. ગુજરાતી બોલતો, અને કથા કરતો થઈ જઈશ.'

લગભગ પંદરેક મિનિટ સુધી બળની વાતો કરી.

મને પ્રેમાળ પિતાના વાત્સલ્યમાં નવડાવ્યો.

દિવ્યતાનો અનુભવ કરાવ્યો.

મારા જીવનની એ ધન્ય પળો હતી.

આટઆટલી બીમારીમાં પણ સામેની વ્યક્તિને ભગવાનમાં જોડવાનું જ તાન.

* * *

૧૯૭૭માં સ્વામીશ્રીની લંડન યાત્રા વખતે યુવકોએ યુવાપ્રવૃત્તિ માટે

ભંડોળ ઊભું કરવા sponsored run (પ્રાયોજિત દોડ) યોજવાનું નક્કી કરાયું.

યુવાનોની આ દોડ ૪ વેસ્ટ રોડ, હોલોવેથી ઈઝલીંગ્ટન સુધીની રાખી હતી. અંતર ૨૫ માઈલનું હતું. પાંચ કે છ સશક્ત યુવાનો ૨૫ માઈલ પૂરું દોડે એવું આયોજન થયેલું. દોડ પૂરી કરનાર યુવાનોને ઈઝલીંગ્ટન ખાતે દોડ પૂરી થાય ત્યાં યોજાયેલ જાહેરસભામાં સ્વામીશ્રી સન્માનવાના હતા. સૌ દોડના આયોજનમાં લાગી ગયા.

નિશ્ચિત સમયે દોડ શરૂ થઈ. બધાનો ઉત્સાહ અનેરો હતો. હું અને સુભાષ છેક સુધી દોડ્યા.

ઈઝલિંગ્ટન ખાતે મને તથા સુભાષને સ્વામીશ્રીએ ખૂબ ઊમળકાથી આશિષ આપ્યા. દોડ પૂરી કરનાર અન્ય યુવાનોનું પણ સન્માન થયું.

ઈઝલિંગ્ટનની સભા પછી સ્વામીશ્રી ડી.સી. પટેલને ઘરે ઠાકોરજી જમાડવા પધાર્યા. '૭૭માં સ્વામીશ્રીની વિદેશયાત્રા ખૂબ જ હાડમારી વાળી હતી. ઉતારો એક જગ્યાએ, તો જમવાનું બીજી જગ્યાએ. વચ્ચે પધરામણીઓનો અવિરત દોર તો ખરો જ. અમે થોડા યુવકો સીધા બાપાના ઉતારે ગયા. સ્વામીશ્રી આરામમાં પધારે એ પહેલાં સ્વામીશ્રી સાથે ગોઠડી કરવાનો અમારો નિત્યક્રમ.

સ્વામીશ્રી છેક રાત્રે અગિયાર વાગ્યે પધાર્યા. સીધા દીવાનખાનામાં જ્યાં અમે યુવકો બેઠા હતા ત્યાં પધાર્યા. મોટા હૉલ જેવડા દીવાનખાનાની વચ્ચે એક અર્ધચંદ્રાકાર કાળો સોફો હતો તેની વચ્ચે બેઠા. માથેથી પાઘ ઉતારી બાજુમાં મૂકી. સ્વામીશ્રી ખૂબ થાકેલા જણાતા હતા, પણ અમને જોતાં જ એમનો થાક કોણ જાણે ક્યાં અદશ્ય થઈ ગયો !! હળવાફૂલ બની અમારી સાથે વાતો કરવા માંડી.

'આજે આ બહુ દોડ્યો.' સ્વામીશ્રીએ મને ઇંગિત કરીને કહ્યું.

'બાપા ! આપના બળથી દોડાયું.' મેં જવાબ આપ્યો.

આ વાતચીત દરમ્યાન ક્યારે સ્વામીશ્રી નીચે બેસી ગયા તેનો ખ્યાલ પણ ના રહ્યો ! હું ઊભો હતો. સ્વામીશ્રી તો ચાલુ વાતચીતે મારા પગ દબાવવા મંડી પડ્યા.

'થાકી ગયો હોઈશ. ખૂબ દાખડો કર્યો...' સ્વામીશ્રી પગ દબાવતાં જ

બોલ્યા. મને ઘડીભર તો બહુ સારું લાગ્યું. પણ શું બની રહ્યું છે તેનું ભાન થતાં જ બે ડગલાં પાછળ હઠી ગયો. મેં જોયું તો સ્વામીશ્રીની આંખમાં સ્પષ્ટ અનુકંપા હતી. કેવી કરુણા ?!

ગુરુ થઈ શિષ્યના પગ દબાવે !?!

લાખો હૈયાના સમ્રાટ ગુરુવર્ય મારા જેવાની તદ્દન સાહજિકતાથી સંભાળ લે !?

૧૯૮૬માં સ્વામીશ્રી અમદાવાદ બિરાજતા હતા. એક સાંજે મંદિરમાં દર્શન કરવા પધાર્યા. પ્રદક્ષિણામાં પાછળના ભાગે શાસ્ત્રીજી મહારાજની દેરીએ દર્શન કરી યોગીજી મહારાજની દેરીએ આવતાં રસ્તામાં સ્વામીશ્રી મને કહે, 'શાંતિ ! તે દિવસે તું બહુ દોડ્યો !' મને કંઈ યાદ ના આવ્યું કે સ્વામીશ્રી ક્યારની વાત કરે છે ? પણ સ્વામીશ્રીએ તે પ્રસંગ સંભાર્યો. દસ વર્ષ પછીય સ્વામીશ્રીને એ પ્રસંગ ઇદમ્ યાદ હતો.

* * *

૧૯૭૦ની વાત છે. યોગીબાપા લંડન પધારેલા. મારી ઉંમર ત્યારે દસેક વર્ષની. યોગીબાપાનો ઉતારો ડૉલિસહીલમાં જ્યારે સ્વામીશ્રીનો ઉતારો મારા પૂર્વાશ્રમના ઘેર વેમ્બ્લીમાં. એ સમયે એક જ ગાડી સેવામાં અને તે યોગીબાપા માટે અનામત રહેતી. એટલે સવારે છ વાગ્યે સ્વામીશ્રી, મહંત સ્વામી ટેક્સીમાં ડૉલિસહીલ જાય. હું અને મારો નાનો ભાઈ પણ સ્વામીશ્રીની સાથે જ ટૅક્સીમાં ગોઠવાઈ જઈએ. આ ઉપરાંત કેટલાક હરિભક્તો તથા યુવકો પણ એ જ ટૅક્સીમાં ગોઠવાઈ જતા. સંકડાશ ખૂબ પડે. એટલે હું અને મારો ભાઈ તો સ્વામીશ્રીના તથા મહંત સ્વામીના ખોળામાં બેસી જઈએ. કોણ કોના ખોળામાં બેસે તે માટે અમે બે ભાઈઓએ તો વારા પાડી દીધેલા. અમને બાળકોને તો જાણે ગોળનું ગાડું મળ્યું : એટલે સ્વામીશ્રીને પડતા ભીડા વિષે વિચારવા અમારું બાળમાનસ તૈયાર નહોતું. સ્વામીશ્રી પણ સાવ ઓછાબોલા. સ્વામીશ્રીનો ઓછાબોલો સ્વભાવ અમારા બાળમંડળમાં ચર્ચાનો વિષય બની રહેલો.

ડૉલિસહીલ ખાતે યોગીબાપાની પૂજા પછી સ્વામીશ્રી ચૂપચાપ એમના કામે લાગી જતા. એક દિવસ યોગીબાપાની પૂજા પછી કોઈને સ્વામીશ્રીનું કંઈ કામ પડ્યું. સ્વામીશ્રી ઉપરના માળે હતા. અમને સ્વામીશ્રીને બોલાવી

લાવવા આજ્ઞા થઈ. હું અને યોગેશ અતિ ઉત્સાહમાં સ્વામીશ્રીને બોલાવવા ઊપડ્યા. દાદર ચડતાં ચડતાં જ અમે 'એય... પ્રમુખ ...એય ...પ્રમુખ' બૂમો પાડવા લાગ્યા. અમે હજી દાદર પૂરો ચડીએ એ પહેલાં જ સ્વામીશ્રી દાદર પાસે આવીને ઊભા રહેલા હતા.

'કોણ બોલાવે છે ?' મંદ સ્મિત કરતાં કરતાં સ્વામીશ્રીએ પૂછ્યું. હું અને યોગેશ તો સડક જ થઈ ગયા ! નાદાનિયતમાં અતિ ઉત્સાહથી સ્વામીશ્રીને તુંકારે બોલાવ્યા તે સ્વામીશ્રી સાંભળી ગયેલા. કાપો તો લોહી ના નીકળે તેવી અમારી હાલત હતી. પણ સ્વામીશ્રી તો અમારા માથે હાથ પસવારી મંદ મંદ હસતાં દાદરો ઊતરી ગયા.

માન-અપમાનથી પર એવા આ મહાપુરુષ પ્રત્યે અમારા બાળમાનસમાં માન પેદા થયું.

* * *

વાત મારા પૂર્વાશ્રમના જીવનની છે. કિશોરાવસ્થામાં generation gapને કારણે મને થતું કે કોઈ મને સમજતા નથી, ને ઘરમાં બધાંને લાગતું કે હું એમના કહ્યામાં નથી.

'સ્વામીશ્રીને લંડન પધારવા દે ત્યારે તારી વાત છે. તારી બધી જ ફરિયાદ કરી દઈશું.' આ ધમકી મને હંમેશાં મળતી.

છેવટે એ દિવસ પણ આવી પહોંચ્યો. સ્વામીશ્રી લંડન પધાર્યા. ૧૯૭૭ની એ વિદેશયાત્રા અનેક રીતે ઐતિહાસિક હતી. પાર વગરની પધરામણીઓ, ખાનગી મુલાકાતો પણ ઘણી બધી, અને એમાંય વળી દર્શનાર્થીઓની અવિરત વણઝાર ! સ્વામીશ્રીએ બીજે જ દિવસે ઠાકોરજી અમારા ઘેર જમાડ્યા. લાંબી હવાઈયાત્રા પછીનો પ્રથમ દિવસ એટલે સ્વામીશ્રીને Jetlegની પીડા પણ ખરી. આરામ માટે પધાર્યા ત્યારે સ્વામીશ્રી થાકેલા હતા.

પણ સ્વામીશ્રી જેવા આરામ માટે પધાર્યા કે ઘરના વડીલ અંદર ગયા. વીસેક મિનિટ પછી બહાર આવ્યા. હું પણ મનોમન બચાવના મુદ્દા ગોઠવી તૈયાર જ હતો. થોડી અવઢવ પછી હું અંદર ગયો. બેડરૂમના દરવાજાની સામે જ મોટી બારી હતી. સ્વામીશ્રી બારી તરફ પડખું ફરીને પોઢેલા.

'સ્વામી !' મેં ધીમેથી કહ્યું. જાણે મારા આવવાની જ રાહ જોઈ રહ્યા

હોય એમ સ્વામીશ્રી પડખું ફર્યા.

'કોણ એ ?'

'એ તો હું.' મેં જવાબ આપ્યો. સ્વામીશ્રી તરત બેઠા થયા. મને પાસે બેસાડ્યો. મારી પીઠ પસવારતા જાય અને મારા અભ્યાસ, રમતગમત, સત્સંગ પ્રવૃત્તિ વિષે પ્રેમથી પૂછતા જાય. મારા વિષેની ફરિયાદોનો ઉલ્લેખ સુધ્ધાં ના કર્યો.

ના કોઈ શિખામણ આપી. ના તો કોઈ બોધ આપ્યો. આપ્યું માત્ર વાત્સલ્ય ! પ્રેમાળ પિતાની અનુભૂતિ કરાવી.

વીસ મિનિટ પછી હું હળવોફૂલ થઈને બહાર આવ્યો. મારી તો જાણે કાયાપલટ થઈ ગઈ હતી. મને ખાત્રી થઈ ગઈ કે સ્વામી મારા છે. મને સાંભળે છે. મને સમજી શકે છે. સ્વામી જ મારા સાચા સગા છે !

ખરેખર ! સ્વામીશ્રી હેતાળ પિતા બની ગયા. મારા દોષ તો જાણે જોયા જ નહીં. 'સૂણી પારકા દોષને દાટે, તે જીવનાં રૂડા થવા માટે...'

* * *

૧૯૮૦, સ્વામીશ્રી લંડન પધાર્યા. સ્વાગતસભા મંદિરના હૉલમાં જ રાખવામાં આવેલી. હૉલ નાનો પડતો, પણ એ વખતે બીજો કોઈ પર્યાય નહોતો. જગ્યા મેળવવા માટે હું મોડો પડેલો. હવે તો નીચે જ સભા માણવી પડશે અને એ ખ્યાલથી નાસીપાસ થઈને નીચે જવાની તૈયારી કરતો હતો ત્યાં જ સ્ટેજ પર ચડવાનાં પગથિયાં પર અન્ય યુવકને બેઠેલો જોઈ હું પણ ત્યાં બેઠો. આટલી સરસ જગ્યા મળી ગઈ એનો આનંદ હતો.

આરતી પછી અષ્ટકગાન ચાલુ થયું. સ્વામીશ્રીએ દંડવત્ કરવા માંડ્યા. સ્વામીશ્રીના ચરણ બિલકુલ અમારી પાસે જ આવતા હતા. દીપકનો કૅમેરો લઈ મેં ફોટો પાડી લીધો. ફ્લેશના ઝબકારાથી સ્વામીશ્રી પરિસ્થિતિ પામી ગયા. અને સ્ફૂર્તિથી ઊભા થઈ ગયા. અમારી બાજુ ફર્યા. એમની આંખમાં પુણ્યપ્રકોપ હતો. મોં પણ લાલચોળ થઈ ગયેલું. અમને કેટલુંય સંભળાવી દીધું.

'કંઈ ભાન પડે છે... આ રીતે ફોટો પડાય ?... તમને સ્ટેજ પર કોણે આવવા દીધા ?...' કંઈ કેટલોય ઠપકો સ્વામીશ્રીએ અમને આપી દીધો. આ બાજુ સભામાં અષ્ટકગાન ચાલુ હતું. સ્વામીશ્રી સ્ટેજ પર અમારા પર

પુણ્યપ્રકોપ ઠાલવી રહ્યા હતા. તેથી આખી સભાનું ધ્યાન અમારા તરફ હતું. એમણે આત્મસ્વરૂપ સ્વામી તથા યોગીચરણ સ્વામીને પણ ઠપકો આપ્યો.

'તમે શું ધ્યાન રાખો છો ? મારા પગનો ફોટો લીધો ત્યાં સુધી તમે શું કર્યું ?...' વળી પાછા અમારા તરફ સ્વામીશ્રી ફર્યા : 'કૅમેરો લાવ !' પણ મેં કૅમેરો છાતીએ વળગાડી ઈન્કારસૂચક ચેષ્ટા કરી.

'એમાંથી રોલ કાઢી આપ.'

મેં ડોકું ધુણાવી ના પાડતાં કૅમેરો વધુ સજ્જડ રીતે છાતીએ ચાંપ્યો.

આ વાત ત્યાં જ અટકી. સભા આગળ ચાલુ થઈ. હું રોલ નહીં આપવા કૃતનિશ્ચયી હતો. બાળહઠ હતી. વાતની ગંભીરતા મને કળાઈ નહોતી, કારણ કે સંપ્રદાયની પ્રણાલીથી હું અજાણ હતો.

'ભગવાન તો એક જ - સ્વામિનારાયણ-શ્રીજીમહારાજ !' પ્રેમના આવેશમાં મહારાજની ગૌણતા ચલાવી ના જ લેવાય. ઉપાસના શુદ્ધ રાખવી. આ વાત મને પાછળથી સમજાઈ.

સભા પછી સ્વામીશ્રી નરેશભાઈ કોલોરામાવાળાને ત્યાં ઉતારે પધાર્યા. અમે કેટલાક યુવકો પણ સ્વામીશ્રીના ઉતારે પહોંચી ગયા.

એમના આસનથી માંડ ચારેક ફૂટના અંતરે હું બેઠો. યુવાનો સાથે સ્વામીશ્રી વાતોએ વળગ્યા. એક યુવક મને ઈંગિત કરીને બોલ્યો : 'સ્વામી ! ગઈકાલ સુધી આના વાળ ખભા સુધી આવે એટલા લાંબા હતા, પણ તમે પધારવાના હતા એટલે કપાવી નાંખ્યા.' આ સાંભળતાં જ સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. મારા મનનો ડર આ સાથે જ નીકળી ગયો. હું પણ હળવોફૂલ થઈ ગયો.

પછી તો સ્વામીશ્રીએ મને મારા અભ્યાસ વિષે પૂછ્યું : 'શું ભણે છે ? પરીક્ષા કેવી ગઈ ? હવે ક્યાં ભણવું છે ?' અનેક પ્રશ્નો પૂછ્યા પછી સ્વામીશ્રી કહે : 'સાચી વિદ્યા બ્રહ્મવિદ્યા છે. ભણવા જેવી એ એક બ્રહ્મવિદ્યા જ છે. ભક્તિ કરવી તો સાચી ભક્તિ કરવી. સાધુ થશો તો જ બ્રહ્મવિદ્યા ભણાય...'

મને સ્વામીશ્રીના વ્યક્તિત્વના નવા જ પાસાનાં દર્શન થયાં. સાચા સ્થિતપ્રજ્ઞ સિવાય ગુસ્સા પર સહજ કાબૂ રાખવો દુષ્કર છે.

* * *

૧૯૮૦, જહોનિસબર્ગના વિચરણ દરમ્યાનનો આ પ્રસંગ છે. સ્વામીશ્રી

બપોર પછી પધરામણીએ નીકળ્યા ત્યારે બે ગાડીઓ જ સેવામાં હતી. એકમાં સ્વામીશ્રી અને સેવકસંતો. બીજીમાં અમે યુવાનો અને હરિભક્તો. એક તો જહોનિસબર્ગની ગરમી. બપોરે મને જમવાનું અનુકૂળ નહીં આવેલું તેથી ભૂખ પણ લાગી હતી. તરસ પણ ખરી જ. મનમાં થોડી લાલચ કે કો'ક હરિભક્તને ઘેર પધરામણીમાં અલ્પાહાર અને પાણી તો મળશે જ.

પણ ૫ થી ૬ પધરામણીઓ થઈ ત્યાં સુધી અલ્પાહાર તો ઠીક પણ પાણી સુધ્ધાં ના મળ્યું. કારણ પધરામણીઓ કાં તો દુકાનમાં હોય કે કાં ફેક્ટરીમાં હોય.

તરસે મારો કંઠ શોષાતો હતો. એવામાં સ્વામીશ્રીની પધરામણી એક હરિભક્તના ઘેર થઈ. તેમના રસોડામાં અમારા બધા માટે કોલ્ડ્રિંક જોઈને આનંદ આનંદ થઈ ગયો. મેં ગ્લાસ ભરેલી ટ્રે ઠાકોરજી સામે ધરી.

'આખી ટ્રે ધરાવાય ? એક ગ્લાસ લઈને ઠાકોરજીને ધરાવ.' સતત ઠાકોરજીના અનુસંધાનમાં રાચતા સ્વામીશ્રીથી આ ટકોર સહજ જ થઈ ગઈ. સ્વામીશ્રીએ જાતે એક ગ્લાસ ઠાકોરજીને ધરાવ્યો. હરિભક્તોને વહેંચવાની આજ્ઞા કરી. એક ગ્લાસ જ વધેલો તે લઈને જેવો હું મોંએ માંડવા ગયો કે સ્વામીશ્રીએ કહ્યું, 'રહેવા દે, તારા માટે નથી, બહાર ગાડીના ડ્રાઇવરને એક ગ્લાસ આપી આવ.'

કરુણાસાગર સ્વામીશ્રી જોગમાં આવેલા હબસી ડ્રાઇવરને કેમ ભૂલે ?

કચવાતે મને હું તે શરબત બહાર ડ્રાઇવરને આપી આવ્યો.

'જા, બહાર બેસ. ગ્લાસ ખાલી થાય એટલે પાછો લઈને આવ.'

હું તરસ્યો જ રહ્યો. પણ મને સ્વામીશ્રીએ આ પ્રસંગથી ઘણું બધું શીખવ્યું. આજ્ઞા પળાવી. હબસી ડ્રાઇવરને યાદ કરી શરબત અપાવ્યું. નાનામાં નાના માણસને પણ સ્વામીશ્રી મહત્ત્વ આપે છે.

મને તપનું અંગ કેળવવાનો આ પહેલો પાઠ હશે કે શું ?

* * *

૧૯૮૬, સ્વામીશ્રી અમદાવાદ બિરાજતા હતા. સ્વામીશ્રીના એ રોકાણ દરમ્યાન મારી સેવા કારપાર્કિંગ તથા બૂટચંપલ વિભાગમાં હતી.

દરરોજ એક વિભાગના ઇન્ચાર્જ સંતો તથા સ્વયંસેવકોને સ્વામીશ્રી સાથે મુલાકાતનો કાર્યક્રમ રહેતો. તે દિવસે આ બે વિભાગોનો વારો હતો. જેમાં

સોથીય વધુ સ્વયંસેવકો હતા. હું બધાને નામથી ના ઓળખું. સ્વામીશ્રીને પ્રત્યેકનો વ્યક્તિગત પરિચય તો કરાવવો જ પડે. જે વીસ-પચીસ સ્વયંસેવકોને હું નામથી ઓળખતો હતો તેમને આગળ બેસાડ્યા. બાકીના ઉતાવળમાં સ્વામીશ્રી પાસેથી પસાર થઈ જાય તો પરિચય ન આપવો પડે.

સમય થતાં હું સ્વામીશ્રીના ઉતારે પહોંચ્યો. ઉતારો કોઠાર સામે મંદિરના પાછળના ભાગે આવેલ ખંડમાં હતો.

યુવકો ક્રમમાં આવીને, સ્વામીશ્રીનું અભિવાદન કરીને આયોજન મુજબ બેઠા. હું સ્વામીશ્રી પાસે બેઠો. વિભાગીય કાર્યવાહીનો ટૂંકમાં પરિચય આપ્યો. કારપાર્કિંગ તથા બૂટચંપલ વિભાગની સેવા કરનાર સ્વયંસેવકોને સ્વામીશ્રીની સભા કે અન્ય કાર્યક્રમોનો લાભ તો ના જ મળે. એ રીતે જોતાં આ સેવા થોડી વિશિષ્ટ. આથી સ્વામીશ્રીએ ખૂબ રાજી થકા આશીર્વાદ આપ્યા.

હવે મારી કસોટી શરૂ થઈ. એક પછી એક યુવક સ્વામીશ્રી પાસે આવે. વ્યક્તિગત ચરણસ્પર્શ કરે. એ દરમ્યાન હું એ યુવકનો પરિચય આપું. એક પછી એક યુવક આવતા ગયા, હું પરિચય આપતો ગયો... પણ મારો ક્વોટા તો ખૂટ્યો. સ્વામીશ્રીને તો જાણે કે જરાય ઉતાવળ નહોતી. નિરાંતે એક પછી એક યુવકને રાજી થકા આશીર્વાદ આપતા હતા. ઉતાવળ હોય પણ કેમ ? આવી સેવા કરનાર તો સ્વામીશ્રી માટે માથાનો મુગટ જાણે ! પણ... મને મૂંઝવણ વધી ગઈ. હું વ્યક્તિગત ઓળખતો હોઉં તો પરિચય આપું ને ? બે-ત્રણ યુવકો એમ જ આશીર્વાદ લઈને ગયા.

'બોલ, પરિચય આપ ! ચૂપ કેમ થઈ ગયો ?' સ્વામીશ્રીએ મને હસતાં હસતાં ટકોર કરી !

હું ખસિયાણો પડી ગયો. સ્વામીશ્રી મારી મૂંઝવણ કળી ગયા.

યુવકો બધા આશીર્વાદ લઈને ગયા. ખંડમાં હું અને કેટલાક સંતો જ સ્વામીશ્રી પાસે રહ્યા.

'શાંતિ ! હવે સમજી રાખવું. આપણા કોન્ટેક્ટમાં જે કોઈ હરિભક્ત આવે તેનું નામ અને ગામ જાણી રાખવું. એના કુટુંબમાં કેટલા છોકરા છે, તેઓ શું ભણે છે ? લગ્ન ક્યાં થયાં છે ? તે બધું જાણી રાખવું. કુટુંબમાં કઈ રીતે સત્સંગ થયો તે પણ જાણી લેવું. જૂના હરિભક્ત હોય તો શાસ્ત્રીજી મહારાજની અને યોગીજી મહારાજની કેવી સેવા કરી છે તે પણ જાણી લેવું.

મહિમા સમજવો.'

'પણ બાપા, આટલું બધું ક્યાંથી યાદ રહે ?' મેં કહ્યું.

'તેં પ્રયત્ન કર્યો ?'

'ના.'

'તો પુરુષપ્રયત્ન તો કર. આપોઆપ યાદ રહી જશે.'

સ્વામીશ્રીને મન સત્સંગીમાત્ર કુટુંબનો સભ્ય છે એવો મહિમા. વળી એ ભાવના કે હરિભક્તો સાથે સંતોને ઘનિષ્ટ સંબંધ હશે તો તે હરિભક્ત સત્સંગમાંથી પાછો નહીં પડે.

મહારાજે કહ્યું છે ને કે અમે તો સત્સંગીના સત્સંગી છીએ !

* * *